જૈન

યાને

જૈન શ્વે. તેરાપંથી ધર્મ

પ્રકાશક

શા. કસ્તુરચંદજી સુરજમલજી ચોધરી

બરનગર (માલવા)

મુદ્રક

નટવર એમ. વીમાવાળા

"ગાંડીવ" મુદ્રણાલય, હવાડિયા ચકલો, સુરત.

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૮૦	૧૫	નીદુ છુ	નિંદુ છુ
૮૦	છેલ્લી	હું નીદુ છુ	હું નિંદુ છું
૮૧	૫	નાનાલાયક	નાલાયક
૮૨	૧૭	અજાણ્યુ	અજાણ્યું
૮૨	૨૩	હાંડકા	હાડકા
૮૭	૨	રામચંદ	રામચંદ્ર
૮૭	૧૩	અકાન્તીક	એકાંન્તીક
,,	,,	દુખનો	દુઃખનો
૯૧	૬	કરૂ છુ	કરૂં છું
૯૨	૧	કરૂ	કરૂં

સાવદ્ય

જૈન પ્રવચન વર્ષ ૧૨મું અંક ૨૫-૨૬ ચૈત્ર સુદ ૯ તા. ૬-૪-૪૧ પાનુ ૨૮૦

સાધુઓ માટે કંઈ પણ **સાવદ્ય** કહેવું એ કોઈ પણ રીતે કલ્પે નહી.

હીંસા

શ્રી જીનેશ્વરદેવનું પુજન કરનાર, એતારકની આજ્ઞાને કલ્યાણકર માનનાર, અને બાર વ્રતને ધારણ કરનાર એવા પણ શ્રાવકો તપાવેલા લોઢાના ગોળાની ઉપમાંથી બાકાત રહી જતા નથી કારણ કે તે જ્યાં જાય ત્યાં જીવોની વીરાધના તો એના કપાળે લખાયેલી જ છે ને! છકાયની વીરાધના વિના તો એ જીવતો જ નથી

નીસિહી

શ્રાદ્ધ વિધી ભાષાંતર રચનાર શ્રીમદ શ્રી બુદ્ધીસાગરસુરી પાનુ ૧૬૧ ચૈત્યવંદન કરવા સમયે દ્રવ્ય પૂજાનો **ત્યાગ** કરવા રૂપ ત્રીજી નીસિહી જાણવી.

અનુક્રમણીકા

શુદ્ધિપત્ર

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૭	વિનંતિ	વીનતી
૬	૧૩	ને	તે
૬	છેલ્લી	માગ	માર્ગ
૧૬	૧૧	વગ	વર્ગ
૨૩	૨	સ્વરૂપ	સ્વરૂપ
૨૩	૧૨	ભગવાવ	ભગવાન
૨૪	૨૨	પચ્ચુખાણ	પચ્ચખાણ
૨૫	૨	આત્માનુ	આત્માનું
૩૧	૮	આગષ્ટ	ઓગષ્ટ
૧	૩	આચાય	આચાર્ય
૨	૧	સવ	સર્વ
૨	૧૦	નિદે	નિર્દે
૯	૩	પ્રકારતા	પ્રકારના
૯	૧૦	તદન	તદ્દન
૯	૧૫	સ્વચ્છદી	સ્વચ્છંદી
૧૨	૪	હીસા	ડીસા
૧૪	૧	સુદર	સુંદર
૧૮	૧૩	તીર્થકરો	તીર્થંકરો
૨૨	૧૮	ઉધીપ્રવતી	ઉંધી
૨૩	૨૧	શમાધાનકાર	સમાધાનકાર
૨૪	૨૦	બીજાથી	બીજાની

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૮૦	૧૫	નીદુ છુ	નિંદુ છુ
૮૦	છેલ્લી	હું નીદુ છુ	હું નિંદુ છું
૮૧	૫	નાનાલાયક	નાલાયક
૮૨	૧૭	અજાણ્યુ	અજાણ્યું
૮૨	૨૩	હાંડકા	હાડકા
૮૭	૨	રામચંદ	રામચંદ્ર
૮૭	૧૩	અકાન્તીક	એકાંન્તીક
”	”	દુખનો	દુ:ખનો
૯૧	૬	કરૂ છુ	કરૂં છું
૯૨	૧	કરૂ	કરૂં



અર્પણ પત્રિકા

શ્રીમદ્ રાજચંદ્રજીને અર્પણ!

જૈન શ્વેતાંબર અને જૈન દિગંબર સંપ્રદાયોમાં તેમજ જૈનેત્તર સંપ્રદાયોમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું નામ ઘણું જાણીતું છે. એક જ્ઞાની પુરૂષ તરીકે તેમની ખ્યાતિ વિશેષ છે. શ્રીમદ્ રાજચંદ્રજી તે સ્થાનકવાસી જૈન હતા કે મૂર્તિપૂજક શ્વેતાંબર હતા કે દિગંબર જૈન હતા કે વેદાંતી હતા. એ પ્રશ્નનો ઉકેલ આજ સુધી થઈ શકયો નથી. જ્ઞાની પુરૂષો તો સઘળી સંપ્રદાયમાં હોય છે અને તેનાથી નિરાળા પણ હોય છે. તેમ છતાં જે સંપ્રદાયમાં જેટલા પ્રમાણમાં નિજ સ્વરૂપનું આરાધન થતું હોય તે સંપ્રદાયમાં તેટલા પ્રમાણમાં હતા. આ કાળે આદેશે નિજ સ્વરૂપનું એટલે આત્માનું આરાધન કહો કે શુદ્ધ

ચારિત્ર ધર્મનું આરાધન કહો તે જૈન શ્વેતાંબર તેરાપંથમાં વિશેષે કરીને થઈ રહ્યું છે માટે શ્રીમદ્ રાજચંદ્રજી જૈન શ્વેતાંબર તેરાપંથમાં વિશેષે કરીને હતા. શ્રીમદ્ રાજચંદ્રજીનો ઉદય જૈન શ્વેતાંબર તેરાપંથમાંથી શ્રી સૌભાગ્યચંદભાઈ મારફતે મળેલા 'બીજ જ્ઞાન' કે 'સમકિત'માંથી થયો. આ હકીકત મોરબી નિવાસી કર્મગ્રંથના પ્રખર અભ્યાસી અને શ્રીમદ્ રાજચંદ્રજીને પરમેશ્વર તુલ્ય માનવાવાળા મહાનુભાવ શ્રી ધારશીભાઈ કુશલચંદ સંઘવીજી વારંવાર કહી સંભળાવતા હતા. આ વસ્તુ દરેક મુમુક્ષુ જીવે સમજવા યોગ્ય છે, અંતરમાં ઉતારવા યોગ્ય છે.

કાઠિઆવાડના ઝાલાવાડ પ્રાંતમાં શ્રી લાલજી મહારાજ કે શ્રી લાલા ભગતનું સાયલા ગામ કે ભગતનું ગામ ઘણું જાણીતું છે કે જ્યાં જૈન દશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં ઉત્પન્ન થએલા શ્રી લાલા ભગતમાં શ્રી રામની અનન્ય ભક્તિનો પરમોદય થયો હતો. શ્રી લાલા ભગતના આ સાયલા ગામમાં શ્રી લલ્લુભાઈ નામે આગેવાન જૈન વણિક શેઠ હતા, પૂર્વ પૂણ્યનો ઉદય નબળો થતાં એમની પાસેથી લક્ષ્મીનું સાધન ચાલ્યું ગયું. આવી સ્થિતિમાં એમને સાયલામાં રહેવાનું ઠીક લાગ્યું નહિ. તેથી સાયલા છોડીને મારવાડ તરફ એવી માન્યતાથી ગયા કે ત્યાં મેલા કપડાવાલા જૈન શ્વેતાંબર તેરાપંથના મહાક્રિયાપાત્રો અને મહા પંડિત જૈનચાર્યજી પૂજ્યજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી જીતમલજી સ્વામી બિરાજે છે. આ સાધુઓ શુદ્ધ

ચારિત્ર ધર્મનું પાલન કરનારા હોવાથી એમની પાસે કોઈ મંત્ર, તંત્ર, રિદ્ધિ, સિદ્ધિનું સાધન હોવું જોઈએ. 'કે' જે મંત્ર સાધનાના બળથી હજારો લોકો એમની આજુબાજુ રહ્યા જ કરે છે. જે એમની પાસે જાય છે તે આંધળું ભીંત બની જાય છે અને જૈન તેરાપંથનો સ્વીકાર કરી લે છે. શ્રી લલ્લુભાઈ મારવાડના થલી પ્રદેશમાં ગયા. ત્યાં કેટલાક દિવસ સેવા કરી. પછી પૂજ્યજી પરમેશ્વરને એકાંતમાં મળીને પોતાની આર્થિક સ્થિતિની નબળાઈની વાત કરી અને પોતાની આર્થિક સ્થિતિ સુધરી શકે એવો કોઈ ઉપાય હોય તો તેની માંગણી કરી. આથી શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરનારા મહાપુરૂષે સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધું કે અમારી પાસે તો આત્માને નિર્મલ બનાવવાનું સાધન છે અને તે શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન છે. એજ આત્માનું સાચું આરાધન છે. એજ જન્મમરણના દુ:ખમાંથી મુકત કરાવનારો એકજ મહાન્ ઉપાય છે આ સિવાય અમે બીજું કોઈ આરાધન માનતાજ નથી. ત્યારે શ્રી લલ્લુભાઈએ વિનતિ કરી કે મને આત્માનું કલ્યાણ થાય એવું કાંઈ શિખવો તે ઉપરથી પૂજ્યજી, પરમેશ્વરે શ્રી લલ્લુભાઈ શેઠને 'બીજ જ્ઞાન' કે 'સમકિત'નો ઉપદેશ કર્યો. અને ફરમાવ્યું કે આ 'બીજ જ્ઞાન' કોઈ ભવ્ય આત્માને બતાવશો તો તેના આત્માનો ઉધ્ધાર થશે પછી દેશકાળે પલટો ખાતાં શ્રી લલ્લુભાઈ શેઠ મારવાડમાંથી સાયલે આવ્યા અને સમય વિચારીને પોતાને મળેલું 'બીજ જ્ઞાન' પોતાના પુત્રરત્ન શ્રી સૌભાગ્યચંદને આપ્યું અને

સાથે સમજાવ્યું કે જો કોઈ ભવ્ય જીવ જોવામાં આવે તો તેમને આ 'બીજજ્ઞાન' આપવું કે જેથી એના આત્માનો ઉદ્ધાર થાય. એ પછી શ્રી સૌભાગ્યભાઇએ પોતાના પિતાશ્રી લલ્લુભાઇ શેઠને પૂછયું કે મોરબીના વવાણીઆ બંદરના રહેવાશી કવિરાજ શ્રી રાજચંદ્રજી કે જેઓ અજોડ ધારણાશક્તિ ધરાવે છે અને બહુ જ યોગ્ય પુરૂષ તરીકે પંકાય છે અને હાલમાં મોરબી આવેલા છે અને મારે તરતમાં મોરબી જવાનું છે તો હું આ જૈન શ્વેતાંબર તેરાપંથમાંથી મળેલું 'બીજજ્ઞાન' એમને બતાવું ? શ્રી લલ્લુભાઈ શેઠે તેમ કરવાની હા પાડી. શ્રી સૌભાગ્યભાઈ મોરબી આવ્યા અને કવિરાજ શ્રી રાજચંદ્રજીને મળ્યા અને પોતાની પાસેનું 'બીજજ્ઞાન' એમને બતાવ્યું. ત્યારથી કવિરાજ શ્રી રાજચંદ્રજીનો આત્મા દિન પ્રતિદિન સાવદ્ય કરણીમાંથી નિરવદ્ય કરણી તરફ વળ્યો. એમની સ્વયમેવ ખ્યાતિ થઈ અને શ્રીમદ્ રાજચંદ્રજી તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

આ રીતે જૈન શ્વેતાંબર તેરાપંથમાંથી જેમનો ઉદય થયો છે એવા શ્રીમદ્ રાજચંદ્રજીને આ પુસ્તિકા સાદર અર્પણ કરવાની અમે તક લઇએ છીએ.

પ્રસ્તાવના

કેટલાક ભાઈઓ પૂછે છે કે જૈન શ્વેતાંબર તેરાપંથ એ શું છે? એ તે કોઈ ગચ્છ છે? કોઈ મત છે? કોઈ વાડો છે? કે કોઈ સંઘાડો કે સંપ્રદાય છે? એ તે છે શું? આવા પ્રશ્ન પૂછનારા ભાગ્યશાળી બંધુઓએ સમજવું જોઈએ કે જૈન શ્વેતાંબર તેરાપંથ એ કોઇ ગચ્છ નથી કોઈ મત નથી કોઈ વાડો નથી, કોઇ 'સંઘાડો નથી કે કોઈ સંપ્રદાય નથી પણ અનાદિ કાળથી ચાલતું આવેલું અને સર્વજ્ઞદેવે ફરમાવેલું 'જીનશાસન' છે. જીન-શાસનનો પ્રકાશ ભગવાન જીનદેવોએ કરેલો છે તેથી તે સર્વાંગ સંપૂર્ણ પ્રમાણિક છે એમાં શંકાને લેશ પણ સ્થાન નથી. પણ આ દુનિયામાં જે નાના પ્રકારના ગચ્છ મત વાડા, સંઘાડા અને સંપ્રદાયો ચાલી રહ્યા છે તે તો છદમસ્થ જીવોએ કોઇને કોઈ કારણે પાથરેલી સોનેરી જાળો છે. આવી મતગચ્છરૂપી જાળોમાં ભોળાં ભટાક જીવો ફસાય છે.

ભગવાન સર્વજ્ઞ દેવોએ જે પવિત્ર જીન શાસનનો પ્રકાશ અનાદિકાળથી કરેલો છે તે પ્રકાશ તો સાશ્વત છે અને પ્રાણીમાત્રને કલ્યાણનું કારણ છે, પરમ શાંતિનું કારણ છે, અનંત સુખનું કારણ છે, નિર્માણનું કારણ છે, મોક્ષનું કારણ છે. આવું પવિત્ર જીનશાસન તો જગતમાં રહેલા પ્રાણીમાત્રને અભય આપનારૂં છે. એથી જીન-શાસન'ની તુલનામાં ગચ્છ, મત, વાડા સંઘાડા કે સંપ્રદાયો

આવી શકે જ નહિ ! ભલે તેવા ગચ્છ મતની જાળ ફેલાવનારાઓ જીન ભગવાનનું કે જીનશાસનનું નામ આપે તેથી તે જીનશાસન કહી શકાતું નથી. જીનશાસનને તો સાક્ષાત્ જીનદેવોએ પ્રકાશેલું છે ત્યારે ગચ્છ, મત, વાડા, સંઘાડા, સંપ્રદાયો અને પક્ષભેદોને તો કોઈને કોઈ કારણ મળી આવતાં છદ્મસ્થ જીવોએ પોતાના છદ્મસ્થપણાને વશ થઈને કાઢેલા છે અને તેવા ગચ્છમતના પ્રવર્તક છદ્મસ્થ જીવોમાં હેત, પ્રીત, લાગણી કે મોહ રાગવાળા જીવો વળગી રહ્યા છે. ગચ્છમતના ચલાવનારાઓ ગમે તેવા પંડિત હોય તો પણ તેઓ છદ્મસ્થ જ હતા પણ સર્વજ્ઞતો નજ હતા. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર છે. તેથી છદ્મસ્થ પછી તે ગમે તેવો વિદ્વાન કે પંડિત હોય તો પણ તે કયારે અને કયાં ભૂલ કરી બેસે છે ને કહી શકાય જ નહિ. ત્યારે પરમકૃપાલુ વીતરાગદેવમાં તો તેવી કોઇપણ પ્રકારની ભૂલનો લેશ પણ સંભવ જ હોતો નથી. એથીજ શ્રી વીતરાગદેવનાં સર્વ વચનો ત્રિકાલાબાધિત છે અને સર્વાંગ સંપૂર્ણ પ્રામાણિક છે અને છદ્મસ્થોનાં વચનો કોઈને કોઈ સ્થળે છદ્મસ્થ હોવાને કારણે ભૂલ હોવાનો સંભવ હોવાથી સર્વાંગ સંપૂર્ણ પ્રામાણિક નથી માટે સંપૂર્ણ વિશ્વાસ તો કેવલ શ્રી સર્વજ્ઞ વીતરાગ દેવોનાં વચનો ઉપર જ મૂકી શકાય. પણ ગમે તેવા પંડિત હોય તો પણ છદ્મસ્થોના વચનો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી શકાય નહિ. માટે સર્વજ્ઞ દેવનાં વચનો જ સર્વાંગ સંપૂર્ણ પ્રમાણ ભૂત છે. સર્વજ્ઞ દેવોએ ફરમાવેલો મોક્ષનો માર્ગ

કે મોક્ષનો પંથ એજ ખરો પંથ છે. એથીજ સર્વજ્ઞદેવે પ્રકાશેલા પંથને સમજુ લોકો કહે છે કે પ્રભુ આ પંથ તારો છે. હે પ્રભુ અમે તારેજ પંથે ચાલીએ છીએ. હે પ્રભુ અમે જે પંથમાં ચાલી રહ્યા છીએ તે પંથ તારોજ છે. હે પ્રભુ યહ પંથ તેરા હે આનું નામ જ જૈન શ્વેતાંબર તેરાપંથ છે. એથી સ્પષ્ટ જાય છે કે એ કોઈ ગચ્છ નથી. કોઈ મત નથી, કોઇ વાડો નથી કોઈ સંઘાડો નથી, કોઇ સંપ્રદાય નથી, કોઈ પક્ષભેદ કે મતભેદ નથી પણ કેવલ અનાદિ કાલથી ચાલ્યું આવતું પરમ પવિત્ર ‘જીનશાસન’ છે કે જે જીનશાસન સદાય જયંતુ વરતે છે. જીનશાસનમાં જીનદેવે મુખ્ય તેર વસ્તુઓનું અરાધન કરવાનું ફરમાવેલું છે. આમાં પાંચ મહાવ્રત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે. આ રીતે પંચમહાવ્રત અને અષ્ટ પ્રવચન માતાનું અરાધન કરીને અનંતા જીવો આ સંસાર સમુદ્રથી પાર ઉતરીને નિર્વિઘ્ને મોક્ષ નગરીમાં સાશ્વત જીવન જીવવા માટે પધારેલા છે. આ તેર પદાર્થનું આરાધન કરવુ એનું નામજ ચારિત્ર ધર્મ છે. ધર્મનું આરાધન કરવાથીજ આત્માને વળગેલાં કર્મોની નિર્જરા થાય છે, આત્મા નિર્મલ થાય છે, આત્મા સર્વાંગ સંપૂર્ણ કર્મમલ રહિત થાય છે અને મોક્ષ કે નિર્વાણપદને પામે છે. આવી જાતના ચારિત્ર ધર્મનું આરાધન કરવું એનું નામજ આત્મચિંતવન છે. એનું નામજ આત્મામાં આત્માની શોધ કરવી એ છે. એનું નામજ આત્મ સમાધિ છે. ચારિત્ર ધર્મનું રૂડે

પ્રકારે આરાધન કરનારનેજ આત્મ લાભ પ્રાપ્ત થાય છે. આત્મામાં રમણતા એજ ચારિત્ર ધર્મનું મુખ્ય લક્ષણ છે. આત્મા તો આત્મા વડેજ કે આત્મામાંજ પ્રાપ્ત થાય છે. ચારિત્ર ધર્મ છે એજ આત્માનું મોટામાં મોટું આરાધન છે. આત્માનું આરાધન કરવારૂપ ચારિત્ર ધર્મ પાળવાથીજ આત્માનો સાક્ષાત્કાર થાય છે, આત્માનો અખંડ અનુભવ થાય છે, કેવલજ્ઞાન પ્રગટે છે અને સિદ્ધ થાય છે. આ રીતે ચારિત્ર ધર્મનું આરાધન કરવાથીજ પ્રભુપદને પામી શકાય છે માટે ચારિત્ર ધર્મનું આરાધન એજ પ્રભુનો પંથ છે. માટે ચારિત્ર ધર્મનું આરાધન એ હે પ્રભુ તારો પંથ છે, યહ પંથ તેરા હૈ એથી જૈન શ્વેતાંબર તેરાપંથ એજ પ્રભુનો પંથ છે કે પ્રભુએ પ્રકાશેલો પંથ છે કે મોક્ષ પંથ છે.

શ્રી જીનદેવોએ 'જીનશાસન' અનાદિ કાળથી પ્રકાશેલું છે. અનંતા જીન દેવો થઈ ગયા અને અનંતા થશે. સર્વ જીનદેવોનું શાસન એકજ પ્રકારનું છે. ચારિત્ર ધર્મનું આરાધન એજ ખરેખરૂં 'જીનશાસન' વર્તમાન યુગમાં છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ પ્રકાશ્યું હતું. એ પછી ત્રણ વખત તો બાર દુકાળી પડી, કેટલાક છદ્મસ્થ આચાર્યોએ મતભેદ ઉભા કર્યા એથી કાળ દોષે અને છદ્મસ્થપણાને દોષે 'જીનશાસન' શુદ્ધ હતું તે મિશ્ર પ્રરૂપણાવાળું બની ગયું. છતાં જીનદેવોએ પ્રકાશેલા અને સકલ સંઘે કબૂલ રાખેલા 'દ્વાદશાંગી વાણી અને એને અનુકુલ પિસ્તાલીશ આગ-

મૂળ પાઠોમાં 'જીનશાસન' જેવું ને તેવું સદાય જયવંતુ વરતતું રહ્યું છે. આવા પવિત્ર 'જીનશાસનમાં જે પાછળથી મિશ્ર પ્રરૂપણાનો દોષ દાખલ થઈ ગયો હતો તેનું સર્વાંગ સંપૂર્ણ સંશોધન કરીને શ્રુતકેવલી સમા ભગવાન શ્રી ભીખમજી સ્વામીએ મિશ્ર પરૂપણા દોષ' દૂર કરીને 'શુદ્ધ જીનશાસન' ભવ્ય જીવોના કલ્યાણ માટે ફરમાવ્યું, આવું શુદ્ધ 'જીનશાસન' અનાદિ કાળથી ચાલ્યું આવે છે અને સદાય સાશ્વતું અનંતકાળ સુધી જયવંતુ વરતશે. આથી સ્પષ્ટ સમજાશે કે જૈન શ્વેતાંબર તેરાપંથ છે એજ શુદ્ધ 'જીનશાસન' છે. પણ એ કોઈ ગચ્છ, મત, વાડો, સંઘાડો, સંપ્રદાય કે પક્ષભેદ નથી જ.

શ્રુતકેવલી સમા ભગવાન શ્રી ભીખમજી સ્વામીની નવમી પાટે હાલમાં વીતરાગ સમા આગમ નિગમના પારગામી જૈનાચાર્યજી પૂજ્યજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી તુલસી રામજી સ્વામી બિરાજે છે અને પોતાના ધર્મપાદથી મારવાડમાં થલી વગેરે પ્રદેશને પાવન કરે છે. એમનું ચારિત્ર ધર્મનું આરાધન ભારતવર્ષમાં આજે તો અજોડ છે.

આવા શુદ્ધ જીનશાનની કેટલીક માહિતી આપવા માટે જુદે જુદે સ્થળેથી 'જીનશાસન'ને મળતાં આવતાં વચનોનો સંગ્રહ કરેલો છે. આમાં શ્રી સિદ્ધચક્રમાંથી જે વચનો પવિત્ર 'જીનશાસન'ને મળતાં આવ્યાં છે તે અને જે વચનો 'જૈન પ્રવચન'માંથી અને બીજે સ્થળેથી મળતાં આવ્યાં છે તેનો સંગ્રહ આપેલો છે. આ રીતે

છદ્મસ્થોના વચનોમાંથી પણ કેવલ ગુણુ બુદ્ધિથી જે વચનો 'જીનશાસન'ને પોષક જણાયાં છે તે સંગ્રહેલાં છે. આ એક લોક કલ્યાણનું અતિ ઉત્તમ કાર્ય કરેલું છે. આમાં અનુકંપા, અવ્રત, અહિંસા, સર્વ અનર્થનું મૂળ દ્રવ્યજ છે, આધાકર્મી, ગૃહસ્થ ધર્મ, મોહ, સર્વ જીવ સરખાજ છે. ત્યાગ, તીર્થ, દયા, દાન, સાધુ ધર્મ, પ્રભુ પૂજા, ઉપવાસ અને પારણું, પુણ્ય, મિથ્યાત્વ, મોક્ષ, વારસો, સંવર, સંસાર, સાવદ્ય અને નિરવદ્ય, સામાયક વગેરે વિષયોનો સંક્ષેપે સંગ્રહ કરેલો છે. એથી આ પુસ્તિકા જેમ જૈન શ્વેતાંબર તેરાપંથી ભાઇઓને ઉપકારી છે. તેમજ ગચ્છ, મત, વાડા, સંઘાડા, સંપ્રદાય કે પક્ષ ભેદની જાળમાં ભક્તિભાવ ધરાવનારા ભવ્ય જીવોને પણ તેટલી જ ઉપકારક છે. આ પુસ્તિકા પ્રગટ કરવાનું માન 'શ્રી જૈન સ્વેતાંબર તેરાપંથી સભા' કલકત્તાને ફાળે જાય છે.

તા. ૨૩–૩–૪૧

૧૭૨, હોર્નબીરોડ, કોર્ટ મુંબઇ,

ગોકુલદાસ નાનજીભાઇ
ગાંધી

શરૂઆતના બે બોલ

"જૈન ધર્મ" ઉર્ફે "જૈન શ્વેતાંબર તેરાપંથી ધર્મ" નામની, પુસ્તિકા મેં તપાસી છે. એમાંથી શુદ્ધ જૈન ધર્મની કેટલીક માન્યતાઓ ઉપર નવો પ્રકાશ મળી આવે છે.

હાલમાં જે જૈન ધર્મ ચાલે છે તે ખરૂં જોતાં મિશ્રધર્મ છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના નિર્વાણ પછી કેટલેક વરસે જૈન ધર્મમાં ચૈત્યવાસ પ્રગટ થયો અને જંતર મંતર દોરા ધાગાની શરૂઆત કરવામાં આવી ત્યારથી જૈન ધર્મમાં વિકાર થવો શરૂ થયો. કેટલાક બ્રાહ્મણ વિદ્વાનો જૈન ધર્મમાં સાધુ તરીકે ખ્યાતિ પામ્યા. એમણે પણ બ્રાહ્મણ ધર્મના કેટલાક મળતા જેવા દેખાતા વિચારો જૈન ધર્મમાં દાખલ કરી દીધા. બૌદ્ધ ધર્મ અને ગોશાલકજીના આજીવિકા પંથની પડતી થતાં અને તે સંપ્રદાયો સમૂળા હિંદમાંથી નાબુદ થતાં એ સંપ્રદાયના અનુયાયીઓ અને એમના આગેવાનોએ જૈન ધર્મનો

આશ્રય લીધો. આવી રીતે જુદી જુદી ધર્મ કોમોનો સમુદાય જૈન ધર્મમાં એકઠો થયો. જુદા જુદા વિચારોનું જૈન ધર્મને નામે મિલન થયું. એ રીતે શુદ્ધ જૈન ધર્મ હતો તે મિશ્ર ધર્મ બની ગયો અને ઘણાં વરસો સુધી આવો મિશ્ર જૈન ધર્મ તે શુદ્ધ જૈન ધર્મના નામથી ભારતવર્ષમાં ચાલ્યો. વિક્રમની અઢાર સદીમાં શ્રુતકેવલી સમા ભગવાન શ્રી ભીખમજી સ્વામી પ્રગટ થયા. એમણે જૈન ધર્મનાં પવિત્ર આગમોનું કેવલ નિષ્પક્ષપાતપણે અવલોકન કરીને એમાંથી શુદ્ધ જૈન ધર્મનો પવિત્ર સિદ્ધાંત તારવી કાઢયો અને લોકો પાસે રજુ કર્યો. આવો શુદ્ધ જૈન ધર્મ એજ તરવાનો સાચો પંથ છે. એજ પંથ પ્રભુનો પંથ છે. હે પ્રભુ યહ તેરા પંથ હૈ. હે પ્રભુ આ પંથ તારો છે. એનું નામજ તેરાપંથ છે. આવા પવિત્ર જૈન શ્વેતાંબર તેરાપંથમાં એટલે શુદ્ધ જૈન ધર્મમાં જે પ્રકારે સંસાર સાગરને તરવા માટે આત્માના આરાધનરૂપ નિરવદ્ય માર્ગ બતાવ્યો છે એ રીતે જે વરતે છે તે સઘળા જૈન શ્વેતાંબર તેરાપંથી છે અને જે એ પ્રમાણે વરતી શકતા નથી તે અનેરાપંથી છે. આવા શુદ્ધ જૈન ધર્મની માહિતી આ પુસ્તકમાંથી મળી આવે છે અને તે હરેક જૈન બંધુએ શાંતિથી મનન કરવા યોગ્ય છે.

કેટલાક જૈનો એવું બોલે છે કે 'અહિંસા પ્રથમો ધર્મઃ' અહિંસા એ પ્રથમ ધર્મ છે પણ કૃપાલુ વીતરાગ દેવ તો બીજુંજ ફરમાવે છે કે 'પઢમં નાણું તઓ દયા'

પ્રથમ જ્ઞાન અને પછી દયા. જ્ઞાન જાણ્યા વગર દયા કોની કરશો અને કેવી રીતે કરશો! જાણવા યોગ્ય તો આત્માજ છે. આત્માને જાણનારજ આત્મા ઉપર અનુકંપા કરી શકે છે. જે પોતાના આત્માને નથી જાણતો તેથી જે પોતાનાં દુખી રહેલા આત્માની અનુકંપા નથી કરી શકતો તે બીજા પ્રાણીઓ ઉપર અનુકંપા શી રીતે કરવાનો હતો! આત્માને ઓળખ્યા સિવાયની અનુકંપા તે સાચી કે નિરવદ્ય અનુકંપા નથી પણ મોહ અનુકંપા તો ક્ષણિક છે અને અને નિરવદ્ય આત્મિક અનુકંપા તે સાશ્વત અનુકંપા છે પા. ૧ એને માટે તા–૧૯–૯–૧૯૩૯ના જૈન પ્રવચનના પૃષ્ટ ૨૯૧નો સધીઆરો આપ્યો છે કે "પોતાના આત્મા ઉપર અનુકંપા પ્રગટયા વિના બીજાના આત્મા ઉપર સાચી અનુકંપા પ્રગટવી એ શકયજ નથી" આ કથન પ્રસિધ્ધ વક્તા જૈનતપચ્છીય આચાર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજીનું છે. એજ રીતે આત્માને ભૂલીને મોહ અનુકંપા, મોહ દયા કે સંસારી દયાથી પણ આત્માનું કલ્યાણ થતું નથી; માટે એવી માત્ર દયાનો દેખાવ કરનારી મોહ દયા કે જેમાં આરંભ સમારંભ રહેલો છે તે નહિ કરવા માટે ૫–૬ આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીના 'સિદ્ધચક્ર' વર્ષ બીજું, અંક ઓગણીશના પૃષ્ટ ચારસે એકાવન ઉપર કહે છે કે 'સુયગડાંગ સૂત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે તેવીજ રીતે ચૈત્ય અને ઉપાશ્રયને અંગે પણ છકાયનો આરંભ થાય તેથી તે હિંસાનો ઉપદેશ પણ સાધુ આપે નહિ. કુવો ખોદાવવા કે પરબો બંધાવવામાં

વિગેરેમાં લાભ કહી શકાય નહિ. મકાનો કરવાનો ઉપદેશ પણ સાધુથી આપી શકાય નહિ” આ વાકયો બતાવે છે કે વાવ, કુવા, તલાવ, વગેરેમાં લોકો દયા કે અનુકંપા બતાવે છે પણ તે દયા કે અનુકંપા નથી પણ એ નરી સાવદ્ય કરણી હોવાથી સંસારી દયા કે મોહ દયા છે તેથી તે શુધ્ધ જૈન ધર્મ પ્રમાણે ત્યાગવા યોગ્ય છે માત્ર આત્મા જ આરાધન કરવા યોગ્ય છે. તેમજ શુદ્ધ જૈન ધર્મનો સાધુ હોય તે દેરાસર કરાવવાનો, દેરાસરનો પાયો નાંખવાનો, ખાત મુહૂર્ત જોઈ કે જોવરાવી આપવાનો, ઉપાશ્રય કરાવવાનો, વગેરે ઉપદેશ પણ આપી શકે નહિ, કારણ કે એ સઘળાં કામો પ્રત્યક્ષ રીતે સાવધ છે. ગૃહસ્થ લોકો પોતાને માટે પોતાની મેળે ગમે તેમ કરી શકે છે પણ એવાં કામોમાં ભાગ લેવાનો શુદ્ધ જૈન સાધુઓંનો ધર્મ નથી. શુધ્ધ જૈન સાધુ હોય તે તો પંચમહાવ્રત અને અષ્ટ પ્રવચન માતાનું રૂડે પ્રકારે આરાધન કરીને પેતાના આત્માને નિર્મલ બનાવે. પા. ૧૯ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ પણ પ્રકાશે છે કે—

“જેહ રાખે પર પ્રાણુને, દયા તાશ વ્યવહારે,
નિજદયા વિણુ કહો પરદયા, હોવે કવણુ પ્રકારે”

આમાં પણ ઉપાધ્યયજી મહારાજ સ્પષ્ટ ફરમાવે છે કે જેણે પોતાના આત્માને ઓળખ્યો નથી, જેણે પોતાના આત્માને ઓળખવા માટે નિરવધ કરણી જાણી નથી તેવો કોઈ લોકવ્યવહારથી પરપ્રાણુને બચાવે કે બચાવવાનો

પ્રયત્ન કરે તો તેને લોકો તો દયાધર્મી તરીકે સંબોધે છે પણ તે ખરેખરો દયાધર્મી નથી પણ વ્યવહાર દયા-વાળો કે સંસાર દયાવાળો કે સાવધ દયાવાળો છે. પણ જેણે પોતાના આત્માને નિરવધ કરણી વડે નિર્મલ બનાવ્યો છે તેવો ભાગ્યશાળી પોતાના આત્માને ઓળખતો હોવાથી પોતાના આત્માને સંસાર સાગરમાં ડુબતો બચાવવાની સ્વદયા કરે છે તેથી તેવો જ આત્મજ્ઞાની પોતાની પેઠે બીજાના આત્માઓને તારવાની શુદ્ધ દયા કરી શકે છે. એને માટે જૈન પ્રવચન વર્ષ નવમું અંક અઠાવીશમાં સ્પષ્ટ કહેલું છે કે "સાચો દયાળુ તે છે જે આત્મા પ્રત્યે દયાળુ છે. પોતાના આત્માની દયા જેનામાં પ્રગટી નથી તેનામાં બીજાઓ પ્રત્યે સાચો દયા ભાવ પ્રગટવાનો જ નથી!' આ વચનો ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જેનામાં સ્વદયા પ્રગટી નથી તે પરદયા કરી શકેજ નહિ. સ્વદયા એટલે આત્મદયા. આત્માને ઓળખ્યા વગર આત્મા ડુબે છે કે ઉંચો આવે છે તે શી રીતે સમજી શકાય? આત્મા ડુબતો જણાય તો તેને ઉંચો લાવવાની દયા કરી શકે. આત્મા ઓળખવો હોય તેણે જેણે શુદ્ધ ચારિત્ર ધર્મનું પરિપાલન કરીને પોતાના આત્માને નિર્મલ બનાવ્યો હોય તેવા પવિત્ર જીવન ગુજારનારા સંત પુરૂષોના સંગથી જેમ દિવા વડે દિવો પ્રગટે તેમ આત્મજ્ઞાનીના સંગ વડે આત્માનું ઓળખાણ થાય. આમ ન બને ત્યાં સુધી સર્વ વગર સમજી કરણી છે. એથી તો સંસાર ઘટવાને બદલે

વધી પણ જાય. આવો આત્મ જ્ઞાનીજ અભયદાન આપી શકે છે. એને માટે પા. ૩૦ જૈન પ્રવચન સંવત ૧૯૯૦ તા. ૨૪-૧૨-૩૩ પૃષ્ટ ૩૫૭ ઉપર સ્પષ્ટ વાંચવામાં આવે છે કે "મન, વચન અને કાયા આ ત્રણેના યોગોથી હિંસા ન કરવી તેનું નામ અભયદાન છે. આ અભયદાન શ્રેષ્ઠ છે. તેમજ પા. ૩૧ તા. ૧૦-૬-૧૯૩૪ના જૈન પ્રવચનના પૃષ્ટ ૩૦ ઉપર વાંચવામાં આવે છે કે બેઘડી સામાયકમાં બેસનાર પ્રાણી માત્રને અભયદાન આપે છે." જૈન પ્રવચનની આટલી વસ્તુ જો હરકોઇ જૈન બંધુ સમજે તો શ્રી જીન ભગવાને ભાખેલી દયા તેવો ભાગ્યશાળી બહુજ સ્પષ્ટ રીતે સમજી શકે. શ્રાવક વર્ગનું ખરૂં અભયદાન તો સામાયકમાંજ છે, કારણ કે વીતરાગ દેવોએ સામાયકને તેમજ સામાયકના અર્થને આત્માજ કહેલો છે. જે ભાગ્યશાળી જેટલો સમય સામાયક એટલે આત્માનું આરાધન કરે છે કે આત્મામાં આત્માની શોધ કરે છે તેટલો સમય તે આખા બ્રહ્માંડમાં રહેલા સર્વ જીવોને અભયદાન આપે છે. એનો અર્થ એટલોજ થઇ શકે છે કે જે ભાગ્યશાળી જેટલો સમય સામાયકરૂપ પોતાના આત્માનું આરાધન કરે છે તે ભાગ્યશાળી તેટલો સમય પ્રાણી માત્રને અભય બનાવે છે. આ રીતે ખરૂં જોતાં જે પોતાના આત્માને અભય બનાવે છે તેજ કુદરતી રીતે બીજાઓના આત્માને અભય બનાવે છે. પણ જે પોતાના આત્માના આરાધનરૂપ સામાયક નથી કરતો તે બીજા પ્રાણીઓને અભયદાન આપતો દેખાતો મનાતો હોય

છતાં તે ખરૂં જોતાં અભયદાન આપનારો થતો નથી. આટલું સત્ય સમજાઇ જાય તો જીવ તત્કાલ શુદ્ધ જૈન ધર્મને પામી જાય અને એનું પરમ કલ્યાણ પણ થઈ જાય.

ગૃહસ્થપણાનો ત્યાગ કરીને સાધુપણામાં પ્રવેશવું કે દેહભાવનો ત્યાગ કરીને આત્મ ભાવમાં પ્રવેશવું કે સાવદ્ય કરણીનો ત્યાગ કરીને નિરવદ્ય કરણીમાં પ્રવેશવું એનું નામજ દિક્ષા છે. આવી આત્માના અખંડ આરાધન રૂપ ભાગવતી દિક્ષાજ સર્વ માટે અભયદાનરૂપ છે. આ રીતે દયાનું, અનુકંપાનું કે અભયદાનનું સ્વરૂપ શુદ્ધ જૈન ધર્મમાં ફરમાવેલું છે.

જૈન ધર્મને નહિ સમજનારા કેટલાક ભાઇઓ એવું માની બેઠા છે કે ધન વડે ધર્મ થઈ શકે છે. આના સંબંધમાં પા. ૩ જૈન પ્રવચન, વર્ષ ચોથું અંક આઠમો પૃષ્ઠ એકસો ઓગણચાલીશમું ઉપર વંચાય છે કે "સર્વ અનર્થનું મૂળ પણ દ્રવ્યજ છે." આ વસ્તુ બહુ વિચારવા જેવી છે. દુનિયામાં લોકોને મહામોહ ઉત્પન્ન કરવાનું સાધન કોઇ હોય તો તે ધન કે દ્રવ્યજ છે. માટેજ ધનને સર્વ અનર્થનું મૂળ કહેલ છે માટે ધનમાંથી કદિ પણ ધર્મ લાભ મળી શકે નહિ. સર્વ પરિગ્રહમાં ધન તો રાજા રૂપ છે. જો ધન વડે ધર્મ થતો હોત તો દેવતાઓ ધનનો વ્યય કર્યેજ જાય. ચક્રવર્તિઓએ રાજરિદ્ધિ છોડીને ભાગવતી દિક્ષાઓ શા માટે લીધી? જેને જરૂર હોય તેને ધન આપ્યેજ જાત ને એ રીતે આત્મ

[illegible] થતું હોત તો થઈ જાત. પણ તેમ જણાયું નહિં. પણ ધન તો સર્વ અનર્થનું મૂળ જણાયું. એથીજ ચક્રવર્તિઓએ ધનનો પરિત્યાગ કર્યો. ખરૂં ધન તે આત્મધન છે. આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પરાક્રમ છે એજ સાચું ધન છે. એજ સાચો અર્થ છે. એ સાચું ધન તો આત્માનું આરાધન કરવાથીજ મળી શકે છે. આત્મધન એજ સ્વધન છે અને આત્મા વગરનું બીજું ધન છે તે તો પરધન છે અને તે મહા ઉપાધિ રૂપ છે. જે ધન રાખી બેઠા છે તે પોતે જ ઉપાધિ વહોરી રહ્યો છે જે કોઈ બીજાને ધન આપે છે તે બીજાને મોહવશ કે ઉપાધિવાળો બનાવે છે માટે પરધન કે લૌકિક ધન એ તો સંસાર સાગરમાં ડુબી મરવાનું આગેવાન સાધન છે એને નહિ સમજનારાઓ જ ધન વડે ધર્મ કરવાની વાતો કરે છે. આ જોતાં લૌકિક ધન વડે જેટલી કરણી થઇ રહી છે તે સઘળી કરણીઓ સાવધ કરણી છે. નિરવદ્ય કરણી તો આત્મધનની ઓળખાણ કરવાવાળા જે જૈન મુનિઓ છે તે મન, વચન અને કર્મ વડે ધન રાખે નહિ, બીજા પાસે ધન રખાવે નહિ અને જો કોઇ ધન રાખતો હોય તો તેને રૂડું જાણે નહિ પણ આત્મધન પ્રગટ કરવાનો પવિત્ર ઉદ્યમ આદરે. લૌકિક ફંડ ફાળાઓમાં પણ જૈનમુનિ લક્ષ આપેજ નહિ. આ રીતે જૈનમુનિ તો પોતાના આત્મામાં રમતા હોવાથી પારકાની પીડા વહોરતા જ નથી. એને માટે પા. ૪ જૈનઆચાર્યજી શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વરજી મહારાજે 'સાંજવર્તમાન' પત્રમાં તા. ૨૫મી મે ૧૯૨૫ના

અંકમાં ખુલાસો કરેલો છે કે "જ્યારે પોતાનો ઉપાશ્રય સળગતો હોય તેનો પણ મુનિને બુઝવવાનો હુક્ક નથી ત્યારે પાડોશીના ઘરને માટે મુનિને ચિંતા કરવા જેવું હોય જ શાનું!!! "આ બતાવે છે કે જૈન મુનિઓ પારકાની સારી કે નઠારી લેશ પણ ચિંતા કરે જ નહિ. જે જૈન મુનિનું નામ ધરાવીને પોતાના આત્માનું આરાધન કરવાનું જાણુતા નથી, આત્માનું આરાધન બતાવનારા સુગુરૂ જેને ભેટયા નથી એવા નામધારી, વેષધારી કે ભેખધારી ભલે પારકાઓની પીડા વહોરી લેતા હોય, કારણુ કે તેવા આત્માનું આરાધન નહિ કરનાર કહેવાતા જૈન મુનિની સઘળી કરણી સાવદ્ય છે. લોકો ભલે તેવી પરપિડા વહોરી લેવાની કરણીને વખાણુતા હોય પણુ તેથી સંસાર પરિભ્રમણુ ગટતું નથી બલ્કે વધે છે, સંસાર પરિભ્રમણુનું કારણુ મોહ છે. અને એવા મોહનો ત્યાગ કરીને આત્માનું આરાધન કરવું એ મોક્ષ માર્ગ છે. સર્વ સંસારી કરણીનો ત્યાગ કરીને આત્માનું આરાધન કર્યા વગર કોઇનો મોક્ષ થયો નથી અને થવાનો નથી. પા. ૨૯મુ જૈન પ્રવચનના વર્ષ ચોથાના અંક ત્રીજામાં વાંચવામાં આવે છે કે "લોકો છોકરાને દૂધ પાય તેને દાન ગણે છે પણ જાણુતા નથી કે એ મોહ છે એ કારણે એમાં ધર્મ મનાવવો એ ખોટું છે." આ જોતાં તો જૈન મુનીએ કેવલ આત્મામાં આત્માની શોધ કરવી જોઈએ અને કોઈની પણ પારકી પંચાતમાં પડવુંજ નહિ જોઈએ. છોકરાઓને દૂધ પાવું, પંખીને

ચણ નાંખવી, જાનવરોને ઘાસ નાખવું એ સર્વ સંસારી મોહદયા લૌકિકદયા છે. એ સંસારનું સાધન છે. મોક્ષનુ સાધન તો એથીજ જુદું છે અને તે કેવલ આત્માનુ આરાધન કરવું તે છે.

આ સઘળું જોતાં શુદ્ધ જૈન ધર્મમાં ભગવાન જીનદેવની આજ્ઞાજ આગેવાન છે. માટે જૈન ધર્મમાં આગેવાન કે પ્રથમ તો જીન આજ્ઞાજ છે. 'આણાયે તવો આણાયે ધમ્મો.' આજ્ઞામાંજ તપ અને ધર્મ છે. ભગવાન જીનેશ્વરે જે જે આજ્ઞાઓ ફરમાવી છે તે સઘળી આત્માનું આરાધન કરવા માટેજ ફરમાવી છે. પણ આજ્ઞા બહાર છદ્મસ્થોએ ઊભી કરેલી કરણી વડે આત્માનું આરાધન થઈ શકે નહિ. એને માટે પા. ૪૦મુ જૈન પ્રવચન વર્ષ ૯, અંક ૨૭ તા. ૨૦-૨-૩૮ના પૃષ્ટ ૨૮૦ ઉપર કહે છે કે "અનંત જ્ઞાનીની આજ્ઞા એજ ધર્મ છે." ભગવાનની આજ્ઞાઓ પિસ્તાલીશ આગમોના મૂળ પાઠમાં સ્પષ્ટ છે. છદ્મસ્થો કંઈ સર્વજ્ઞ ન હતા. માટેજ છદ્મસ્થોની આજ્ઞાઓ સર્વથા માન્ય હોઈ શકે નહિ.

આ રીતે આ પુસ્તિકામાં જે સંગ્રહ કરેલો છે તે બહુજ ઉત્તમ પ્રકારનો છે. જે કોઈ પોતાના આત્માનુ આરાધન જીનદેવની આજ્ઞાઓ લક્ષમાં રાખીને કરશે તેનુ પરમ કલ્યાણ થશે.

તા. ૨૬-૩-૪૧, મુંબઈ, ૧૭ હોર્નબી રોડ, કોટ.

ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી

કેટલીક સમજુતી.

(લે. ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી, મુંબઇ.)

હું પોતે જૈન શ્વેતાંબર તપગચ્છીય છું. તપગચ્છ તો ખરૂં જોતાં પીળા કપડાવાળા સાધુઓનો છે. શ્રાવકોનો ગચ્છ હોય નહિ પણ શ્રાવકોની તો દશા શ્રીમાળી વાણીઆ, વીશા શ્રીમાળી વાણીઆ, દશા ઓસવાળ વાણીઆ, વીશા ઓસવાળ વાણીઆ, દશા લાડ વાણીઆ, વીશા લાડ વાણીઆ, દશા મોઢ વાણીઆ, વીશા મોઢ વાણીઆ, દશા પોરવાડ વાણીઆ, વીશા પોરવાડ વાણીઆ, દશા સોરઠીઆ વાણીઆ, વીશા સોરઠીયા વાણીયા, અગ્રવાલ વાણીઆ, ખડાયતા વાણીઆ, કપોળ વાણીઆ, પાંચા વાણીઆ વગેરે જાતો કે નાતો હોય. આ સઘળા મૂળે તો વૈશ્ય કે વણિક કે વાણીઆ જ્ઞાતિઃ આવી મૂળ એકજ જ્ઞાતિમાંથી જુદી જુદી નાતો અને જાતો બંધાણી. પણ વાણીઆના ગચ્છ બંધાણા

સાંભળ્યા નથી. ગચ્છ તો સાધુ લોકોએ પોતાના સમુદાયમાંથી બાંધેલા છે. ગચ્છ એટલે ભાગ કે ભાગલો. સાધુઓ પણ મૂળે તો નિર્ગ્રંથ હતા. પણ પાછળથી જે સાધુઓ થયા તે મોહરાગના ભરેલા થયા. હુંશાતુંશી અને મમત્વના મહાઉદયને લીધે નિર્ગ્રંથપણું હતું તે તો જતું રહ્યું પણ કહેવા માત્રની શિથિલતાભરી સાધુતા રહી ગઈ. આવા શિથિલાચારમાંથી તાણાતાણ અને ખેંચાખેંચને લીધે આવા ગચ્છવાળાઓએ બીજા ગચ્છોથી જુદા દેખડાવા માટે જુદી જુદી તરેહની પ્રરૂપણા સિદ્ધાંતભેદ ઉભો કરીને કરી છે. જે સિદ્ધાંતભેદના ઝગડા આજ સુધી જેમના તેમ ઉભા છે. આવા ઝગડાઓનું આજ સુધીમાં કોઇએ નિષ્પક્ષપાતપણે નિરાકરણ કરવાનો પ્રયત્ન કરેલ નથી તેમ છતાં જૈન સમાજના સુભાગ્યે મારવાડમાં શ્રુતકેવલીસમા ભગવાન શ્રી ભીખમજીસ્વામીનો ઉદય થયો. એમણે કેવળ નિષ્પક્ષપાતપણે સૂત્ર સિદ્ધાંતનું અવલોકન કર્યું અને અસલ નિર્ગ્રંથ માર્ગને ફરીથી સજીવન કર્યો. આજે જે કોઈ ભાગ્યશાળી ભવ્ય આવા ઉત્તમ સિદ્ધાંત રહસ્યનું બારીકાઈથી અવલોકન કરે છે તે ગચ્છ ભેદોની જાળને ભેદીને બહાર નીકળે છે અને નિરાંતે નિર્ગ્રંથ માર્ગનું આરાધન કરીને પોતાના આત્માને નિર્મલ બનાવે છે. નિર્ગ્રંથ માર્ગ એટલે આત્માનું આરાધન કરવાનો માર્ગ નિર્ગ્રંથ માર્ગ એટલે આત્મામાં આત્માની શોધ કરવાનો માર્ગ નિર્ગ્રંથ માર્ગ એટલે આત્મ ચિંતવન કરવાનો માર્ગ. ખરૂં જોતાં દેહ આત્માની ગાંઠ બંધાઈ ગઈ છે કે ગ્રંથી પડી ગઈ છે આ

ગ્રંથીનો ભેદ કરીને એટલે કે શુદ્ધ ચૈતન્ય ઘન આત્માને દેહથી અલગ સમજીને અને પોતાને આત્મ સ્વરૂપ જાણીને પોતાના આત્મામાં પોતાના આત્માની શોધ કરવી એજ ખરેખરો નિર્ગ્રંથ માર્ગ છે. આવા અત્યુત્તમ નિર્ગ્રંથ માર્ગમાં શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરવું એજ મુખ્ય વસ્તુ છે. શુદ્ધ ચારિત્ર ધર્મના આરાધન વડેજ આત્મા નિર્મલ બને છે કે કર્મથી હળવો થાય છે. આ વસ્તુ સમજવાની જીજ્ઞાસા ધરાવનારે શ્રુતકેવલી સમા ભગવાન શ્રી ભીખમજી સ્વામીના પવિત્ર વિચારોનું નિરાંતે મનન કરવું અને આચરણમાં ઉતારવા. આનું નામજ નિર્ગ્રંથ માર્ગ કે નિર્ગ્રંથ પંથ કે જૈન શ્વેતાંબર તેરાપંથ છે. આવો ચારિત્ર ધર્મ તે શ્રમણ ભગવાવ મહાવીર પ્રભુની આજ્ઞારૂપ ધર્મ છે.

આ જોતાં જુદા જુદા ગચ્છો છે તે સાધુઓએ હુંશાતુંશીથી ઉભા કરેલા એક જાતના ભાગલાઓજ છે દરેક ગચ્છવાળાઓને પાછળથી પોતપોતાના ગચ્છનું મોહરાગને કારણે અભિમાન બંધાયલું હોય છે તેથી હરકોઇ એક ગચ્છના અભિમાનવાળો બીજા ગચ્છને હલકો દેખાડવાનો કે નિહનવ તરીકે સંબોધવાનો પ્રયત્ન કરે છે. આવી જાતના અભિમાનવાળા સાધુઓનાં વ્યાખ્યાન વાણી સાંભળનારા વાણીઆએ પણ મોહરાગને લીધે વગર સમજ્યે પોતાને અમુક અમુક ગચ્છમાં છે એમ ઓળખાવા લાગ્યા. પણ તે વ્યાજબી નથી. કારણ કે ગચ્છ તો સાધુઓનાંજ છે વાણીઆઓની તો જુદી જુદી નાતો કે જાતો છે. મારા વંશપરંપરા પ્રાપ્ત તપગચ્છમાંનાં કેટલાક ભાઇઓ આજે પણ

તપગચ્છનેજ સાચા કે અસલ ગચ્છ તરીકે ઓળખાવે છે અને બીજા ગચ્છને ભલે બહારથી માનતા હોય તેમ દેખાય પણ અંતરથી માનતા હોતા નથી. આવી જાતના માન્યતા કરતાં શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન તો તદ્દન અલગ છે. આવી માન્યતાઓ વડે કોઇનો મોક્ષ થયો નથી અને થવાનો નથી પણ શુદ્ધ ચારિત્ર ધર્મના આરાધન વડે એટલે કે પાંચ મહાવ્રત અને અષ્ટ પ્રવચન માતા રૂપતેર બોલના આરાધન વડે કે જૈન શ્વેતાંબર તેરાપંથના આરાધન વડે તો અનંતાજીવોનો મોક્ષ થયો છે, થાય છે અને થશે.

ધર્મ તો ભગવાનની આંજ્ઞામાં છે પણ આજ્ઞા બહાર ધર્મ નથી. અત્યારે જૈન સમાજમાં એવી ઘણી વસ્તુઓ ઘુસી ગઈ છે કે જે આજ્ઞામાં નથી છતાં ધર્મની મુખ્ય વસ્તુ તરીકે ઓળખાઈ રહી છે એથી તો જૈન સમાજમાં મોટો ગોટાળો ઉભો થયો છે જો ભગવાન સૂત્રકારે જે આજ્ઞાઓ ફરમાવી છે તેનો બરાબર વિચાર કરવામાં આવે તો આવો ગોટાળો સદંતર નાબુદ થઈ જાય. પણ આવો વિચાર કરી શકે તેવા છે કેટલા ? આ એક મહાપ્રશ્ન છે.

પા. ૨જું જૈન પ્રવચન વર્ષ ૧લું અંક ૧૪ તા. ૨૨-૯-૨૯ પૃષ્ટ ૧૪૫ ઉપર વાંચવામાં આવે છે કે મુનિને સર્વથા અહિંસક કહ્યો છે. કારણ કે તેઓએ ત્રિધા ત્રિધા એટલે મન, વચન અને કાયાથી ન કરવું, ન કરાવવું ને ન અનુમોદવું તે મુજબનું સર્વ સાવદ્યયોગનું પચ્ચુખાણ આખી જીંદગી માટે કરેલ છે" આથી સ્પષ્ટ સમજાય છે કે જૈન

મુનિ હોય તે દુનિયાદારીની કોઈ પણ કહેવાતી સારી કે બુરી પંચાતમાં પડે નહિ પણ કેવલ પોતાના આત્માનુ ચિંતવન કરે. કેવલ પોતાના આત્માનું ચિંતવન કરે તે જ ત્રણ કરણ અને ત્રણ જોગથી અહિંસક રહી શકે. જે આત્મ ચિંતવન નથી કરતો, જેને આત્મ ચિંતવનની દિશા સૂજી નથી કે જેને આત્મ ચિંતવન કરનારા એટલે શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરનારા આત્મનિષ્ઠ સદ્‌ગુરૂનો કે મહાત્મા પુરૂષનો યોગ મળ્યો નથી એથી જેને આત્મ ચિંતન કરવાનું સૂજયું નથી એવા કે જેમના હૃદયમાં ગાઢ અંધકાર ભરેલો છે તેવાઓના ત્રણ કરણ અને ત્રણ જોગ શુદ્ધ નહિ રહી શકવાથી કે નહિ હોવાથી હિંસાથી બચી શકતા નથી જે પારકી હિંસા કરે છે તે ખરૂં જોતાં પોતાની જ હિંસા કરે છે. જે પોતાને અભય બનાવે છે તે જ બીજાને અભયદાન આપી શકે છે. આત્માને ઓળખનાર જ પોતે પોતાને અભય બનાવી શકે છે તેથી બીજાને અભયદાન આપી શકે છે માટે અહિંસક રહી શકે છે. મનથી વચનથી અને કાયાથી કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ, હિંસા કરાવવી નહિ કે હિંસા કરનાર પ્રત્યે રૂડું જાણવું નહિ. આટલી જ અહિંસાની વ્યાખ્યા પવિત્ર સૂત્રોમાં છે. ધન વડે જીવ બચાવવા, ધન વડે બીજાઓને આશ્રય આપવો એ જૈન મુનિના ધર્મથી બહારની વાત છે એ તો ગૃહસ્થોની ગૃહસ્થ નીતિ છે. ગૃહસ્થોમાં તેવી નીતિ પ્રચલીત છે તેમ છતાં એ વાત ત્રણ કરણ અને ત્રણ જોગમાં આવી શકતી નથી પણ આજ્ઞા બહારની વાત

છે. આમ છતાં હમણાં તો કહેવાતા સાધુએ પણ ત્રણ કરણ અને ત્રણ જોગને રોકવાનો માર્ગ નહિ સમજતા હોવાથી ધન પરિગ્રહને ફંડ ફાળા દ્વારા એકઠો કરાવીને જીવ બચાવવાનું કામ કરી રહ્યા છે. એ કાંઇ સાધુ ધર્મની નીતિ નથી પણ ગૃહસ્થોની નીતિ છે આ રીતે આજે તો કહેવાતા સાધુએ સાધુનીતિને બદલે ગૃહસ્થ નીતિનું આચરણ કરી રહ્યા છે. આમાં એવા સાધુઓનો દોષ નથી. કારણ કે એમને શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરવાવાળા આત્મનિષ્ઠ સદ્ગુરૂઓનો યોગ જ મળ્યો નથી. જે મળ્યા છે તે ગૃહસ્થ નીતિ વાળા મળ્યા છે તેથી તેમની પાસેથી ગૃહસ્થનીતિને સાધુ નીતિ તરીકે માનીને ગૃહણ કરેલ છે આવી ભુલની આંટી એક કે બે સાધુમાં જ પડી નથી પણ ભલભલા કહેવાતા પૂજાતા અને મનાતા સાધુઓમાં પણ પડી છે. એજ રીતે પા. ૪ જૈન પ્રવચનના તા. ૭–૭–૨૯ના પૃષ્ટ ૯ ઉપર સ્પષ્ટ છે કે „ પ્રભુએ કહ્યું છે કે મુનિઓને આધાકર્મી અને દોષર્થી દુષિત એવા આહારાદિ કલ્પે નહિ." આ આજ્ઞા પણ વિચારવા જેવી છે. અત્યારે તો જે ઉપાશ્રયોમાં સાધુએ ઉતરે છે તે આધાકર્મી નથી તો બીજું શું છે? એવા ઉપાશ્રયીમાં પાટો અને બાજોઠા મૂકેલા છે તે કાંઇ વાણીઆ માટે મૂકેલા નથી પણ સાધુએ માટે જ મૂકેલા હોય છે. વાણીઆ પૈસા આપીને ચશ્મા લાવી આપે છે; ઇંડિપેન લાવી આપે છે, પોસ્ટ માટે કવર પતાં લાવી આપે છે, કાપડીઆની દુકાનેથી

કાપડ લાવી આપે છે, પગાર અપાવીને શાસ્ત્રીઓને ભણાવવા માટે રોકાવે છે, પારસલ, વી. પી. વગેરે કરાવે છે કે મંગાવે છે. આ સઘળું આધાકર્મી નથી તો બીજું શું છે? આમાં કઈ ચીજ સૂજતી છે? કઈ ચીજ દોષરહિત છે? આવી જાતની આજ્ઞા બહારની કરણીને ધર્મનું આરાધન કરવાની કરણી તરીકે ઓળખાવે એને આત્મચિંતવનની પવિત્ર કરણી સાંપડી જ કયાંથી હોય!!! પા. ૯ જૈન પ્રવચન વર્ષ ૧૦મું અંક ૮મો પૃષ્ટ ૧૦૨ તા. ૨૫–૯–૩૮માં વાંચવામાં આવે છે કે "શ્રી જીનેશ્વર દેવના સાધુઓને બહુ આરંભનો તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈજ છે." શ્રી જીનદેવની આ પવિત્ર આજ્ઞાનો આજે તો છડેચોક ભંગ થઈ રહ્યો છે. આજે તો જૈન મુનિઓ ઉપાશ્રયો, સ્થાનક, ધર્મશાળા, પૌષધશાળા, દેરાસરો, દેરીઓ, પગલાં, પ્રતિમાઓ બનાવવાનો ઉપદેશ આપે છે, એવાંજ કાર્યો માટે નાણાં એકઠાં કરાવે છે અને એમાં એકાંત નિર્જરા બતાવે છે. એવા સાધુઓને આત્મામાં આત્માની શોધ કરવાની ચાવી હાથ લાગી નથી, આત્મનિષ્ઠ ગુરૂનો યોગ મળ્યો નથી માટેજ આજ્ઞા વિરૂદ્ધની, આરંભ સમારંભની કરણી કરે છે અને એમાં ધર્મ બતાવે છે. આ સઘળું દયા ખાવા જેવું છે. જૈન સાધુએ વિષય કષાયને આધીન થવું નહિ પણ આત્માનું આરાધન કરવું. જે કોઈ જૈન સાધુ આત્માનું આરાધન કરે નહિ તે વિષય કષાયને આધીન થાય. આવી પ્રવૃત્તિ છદ્મસ્થમાં હરકોઈ જીવમાં કયારે જોવામાં

આવે તે કહી શકાય નહિ. પા. ૧૩મું જૈન પ્રવચન તા. ૧૫-૧૨-૨૯ પૃષ્ટ ૨૯૦ ઉપર વાંચવામાં આવે છે કે "ભગવાન મહાવીરનો આત્મા વિષય કષાયને આધીન થઈ સત્યથી ચૂકયો ? તો શાસ્ત્રો પોકારીને કહ્યું, હા, ચુકયા. જૈન પ્રવચન તા. ૧૫-૧૨-૨૯ના પૃષ્ટ ૨૯૦ ઉપર વાંચવામાં આવે છે કે "છદ્મસ્થ છે ત્યાં સુધી ભૂલનો સંભવ તો ખરો. એ બધાય શ્રી જીનેશ્વરદેવ પોતે સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી દેશના નદે." આથી સ્પષ્ટ થાય છે કે છદ્મસ્થોએ બીજી સઘળી પંચાત છોડીને નિરાંતે આત્મ ચિંતવન કરવું એજ શ્રેયસ્કર છે.

પા. ૧૮ જૈન દયા પા. ૩૨

જૈન પ્રવચન તા. ૮-૬-૩૦ પૃષ્ટ ૨૬ ઉપર વાંચવામાં આવે છે કે "હિંસા, જૂઠ, ચોરી અને મૈથુન એ ચારે પાપને લાવનાર **પરિગ્રહ** છે એ ચારે પાપને વધારનાર પોષનાર **પરિગ્રહ** છે એના ત્યાગમાંજ ધર્મ છે." આ વસ્તુ બહુજ વિચાર માંગે છે. આમાં તો પરિગ્રહનેજ સર્વ અનર્થનું મૂળ કહેલ છે. દેહ ઉપર મુર્ચ્છા હોય તો દેહ પણ પરિગ્રહજ છે. પરિગ્રહનો ત્યાગ થાય તોજ સર્વ અનર્થો દૂર થાય. પરિગ્રહનો ત્યાગ કરવાનું મુખ્ય સાધન આત્મ ચિંતવન છે. આત્મ ચિંતવન કરનારજ પરિગ્રહનો ત્યાગ કરી શકે છે. પરિગ્રહના ત્યાગ વગર શુધ્ધ ચારિત્ર ધર્મનું આરાધન થઇ શકતું નથી. જેઓ શુધ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરી શકતા નથી કે આત્મ ચિંતવન શું છે તે જાણતા નથી તેવાઓજ મોટા મોટા ભંડારો વસાવે

છે પેટી, પટારા, રાખે રખાવે છે ફંડ ફાળામાં સહાય આપે છે. આવી જાતના જીવોને પોતે દેહથી અલગ છે, પોતે દેહ નથી પણ આત્મા છે એવું ભાન સરખું પણ હોતું નથી કદાચ એવી ભાષા બોલે તો પણ તે કેવલ ઉપર ઉપરથી છે.

પા. ૩૦ જૈન દયા પા. ૫

જૈન પ્રવચન તા. ૧૯–૩–૩૯ પૃષ્ટ ૨૯૨ ઉપર વાંચવામાં આવે છે કે "મોક્ષનું દાન એજ મોટામાં મોટો ને સાચામાં સાચો પરોપકાર છે. વિપરિત દાન એ વસ્તુતઃ પરોપકારજ નથી." આત્મ ચિંતવન કરે તે પરંપરાએ સંસાર સાગરને તરીને મોક્ષ પદને પામે છે. માટે મોક્ષનું દાન એજ ખરૂં દાન છે. જેથી જીવ સર્વ દુઃખોનો સદાને માટે અંત કરે અને સાશ્વસ સુખને પામે. બીજાં દાનોથી દુઃખોનો આત્યંતિક નાશ થતો નથી કે સુખોની સાશ્વત પ્રાપ્તિ થતી નથી. માટે તેવાં દાનો તે દાનજ નથી પણ ગૃહસ્થ નીતિરૂપ છે. ખરૂ દાન તો શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરનારા કે આત્મ ચિંતવન કરનારા મહાપુરૂષોજ કરી શકે છે. જે મહાભાગ આત્મ ચિંતવન કરી શકે છે તેજ બીજા ભવ્ય જીવોને આત્મ ચિંતવનનો માર્ગ બતાવીને મોક્ષ પમાડે છે. આજ ખરૂં દાન છે. માટે આ એકજ દાન આદરવા યોગ્ય છે એજ રીતે પુસ્તકાદિનું જ્ઞાન તે ખરૂ જ્ઞાન નથી પણ આત્માનું જ્ઞાન એજ ખરૂ જ્ઞાન છે શુદ્ધ ચારિત્ર ધર્મરૂપ આત્માનુ આરાધન કરીને અનંતા જીવો તરી ગયા છે, તરે છે અને

તરશે. પણ જેમણે આત્માનું ચિંતવન કરેલ નથી અને માત્ર પુસ્તકાદિનું પાંડિત્ય મેળવ્યું છે એ વાતો અનંતા ડૂબી ગયા છે. એને માટે પા. ૩૩ જૈન દયા પા. ૫૩ પ્રવચન તા. ૨૫-૮-૨૯ પૃષ્ટ ૧૦ ઉપર વાંચવામાં આવે છે કે" એજ દ્વાદશાંગીને પામીને પૂર્વે અનંતા આત્મા ડૂબી ગયા, વર્તમાનમાં સંખ્યાબંધ ડૂબે છે અને ભવિષ્યમાં અનંતા ડૂબશે" આતી સ્પષ્ટ સમજાય છે કે સાધુનો વેશ કે વ્યાખ્યાન વાણીથી ભરમાઈ જવું નહિ. જ્યાં શુદ્ધ ચારિત્ર ધર્મના આરાધન રૂપ આત્મચિંતવન છે ત્યાંજ તરવાનો ખરેખરો માર્ગ છે. પણ જ્યાં વિદ્વતા છતાં શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન નથી ત્યાં. ડૂબવાનોજ માર્ગ છે આ વસ્તુ મુમુક્ષુઓએ વારંવાર વિચારવા યોગ્ય છે.

પા. ૫૩ જૈન સાધુ પા. ૯૭

જૈન પ્રવચન વર્ષ ૯ અંક ૨૭ તા. ૨૦-૨-૩૮ પૃષ્ટ ૨૮૩ ઉપર વાંચવામાં આવે છે કે "પ્રભુની આજ્ઞા મુજબ વર્તવાની તત્પરતા એજ સાચી પ્રભુ પૂજા છે" આથી સમજી શકાય છે કે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એજ સાચી પ્રભુ પૂજા છે. પ્રભુની આજ્ઞા તો નિરવધ કરણી કરવામાંજ છે. જે વડે આત્મચિંતવન થઈ શકે તે નિરવદ્ય કરણી છે. આત્મચિંતવન કરવું કે આત્મામાં આત્માની શોધ કરવી એજ નિરવદ્ય કરણી છે, એજ શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન છે માટે એજ સાચી પ્રભુ પૂજા છે. જે કરણી સાવધ હોય કે જેમાં સાવધની ગંધ સરખી યે હોય તેવી કરણી કરવાની પ્રભુની આજ્ઞાજ નથી માટે

સાવદ્ય કરણી કરવી અને એને પ્રભુની પૂજા કરાવવી એ તો અજ્ઞાનતાનું મહા પ્રદર્શન ભરવા બરાબર છે. સાવદ્ય પૂજા તો ગૃહસ્થો કરે છે પણ સાધુ કરી શકે નહિ, કરાવી શકે નહિ અને કરતાને રૂડું જાણે નહિ. આત્મ ચિંતવન સિવાયની બીજી સઘળી વસ્તુઓ નિષેધવા યોગ્ય છે. એને માટે પા. ૬૧ જૈન દયા પા. ૭૧માં બાલ બ્રહ્મચારી તપસ્વીજી મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ મુંબઈ સમાચાર તા૦ ૧૦ આગષ્ટ ૧૯૩૯ના પૃષ્ટ ૧૪ ઉપર કહે છે કે "શરીર મારૂં છે, લક્ષ્મી મારી છે. કુટુંબ મારૂં છે, એ માન્યતા તદ્દન ખોટી છે. જ્યાં વસ્તુની કિંમત નથી ત્યાં સાચો માર્ગ જડતો નથી." આ બતાવે છે કે શરીર આપણું નથી કેમકે આપણે તો આત્મા છીએ, અવિનાશી છીએ અને શરીર તો પર છે અને નાશવંત છે. એ જ પ્રમાણે લક્ષ્મી અને કુટુંબનું પણ સમજવું. જ્યાં આત્મ ચિંતવનનો સાચો માર્ગ મળ્યો નથી ત્યાં જ સઘળાં ફાંફાં હોય છે. જે કહેવાતા સાધુઓને આત્મચિંતનનો મહાપંથ હાથ લાગ્યો નથી તેઓ અજ્ઞાન વશાત્ પોતાની જ પ્રભાવનામાં પડી જાય છે એને માટે પા. ૮૨ જૈન દયા પા. ૪૫ જૈન પ્રવચન તા. ૧૧-૧૨-૩૨ પૃષ્ઠ ૩૧૦ ઉપર કહે છે કે "જે સાધુઓ પોતાની જ પ્રભાવનામાં પડી જાય છે તે સાધુ માત્ર વેષધારી છે." આવા નિજ પ્રભાવનાના મોહમાં પડેલા વેષધારીઓ કે ભેખધારીઓ પોતાની પ્રભાવના કરાવવા માટે ધન જોઈએ માટે ધનવાનોની વૈયાવચ્ચ-ખુશામત-કરે છે. એને માટે

સિદ્ધચક્ર તા. ૬–૬–૩૫ પૃષ્ટ ૩૮૧ ઉપર વંચાય છે કે "સાધુએ સર્વ સાવદ્યનો ત્યાગ કરેલો હોવાથી તે ગૃહસ્થની વૈયાવચ્ચ કરી શકતો નથી." આ તો માત્ર કહેવાની વાત છે. બાકી જેઓ આત્મ ચિંતવન કરતા નથી તેવાઓ ઉપર ઉભા રહીને મકાન, આશ્રમ, દેવલ, ભંડાર, વગેરેને લગતાં સાવદ્ય કામો કરે છે અને કરાવે છે. એવાં કામો પાર ઉતારવા માટે ગૃહસ્થોનાં મોઢાં ખોલાવે છે. આ સઘળા શુદ્ધ ચારિત્ર ધર્મથી ભૂલા પડેલા છે.

જે આત્માનું ચિંતવન કરે છે એટલે કે શુદ્ધ ચારિત્ર ધર્મનું ભગવાનની આજ્ઞા પ્રમાણે આરાધન કરે છે તેજ જૈન ધર્મનો સાચો સાધુ છે. અને આવા પવિત્ર જીવન ગુજારનારા સાધુઓની જે ઉપાસના કરે છે તેવાઓજ સાચા શ્રમણોપાસક કે શ્રાવકો છે. બાકી નામધારી સાધુ અને શ્રાવકોની કશીયે કિંમત જીનશાસનમાં તો નથી.

આ સઘળી વસ્તુનો વિચાર કરીને જે કોઈ ભાઈ જીવ શુદ્ધ આત્માનું આરાધનરૂપ પોતાના આત્માનું આરાધન કરશે તે પરંપરાએ પરમપદને પામશે.

આવો ઉત્તમ સંગ્રહ એકઠો કરી પ્રગટ કરવા માટે ધન્યવાદ ઘટે છે.

તા. ૨૭–૩–૪૧ મુંબઈ, ૧૭૨ હોર્નબી રોડ, ફોર્ટ

ઉપોદ્ઘાત.

(લે. ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી, મુંબઇ.)

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ જે કાંઈ જ્ઞાન પ્રકાશ્યું હતું તેનો અવશેષ દ્વાદશાંગી વાણી રૂપે મોજુદ છે. દ્વાદશાંગીમાંથી દૃષ્ટિવાદ નામનું બારમું અંગ તો સમૂળું વિચ્છેદ ગયું છે. બાકી અગ્યાર અંગો રહ્યાં છે. આ અગ્યારે અંગોમાં વર્તમાન કાળે જે જ્ઞાન વાંચવામાં આવે છે તે મૂળનાં અગ્યારે અંગોમાંનાં જ્ઞાનનો અવશેષ માત્ર છે. તેમ છતાં જે છે તે અત્યારે એમાંજ છે ખરૂં જોતાં જીનશાસનમાં આ દ્વાદશાંગી કહો કે હાલમાં મળી આવતાં અગ્યાર અંગો કહો પણ એમાં જે જ્ઞાન છે તે તો શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું પ્રકાશેલું છે. આ એકાદશ અંગો સિવાયનાં બીજાં સ્થવીર ભગવંતોએ રચેલાં સૂત્રો છે. એને સૂત્રો કે આગમો એટલાં માટે કહેવામાં

આવે છે કે એમાં પ્રકાશેલું જ્ઞાન એકાદશ અંગમાંના જ્ઞાનથી વિપરિત તો નથી જ. એકાદશ અંગો સહિત આવાં સૂત્રો હાલમાં કેટલાક સૈકાઓથી પિસ્તાલીશ મોજુદ છે એમ સ્વીકારાયલું છે. આ પિસ્તાલીશે આગમોના મૂળ પાઠોમાં શ્રી વીતરાગદેવની વાણી ભરેલી છે એમ પરંપરાથી કહેવાતું આવે છે એથી પિસ્તાલીશ આગમો પ્રમાણ ભૂત કે અસલના વારામાં મૂળ સૂત્રોજ પ્રમાણભૂત હતા અને આજે પણ એમજ છે. છતાં પાછળથી કેટલાક વિદ્વાન મહાપુરૂષોએ આ પિસ્તાલીશ આગમો પૈકી કેટલાક સૂત્રો ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, અવચૂરિ, વગેરે રચેલાં છે. મૂળ સૂત્રો તે વીતરાગ દેવની વાણીરૂપ હોવાથી આપણને સૌને શિર્ષાવંદ્ય છે. પણ મૂલ સૂત્રો ઉપર ટીકાઓ વગેરે રચેલાં છે કે જેને 'પંચાંગી વાણી' તરીકે ઓળખવામાં આવે છે આમાંથી મૂલ સૂત્રો બાદ કરતાં બાકીની વાણી તો છદ્મસ્થોએ રચેલી છે. તેથી વીતરાગ દેવની વાણી જેમ સર્વાંગ સંપૂર્ણ પ્રમાણભૂત છે તેમજ છદ્મસ્થોની વાણી સર્વાંગ સંપૂર્ણ પ્રમાણભૂત ગણી શકાય નહિ. હાલમાં મૂલ સૂત્રો ઉપર જે ભાષ્યો મળી આવે છે તેને સર્વાંગ સંપૂર્ણ પ્રમાણભૂત તો ગણી ન શકાય પણ ભાષ્યો તરીકે સ્વીકારી શકાય કે કેમ એ પણ એક સવાલ છે. સૂત્રોમાં જે શબ્દ રચના છે. એ શબ્દોનું વિશેષે કરીને સમજાવટ કરાવનારૂં જેમાં વિવેચન હોય તે જ ભાષ્ય કહી શકાય. આવી જાતનાં ભાષ્યો 'પાણિનિ વ્યાકરણ, યોગ દર્શન, ન્યાય દર્શન, વેદાંત દર્શન, વગેરે ઉપર રચાયલાં

વાંચવામાં આવે છે. એમાં જે સૂત્ર કે શબ્દની ચર્ચા ચાલુ કરી હોય તે તેવા જ સ્વરૂપમાં આગળ વધે પણ વિષયાંતર થઇને કોઈ બંધબેસતી નહિ તેવી નવી વાત ઊભી કરે નહિ. પિસ્તાલીશ આગમો પૈકી જે થોડાંક સૂત્રો ઉપર ભાષ્યો વાંચવામાં આવે છે તે તો એવી જુદી જ રીતે રચેલાં છે કે તેને ભાષ્યો તરીકે સ્વીકારી શકાય નહિ. એને ભાષ્યો તરીકે કહી શકાય જ નહિ. એમાં ઘણી વાતો ભળતા જેવી ઊભી કરીને દાખલ કરી દીધી છે. એવી જ દશા ચૂર્ણિની છે. મૂળ સૂત્રની માન્યતામાં વાંધો ઉભો થાય એવી બાબતો ચૂર્ણિમાં છે. ટીકાકારોએ તો મૂળ શબ્દોને સમજાવવાને બદલે અગડમ બગડમ વાતો કરી દેવામાં ખામીજ રાખી નથી. જુઓને પ્રાતઃ-સ્મરણીય શ્રી કલ્પ સૂત્ર ઉપર વિનય વિજયજી સમય–સુંદર, વગેરે એ ટીકાઓ રચી છે એમાં મૂળ સૂત્ર કે એના શબ્દોનું સ્પષ્ટીકરણ કરવાના નામે કેટલી બધી સૂત્રમાં જે હકીકતજ નથી એવી નવી નવી હકીકતો દાખલ કરી દીધી છે અને ભોળા લોકો પાસે તે વાતો પ્રમાણભૂત બનાવી દીધી છે. દાખલા તરીકે શ્રી કલ્પસૂત્રના મૂળ પાઠમાં કોઇ પણ સ્થળે 'પવિત્ર જીતપ્રતિમાજી' સંબંધી ઈશારો સરખોયે કરવામાં આવ્યો નથી કે આઠ દિવસનાં પર્યુષણ પર્વ હોય તેવી કોઇ સમશ્યા કરી નથી છતાં ટીકાકારોએ 'જીનપ્રતિમાજી' વગેરેને લગતી કેટલી બધી વાતો ઉમેરીને મોટો શંભુમેળો ભરી દીધો છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના જીવનચરિત્રમાં પણ કેટલી નવી

ઉભી કરેલી વાતોનું ભરણું કરી દીધું છે. આવી જાતની ટીકાઓ તે ટીકાઓ નથી, આવી જાતનાં ભાષ્યો તે ભાષ્યો નથી અને આવી જાતની ચૂર્ણિઓ તે ચૂર્ણિઓ નથી. છતાં કોઇ પણ ગચ્છના આગ્રહવાળા કે મત મતાંતરની માન્યતા ધરાવનારાઓ આવાં ભાષ્યો વગેરેને વીતરાગદેવની વાણીનાં જેટલાંજ પ્રમાણભૂત ઠરાવવાનો પ્રયત્ન કરે કે આગ્રહ ધરાવે તો તેમને તેમ કરવા દો. ખરી હકીકત એવી છે કે વીતરાગદેવથી કોઈ મોટું નથી અને વીતરાગદેવની વાણી સમાન બીજા કોઇની વાણી નથી. આ પરમ સત્ય તો જેણે પોતાના આત્મામાં પોતાના આત્માની શોધ કરી છે કે તેમ કરવાની પરમ જીજ્ઞાસા જાગ્રત થઈ છે તેજ સમજી શકવાને ભાગ્યશાળી બને છે. જેનામાં ક્ષયોપશમનો ઉદય નથી તે આવી વાતને કયાંથી સમજી શકે!

શ્રી વીતરાગદેવની પવિત્ર વાણીનાં પ્રકાશનાં કિરણો ભવ્ય જીવોની નજરે આવે, તેવા પવિત્ર પ્રકાશને ભવ્ય જીવો પામે, તેનું રૂડે પ્રકારે આરાધન કરે અને કલ્યાણને મેળવે એટલા સારૂ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરનું, આગમોદ્ધારક જૈનાચાર્યજી શ્રી સાગરાનંદસૂરીશ્વરજી, પ્રસિદ્ધ વકતા કવિકુલકિરિટ જૈનાચાર્યજી શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી વગેરે વર્તમાન જૈનાચાર્યોનાં વચનામૃતોમાંથી દ્વાદશાંગી વાણીના મૂળ પાઠોને અનુકુળ સોનેરી વચનોની તારવણી કરીને આ પુસ્તિકામાં આપેલાં છે તે ભવ્ય જીવોએ વારંવાર વિચારવા યોગ્ય છે.

એમાંથી શુદ્ધ જૈન ધર્મનું સ્વરૂપ સમજી શકાય છે. એથીજ સિદ્ધચક્ર મે ૧૯૩૯ પૃષ્ટ ૩૬૮માંથી તારવી કાઢયું છે કે 'ધર્મનો વારસો ન આપનાર પિતા પિતાપણાને નાલાયક છે' એનો ભાવાર્થ એટલોજ છે કે જે પિતા પોતે ધર્મ પામ્યો હોય તેવો શુદ્ધ ધર્મ પોતાનાં બાળકોને ન પમાડે તો તે પિતાપણાને નાલાયક છે. એનો દાખલો લઈ હરકોઈ ભવ્ય પિતાએ પોતાનાં બાળકો અને ભાઈ ભાંડુઓને ધર્મ પમાડવાનો શુભ પ્રયત્ન કરવોજ જોઈએ.

આગળ ચાલતાં કહે છે કે જૈન પ્રવચન વર્ષ બીજું અંક ચોવીશ તા. ૨૯–૩–૩૦માં વાંચવામાં આવે છે કે "મુનિ છ કાયના રક્ષક છે એજ માટે મુનિએ પાટે બેસ-વાનું છે. છમાંથી એકેને મારવાની સલાહ સાધુથી આપી શકાય તેમ નથી." ખરૂં જોતાં સાધુઓ તો પોતાના આત્માના આરાધનમાં પડયા હોય છે. એમને બહારની દુનિયા સાથેનો સંબંધ છોડી દીધો હોય છે તેથી ત્યાં છકાયની હિંસાને સ્થાનજ નથી, જે સાધુ નામ ધરાવીને શુદ્ધ ચારિત્ર ધર્મના પાલનરૂપ આત્માનું ચિંતવન કરતા નથી તેવા બહિર્દ્રષ્ટિઓજ છકાયની હિંસા કે છકાયમાંથી કોઈ પણ જીવની જે કાર્યથી વિરાધના થાય તેવાં કાર્યોની ધર્માદિકના બહાના હેઠળ કે થોડું પાપ અને ઘણું પુણ્ય એવી ઉપજાવી કાઢેલી વાતો હેઠળ હિંસાનો ઉપદેશ આપે છે. આવી જાતનો હિંસાનો ઉપદેશ આપનાર સાધુ તે સાધુજ નથી ઘણા લોકો કે મોટા ધનવાનો એવાને સાધુ તરીકે સ્વીકારી લેતા હોય

તેથી તેવા અસાધુમાં સાધુ પણું ભગવાનની દૃષ્ટિએ આવી શકતું નથી. જૈન પ્રવચન વર્ષ ૮ અંક ૪૨ પૃષ્ટ ૫૪૬ તા. ૯-૫-૩૭માં વાંચવામાં આવે છે કે "સાધુઓ માટે સંયમ જાત્રા ઉત્તમોત્તમ યાત્રા છે." નિર્વાણ માર્ગની સાધના કહે તેજ સાધુ છે. આત્મામાં આત્માની શોધ કરવી કે શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરવું એજ નિર્વાણનો માર્ગ છે. આવી રીતે જે આત્મ ચિંતવનરૂપ શુધ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરે છે તેજ સાધુ છે અને એમનો શુદ્ધ ચારિત્ર ધર્મ કે નિજસ્વરૂપમાં સ્થિરતા એજ મહાસંયમ છે અને એજ મહા યાત્રા છે. માટે સાધુઓ માટે તો શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન કરવા રૂપ કે આત્માની આરાધના કરવા રૂપજ ખરેખરી જાત્રા છે. બીજી કોઈ જાત્રા સાધુઓ માટે હોઇ શકે નહિ. સંસાર સમુદ્રમાંથી તરીને પેલે પાર કે નિર્વાણપદમાં પહોંચાડે તે યાત્રા છે. આવી યાત્રા તો શુદ્ધ ચારિત્ર ધર્મના આરાધન રૂપજ છે. જૈન પ્રવચન તા. ૩૦-૫-૩૭ પૃષ્ટ ૫૭૦ ઉપર કહેછે કે "સંસાર એટલે દુઃખનો પાર નહિ અને વાસ્તવિક સુખનું નામ નહિ." દેહ છે એ પણ એક સંસારજ છે. જ્યાં દેહભાવ મુખ્ય પણે વરતે છે ત્યાં સંસાર છે અને તેથી ત્યાં દુઃખ દુઃખ ને દુઃખજ છે. દેહભાવ કે જગત ભાવમાં સુખ હોયજ શાનું ! સુખ તો આત્મામાંજ છે. દેહની કે જગતની જંજાળમાં સુખનો અંશ પણ નથીજ. સુખની ઇચ્છા કરનારે દેહ સહિત સકલ જગત જંજાળને ભૂલી જઇને કેવલ પોતાના આત્મામાં પોતાના

આત્માની શોધ કરવી જોઇએ. જે કોઈ આત્માની શોધ કરે છે તેને સુખ સાંપડે છે. સુખ મેળવવાનો માર્ગ નિરવદ્ય છે અને દુઃખ મેળવવાનો માર્ગ સાવદ્ય છે. જેને જે પ્રિય હોય તેઓ તેવે માર્ગે જાય છે. માટેજ જૈન પ્રવચન તા. ૨૫–૬–૩૩ પૃષ્ટ ૭૧ ઉપર કહે છે કે "આત્મા અને જડનો સંયોગ એજ સંસાર અને જડથી આત્માનો વિયોગ તેનું નામ મુક્તિ છે તથા જડ અને ચેતનના યથાસ્થિત સ્વરૂપનો વિવેક તેનું નામ સમ્યગ્દર્શન છે તેમજ જૈન પ્રવચન તા. ૧૦–૭–૩૨ વર્ષ ૪થું અંક પમો પૃષ્ટ ૫૮ ઉપર કહે છે કે "ગુરૂ તેજ છે કે જે એ આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સંસારનો ત્યાગ કરી બીજાને તેનો ત્યાગ કરવા સમજાવે છે" આથી સ્પષ્ટ થાય છે કે આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એજ મોક્ષ સ્વરૂપ છે. આત્મામાં દેહ ભાવ છે તેજ સંસારરૂપ છે. આત્મામાંથી દેહ ભાવ દૂર થાય તો સકલ સંસારનો અંત આવે. આત્મામાં દેહભાવ છે એજ આધિ, વ્યાધિ ને ઉપાધિના કારણભૂત છે. માટે આત્મામાંથી દેહ ભાવનો ત્યાગ એજ ખરો યાગ છે. જેણે આત્મામાંથી દેહભાવનો પરિત્યાગ કરી દીધો છે એજ ગુરૂ થવાને લાયક છે. આવા આત્મનિષ્ઠ ગુરૂઓજ બીજાઓને સંસારની જાળમાથી બચાવી શકે છે. જેના આંત્મામાં જગત જંજાળ બળ્યા કરે છે તેવા ગુરૂ થઈ બેઠેલાઓ તો ખરૂં જોતાં શુદ્ધ ગુરૂઓનો દ્રોહ કરી રહ્યા છે. આવા સર્વસંગ પરિત્યાગી મહાપુરૂષોને ફંડે શું ને ફાળાએ શું! માટેજ

જૈન પ્રવચન તા. ૨૩–૧૨–૩૪ પૃષ્ટ ૩૪૯ ઉપર કહે છે કે 'સાધુથી ફંડ ઉઘરાવાયજ નહિ! જો સાધુથી સાધુથી ફંડ ઉઘરાવાય નહિ તો બીજા ફંડ ઉઘરાવતા હોય તેવાઓને મદદ આપી શકાયજ શી રીતે! આત્મનિષ્ઠ સાધુઓ સદાયે શુધ્ધ ચારિત્ર ધર્મનું આરાધનજ કર્યા કરે. એમણે તો સદાને માટે સાવદ્ય યોગના પ્રચખાણ કર્યા હોય છે ફંડ ફાળો ઉઘરાવવો કે કોઇ ઉઘરાવતો હોય તેમાં ભલામણ કરાવી એ તો સાધુઓને માટે સાવદ્ય કરણીરૂપજ છે. માટે શુદ્ધ સાધુ હોય તે તેમ કરેજ નહિ. જૈન પ્રવચન તા. ૨૨–૯–૨૯ પૃષ્ટ ૧૫૨ ઉપર એમ વાંચવામાં આવે છે કે "બેઘડી પર્યંતના સાવદ્યના ત્યાગવાળો સામાયિકમાં રહેલો દેશ વિરતિ શ્રાવક પણ દુનિયાદારીની વાત ન કરે, પૈસા મૂકવાનું, પાણીનો લોટો ભરવાનું, મહેમાનને માટે ગાદી પાથરવાનું ન કહે." આ બતાવી આપે છે કે શ્રાવકોએ સામાયકમાં કેવલ આત્માનું ચિંતવનજ કરવાનું છે. આત્માનું આરાધન કરવું એજ એક નિરવદ્ય છે પણ બાકીનું દેહ સાથે સંબંધ ધરાવનારૂં બીજાને પાણી આપવું, બીજાને આસન આપવું, બીજાને અનાજ આપવું, વગેરે સાવદ્ય એટલે પાપવાળું કર્મ છે. ત્યાં સવાલ એકજ ઉભો થાય છે કે જે કરણી કરવાથી સામાયકમાં બેઠેલા વાણિઆને પાપ લાગે છે તેજ કરણી કરવાથી સામાયક વગરના વાણિઆને શું ફલ થાય ? આ પ્રશ્નનો ઉત્તર નહિ સમજનારા ઘણા જીવો અને ઘણા કહેવાતા ગુરૂઓ સાવદ્યને નિરવદ્ય તરીકે

સમજી લે છે એથી ધર્મ કરણીમાં મોટો ગોટાળો ઉભો થાય છે અને એથીજ ઘણા જીવો ધર્મ કરતાં ધાડ વહોરી બેસે છે. જૈન પ્રવચન તા. ૧૯–૩–૩૯ પૃષ્ઠ ૨૯૩ ઉપર કહે છે કે અહિહંત પરમાત્માએ પ્રરૂપેલો ધર્મ એજ એક મોક્ષનો ઉપાય છે." આથી સ્પષ્ટ થાય છે કે વીત-રાગદેવની વાણી રૂપ દ્વાદશાંગીવાણીમાં ભગવાને જે આજ્ઞા ઓ ફરમાવી છે તેજ મોક્ષના ઉપાય રૂપ છે પણ ભગ-વાનની આજ્ઞાની વિરૂધ્ધ જે કોઈ છદમસ્થોએ નવી આજ્ઞા ઓ ઉભી કરી હોય તે મોક્ષના ઉપાય રૂપ નથી અરિહંત દેવોએ તો કેવલ આત્મધર્મ પ્રરૂવેલો છે. નિરવધ કરણી કરવાથી આવો આત્મધર્મ પ્રાપ્ત થાય છે. એમ સ્પષ્ટ ફરમાવેલું છે આત્મામાં આત્માની શોધ કે શુધ્ધ ચારિત્ર ધર્મનું પાલન એજ નીરવધ કરણી છે આ રીતે શુદ્ધ જૈન ધર્મનું સ્વરૂપ ભવ્ય જીવો સમજતા થાય અને શુધ્ધ જૈન ધર્મને આશરે શુધ્ધ સાધુ અને શુધ્ધ ગુરૂના યોગને પામે તો તેમનું પરમ કલ્યાણ થાય એવા શુભ હેતુથી જ આ પુસ્તિકા તૈયાર થઈ છે.

વર્તમાન કાળમાં જીન શાસનમાં અનેક ગચ્છભેદો, મતભેદો અને ક્રિયાભેદો ચાલે છે. એથી જીન શાસનની સ્થિતિ ઘણી કઢંગી થઈ પડી છે. શુદ્ધ જૈન ધર્મ કોને કહેવો તે સમજવું ઘણા જીવો માટે દુર્લભ થઇ પડયું છે. જીન શાસનમાં અનેક નવી નવી બાબતો ઘર કરી રહી છે. પીળો કપડો, પાંજરાપોળો, વરઘોડા વગેરે બૌદ્ધોની અસરરૂપ છે, દિગંબર પણ એ આજીવિક કે ગોશાલકજીના

મતની અસર છે. સર્વસંગ પરિત્યાગરૂપ શુદ્ધ ચારિત્ર ધર્મની આરાધના એ નિર્ગ્રંથની અસરરૂપ છે. આમાં શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન એજ શુદ્ધ જીનશાસનરૂપ છે આવું શુદ્ધ ચારિત્ર ધર્મનું આરાધન આ કાળે આ દેશે જૈન શ્વેતાંબર તેરાપંથમાં થઇ રહ્યું છે પણ તે તો જાય, તપાસે, અભ્યાસ કરે, પૂછે તેને સમજાય તેવું છે. આવા શુદ્ધ ચારિત્ર ધર્મનું જ્યાં આરાધન થઈ રહ્યું છે ત્યાં જવાની તો પોતાના ભકતોને બીજા મત ગચ્છના સાધુઓ ના પાડી રહ્યા છે અને એ રીતે ઘણા ભવ્ય જીવોને શુધ્ધ જૈન ધર્મથી વંચિત કરી રહ્યા છે. એ પંચમ આરાનો મહા ચમત્કાર છે આ શુધ્ધ જૈન ધર્મરૂપ જૈન શ્વેતાંબર તેરાપંથના પરમેશ્વર તૂલ્ય આગમ નિગમના પારગામી જૈનાચાર્ય પૂજ્યજી મહારાજ શ્રી તુલસીરામજી સ્વામી સારાયે ભારત વર્ષમાં સમગ્ર જૈન સમાજમાં અજોડ જૈનાચાર્યજી છે. એમની વીતરાગ દશા પરમ શાંતિ, પરમ નિર્વિકારી પણું, વગેરે મહાન્ સદ્‌ગુણો ખરેખર અજોડ છે. આવા મોટા પુરૂષના ગુણ ગ્રામ કરવાથી આત્મા ઘણો હળવો થાય છે અને ઉંચો ચઢે છે આ કાંઈ અતિશયોક્તિની વાત નથી. જે કોઈ જાય, નજરે જુએ પૂછે અનુભવ કરે તેને તરત જ ખાત્રી થાય! આવો શુભ પ્રયત્ન કરવા માટે ધર્મનિષ્ઠને ખરેખર ધન્યવાદ ઘટે છે.

તા. ૨૮–૩–૪૧, મુંબઈ હોર્નબીરોડ, ફોર્ટ

પાંચ મહાવૃત લીધા તે પાળે નહી,
પાળે તેનાથી દ્વેષ;
કહેવાય સાધુ જૈનના,
વળી કહેવાય સુરી એશ;
એવડો મૂર્ખ તેને પ્રભુજી એ કહ્યો.
પ્રથમ આચારંગ દેખ

નમો અરીહંતાણં

અરૂપી

પંચાગી પા. ૬૭ શ્રી સીધચક્ર વર્ષ–૯ અંક ૩–૪ તા. ૨૯–૧૧–૪૦ પા. ૫૩ સમાધાનકાર શ્રીમદ આચાય સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ.

આત્મા અરૂપી છે તો તપશ્ચર્યાના પરિણામ તો તેવા અરૂપી છે પરિણામ પણ આત્માજ છે.

૨. અનુકંપા

જૈન પ્રવચન પા. ૨૯૧ તા. ૧૯–૯–૧૯૩૯.

જૈન દયા પા. ૧૦ પોતાના આત્મા ઉપર અનુકંપા પ્રગટયા વીના બીજાના આત્મા ઉપર સાચી અનુકંપા પ્રગટવી એ શકયજ નથી.

૩ (અનુમોદના)

અઢારે પાપ લાગે જૈન દયા પા. ૨૧

સીધચક્ર તા. ૬–૧૨–૧૯૩૪ પાનુ ૭૭.

સર્વે જગતના જીવોના અઢારે પાપ સ્થાનકની અનુમોદનાના ભાગીદાર જ છે. અનુમોદનાથી આવતા

નમો સિદ્ધાણું
પાપકર્મનું રોકાણ ગૃહસ્થને હોતુ જ નથી પણ તે અનુમોદનાના પાપનું રોકાણ તો સવવૃતીવાલા સાધુઓને જ હોય છે.

૪ અવ્રત

૧ શ્રી સીધચક્ર વર્ષ ૨ અંક ૧૪ ૧૩-૪-૩૪ પાનુ. ૩૨૨ એ માટે સંસારરૂપ કમીટીમાંથી જ્યાંસુધી રાજીનામુ આપતો નથી ત્યાંસુધી અવીરતી રૂપ પાપની જોખમદારીમાંથી છુટી શકતો નથી.

૨ શ્રી સીધચક્ર પા. ૧૯૨ તા. ૧૫-૧-૧૯૩૪ વર્ષ ૨ અંક ૮મો સમકીતી જીવ પોતે પાપ કરે તે નિંદે અને ગુરૂની સમક્ષ ગર્હે, આરંભ, પરીગ્રહ, વિષય કષાદિની અનુમોદના સમકિતીના મુખમાંથી કદી નીકળે જ નહી. અર્થાત પોતાના દોષને સમકીતી ખરાબ જ માને.

અવ્રત

જૈન દયા પા ૩૪ જૈન પ્રવચન ૧૪-૭-૧૯૨૯

૩ અવીરતીની ક્રીયા એટલે છકાય જીવની વીરાધના, મૃખાભાષણ, ચોરી સ્રીસંગ, પૈસોટકો વીગેરે પરીગ્રહ રાખે.

જૈન દયા પા. ૩૪

૪ જૈન પ્રવચન વર્ષ ૧લુ અંક. ૧૪ તા. ૨૨-૯-૧૯૨૯ પાનુ. ૧૪૫ મુનીને અવીરતી નથી દોષને ઇરાદા પુર્વક સંઘર્યો નથી મુનીને સર્વથા અહીંસક કહ્યા છે કારણ કે તેઓએ ત્રીધા ત્રીધા એટલે મન, વચન અને કાયાથી

નમો આયરીયાણં

ન કરવું ન કરાવવું ને ન અનુમોદવુ તે મુજબનું સર્વ સાવદ્ય યોગનુ પચ્ચખાણુ આખી જીંદગી માટે કરેલ છે.

૫ પાનુ. ૧૪૬ સાધુએ છોડયુ તેને શ્રાવક છોડવા જેવું માને.

૫ અહીંસા

જૈન પ્રવચન વર્ષ ૪ થું અંક ૮ મો પાનું ૮૮ અમીરઝરણા, ૮૦૦. અહીંસા પરમો ધર્મ કહેનાર શ્રી જીનેશ્વર દેવના શાશનમાં અહીંસાની પુષ્ટી કરનાર શિવાય બીજી એક પણ વાત નહી નીકળે.

૬ અજ્ઞાન

ધી યંગ મેન્સ જૈન સોસાયટી સાહીત્ય અંક શ્રા. સુદ ૧૫ પા. ૧૧૨

વેદ, પુરાણુ, સ્મૃતિ, રાજનીતી, વૈદક, જ્યોતીષ વીગેરેના જ્ઞાનો વીરતી ના હેય, જ્ઞેય, ઉપાદેયના વીભાગ જાણવાને અંગે રચવામાં નહી આવેલા હોવાથી તેને અજ્ઞાન તરીકે ગણુવામાં આવે છે.

૬ અ અનર્થનું મુળ પા. ૧૩૯

સર્વ અનર્થનું મુળ પણ દ્રવ્ય જ છે.

૭. આચાર જૈન દયા પા. ૩૪

જૈન પ્રવચન તા. ૧૪-૭-૧૯૨૯ રવીવાર પાનું ૩

આચારમાં રહી ને થાય તેટલું કરવું આચારને છેદીને તો નહીજ.

૮ આગ બુઝાવવા

નમો લોવઝાયણું

જૈન સાધુ પા. ૮૯—૯૦—૯૧

જૈન મુની અને ગાંધીજી વચ્ચે સંવાદ.

આચાર્ય વિજયલબ્ધીજીનો ખુલાસો.

સાંજ વર્તમાન તા. ૧૫ મી મે, ૧૯૨૫.

"સાંજ વર્તમાન" પત્રના અધીપતી જોગઃ—

સાહેબ,

જ્યારે પોતાનો ઉપાશ્રય સળગતો હોય તેનો પણ મુનિને બુઝાવવાનો હક નથી ત્યારે પાડોશીના ઘરને માટે મુનિઓને ચિંતા કરવા જેવું હોયજ શાનું ?

આધા કર્મી

જૈન દયા પા. ૩૨

જૈન પ્રવચન તા. ૭—૭—૧૯૨૯ પાનું ૯ પ્રભુએ કહ્યું કે મુનીઓને આધા કર્મી અને આહુત દોષથી દુષીત એવો આહારાદી કલ્પે નહી.

૧૦ આશ્રવ સંવર

જૈન દયા પા. ૩૮

જૈન પ્રવચન તા. ૧૬—૩—૩૦ પાનુ ૪૫૨

આશ્રવનો ત્યાગ કરવો ને સંવરનો સ્વીકાર કરવો આશ્રવ સંસારને વધારે છે માટે હેય છે અને સંવર સંસારનો નાશ કરે છે માટે ઉપાદેય છે.

૧૧ આયુષ્ય

નમો લોએ સવ્વસાહુણં

જૈન દયા પા. ૪૬

જૈન પ્રવચન સં. ૧૯૮૮ અશાડ સુદ ૧૫ તા. ૧૭-૭-૧૯૩૨ વર્ષ ૪થું અંક ૬ પા. ૬૮

ભગવાનને ફરમાવ્યું કે હે શક્ર આયુષ્યને સાંધવા માટે કોઈ પણ સમર્થ નથી.

જૈન પ્રવચન વર્ષ ૪ અંક ૨૦ પા. ૨૪૦

એથી કોઇને બચાવવાને બહાને અને કોઈના ઉપર કહેવાતો ઉપકાર કરવા માટે ગમે તેવા આરંભ, સમારંભ કરવાનું વીધાન જૈન સાહિત્યમાંથી નહી નીકળે મહા-વ્રતોને વેગળા કરીને અને પ્રતીજ્ઞાનો ભંગ કરીને પાર-કાનો ઉપકાર કરવાનું શ્રી જૈનદર્શનમાં છે જ નહી.

આરંભ

જૈન દયા પા. ૨૦મુ

૧ જૈન પ્રવચન તા. ૭-૧૦-૩૪ પાનુ-૨૧૪ શ્રાવક આરંભ, સમારંભને નરકનું કારણુ માને છે.

જૈન દયા પા. ૨૦મુ

૨ જૈન પ્રવચન કાર શ્રીમદ્દ શ્રી વિજય રામચંદ્ર સુરીજી મહારાજ અમીઝરણા ત્યાગીના વેશમાં રહીને ધર્મને બહાને અનેકને આરંભ સમારંભના શિક્ષણદ્વારા ઉન્માર્ગે ચઢાવનારા આત્મનાશક હોઈ વસ્તુત ત્યાગી નથી.

જૈન દયા પા. ૨૦મુ.

એસોપંચ

૩ જૈન પ્રવચન વર્ષ-૧લુ અંક ૩૩મો શં. ૧૯૮૬ ફાગણુ વદ ૨ને રવીવાર તા. ૧૬-૩-૩૦ પાનુ ૪૪૯ દુનીયા તો આરંભ, સમારંભ, પાપ, પરીગ્રહમાં વધે છે એ રીતે વધીને આપણે અત્યાર સુધી રખડી મર્યા જો એવી પ્રવૃતી ન હોય તો આજે આ દશા ન હોત

જૈન સાધુ પા. ૯મુ

૪ જૈન પ્રવચનકાર શ્રીમદ વીજ્ય રામચંદ્ર સુરીજી મહારાજ વર્ષ ૧૦ અંક ૮મો શં. ૧૯૭૪ વરખે આશો સુદ ૨ તા. ૨૫-૯-૧૯૩૮ પાનુ ૧૦૨

શ્રી જીનેશ્વર દેવના સાધુઓને બહુ આરંભનો તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઇજ છે

સાધુ ઉપદેશ આપે નહી

૧૨. હીંસા

જૈન સાધુ પા. ૬

૫ શ્રી સીધચક્ર વર્ષ ૨ અંક ૧૯ પાનું ૪૫૧ સંવત ૧૯૯૦ જેઠ વદ ૦) તા. ૧૧-૭-૩૪ બુધવાર સમાધાન કરનાર શ્રીમાન શ્રી સાગરાનંદ સુરીશ્વરજી પ્રશ્ન ૬૯૩

પાણીની પરબો કરાવવા અને કુવો ખોદાવવામાં પાણી પીનારાઓને સંતોષ થાય અને તેથી પુન્ય બંધાય એવો સાધુ ઉપદેશ આપે કે નહી !

નમોક્કારો

સમાધાન-સુગડાંગ સુત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે તેવીજ રીતે ચૈત્ય અને ઉપાશ્રયને અંગે પણ છ કાયનો આરંભ થાય તેથી તે હીંસાનો ઉપદેશ પણ સાધુ આપે નહી. કુવો ખોદાવવા કે પરબો બંધાવવામાં વીગેરેમાં લાભ કહી શકાય નહી. મકાન કરવાનો ઉપદેશ પણ સાધુથી આપી શકાય નહી.

ઉપર જણાવેલા પાંચ મહાવ્રત કયાં કયાં! તે કહે છે. ૧. હિંસા ૨ જૂઠ ૩ ચોરી ૪ મૈથુન ૫ પરિગ્રહ. આ પાંચને ત્યાગ કરવા તેનું નામ પાંચ મહાવ્રત અંગીકાર કરેલાં કહેવાય.

આરંભ

પંચાગી પા. ૬૬

૬ જૈન પ્રવચન વર્ષ ૨જું પા. ૧૧૯ અંક ૧૦મો

તા. ૨૭-૭-૧૯૩૦ વર્ષ ૨જું અંક ૧૦મો પા. ૧૧૯

ગૃહસ્થોને ગૃહસ્થના ગૃહસ્થાવાસની કરણીઓ કરવાનો ઉપદેશ કરી રહ્યા છે તેઓ ભરબજારમાં પોતાનું સાધુપણાનું લીલામજ કરી રહ્યા છે કારણ કે જીનેશ્વર દેવના સાધુઓને જેમ બહુ આરંભનો ઉપદેશ કરવાની મનાઈજ છે તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈજ છે.

૧૩ આજ્ઞા

જૈન દયા પા. ૩૮

૧ જૈન પ્રવચન તા. ૧૩-૩-૧૯૩૮ પાનુ. ૩૨૧

ભગવાનની આજ્ઞા એ છે કે "પાપને પરી હરો અને ધર્મનું સેવન કરો."

સ૦વપાવ

આજ્ઞા

૨ જૈન સાધુ પા. ૧૩ વીરૂધ્ધ આજ્ઞા ન માનવી જૈન પ્રવચન કાર શ્રીમદ્દ આચાર્યવિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ ૧૦ અંક ૮મો તા. ૨૫–૯–૧૯૩૮ સંવત. ૧૯૯૪ આશો સુદ ૨.

પરમ કલ્યાણકારી અને એકાંતે પ્રાણી માત્રના હીતનોજ ઉપદેશ કરનાર શ્રી જીનેશ્વર દેવની આજ્ઞાથી વીરૂધ્ધ જતી આજ્ઞા માતાની પોતાની કે બીજા ગમે તેની હોય તો પણ તે ન જ માનવી જોઇએ.

૧૪ ઊઘાડે મોઢે

જૈન દયા પા. ૭૦

પ્રભુએ જૈન શાસ્ત્રમાં ઊઘાડે મોઢે બોલે તેને સાવધ જોગ ફરમાવ્યો છે શ્રી પ્રશ્નોત્તર રત્નચીતામણીમાં પાનું ૨૫૨ પ્રશ્ન ૧૭૭માં ભરૂચવાલા શેઠ અનુપચંદ મલુકચંદે ખુલ્લા મોઢે બોલવાથી સામાયકમાં દોષ લાગે છે છાપ્યુ છે.

૧૫ ઊત્તમ પાત્ર

જૈન દયા પા. ૪૫

જૈન પ્રવચન તા. ૨૮–૫–૩૩ પાનુ. ૧૩

રત્ન ત્રયી યુક્ત, પાંચ સમીતી ધરનારા ત્રણ ગુપ્તીથી શોભતા, પાંચ મહાવ્રતોના ધુરંધર સર્વ પરીગ્રહ ત્યાગી, ધર્મયાત્રાની જ પ્રવૃતી માટે બેતાળીશ દોષ રહીત આહાર વડે નીર્વાહ કરનારા નવ ગુપ્તી યુક્ત બ્રહ્મચર્ય થીઅલંકૃત, તણખલા માત્ર પરધનને વીષે સ્પહાવીનાના,

પણાસ઼ો

માનાપમાન લાભાલાભ, સુખદુઃખ, પ્રશંસાનીંદા, હર્ષશોક, ને વીષે તુલ્ય વૃતીવાળા, કૃત, કારીત અને અનુમોદીત ત્રણે પ્રકાકારતા આરંભ રહીત અને કેવળ મોક્ષને જ વીષે એકતાન મનવાળા મુની એ ઊત્તમ પાત્ર છે.

૧૬ ઉત્સુત્ર કથન

જૈન દયા પાનુ ૪૭

જૈન પ્રવચન તા. ૧૨-૧-૩૬ પાનુ. ૩૮૪

એક પણ શાસ્ત્રમાં દીક્ષા પહેલાં છ માસની કે યાવત એક દીવસની પણ પરીક્ષા કરવા માટે મુદત જણાવેલી નથી આમ કહેવું એ સત્યથી તદન વેગળુ છે ઉત્સુત્ર કથન છે.

૧૭ કારમા શત્રુ

જૈન દયા પા. ૪૧ પાનું ૨૮૮

જે આત્માઓની બુધ્ધી શ્રી જીનાજ્ઞાની સામે સ્વચ્છંદી બને છે તે આત્માઓ આ જગતમાં કારમો અનર્થ મચાવે છે અને તેમાં પણ સુવીહીત તરીકેની ખ્યાતીને પામેલા હોય છે તે તો સંખ્યાબંધ ભદ્રીક અને અજ્ઞાન આત્માઓ માટે તેઓ એક કસાઈથી કારમા શત્રુ જેવા બની જાય છે.

૧૭ A ૧ કુભાણુતર

જૈન દયા પા. ૪૦. ૪૧

જૈન પ્રવચનકાર શ્રીમદ વીજય રામચંદ્રસુરીશ્વરજી

મંગલાચુંચ

મહારાજ વર્ષ ૧૦ મું અંક ૨૪ મો સં. ૧૯૯૫ ફાગણ
વદ ૧૪ રવી તા. ૧૯–૩–૧૯૩૯ પા. ૮૮૬

આચાર્ય ભગવાન શ્રીમદ શાંન્તીસુરીશ્વરજી મહારાજા
સંકલીત શ્રી ધર્મ રત્ન પ્રકરણ બૃહદવૃતી રચનાર શ્રીમદ
દેવેન્દસુરીશ્વરજી

જે ભણતર આત્માના હીતનો ખ્યાલ ન કરાવે તે
તો કુભણુતર જ છે.

જૈન પ્રવચન તા. ૧૯–૩–૩૯ પાનુ. ૧૩૦

૧૮ ગ્રહસ્થ ધર્મ

શ્રી સીધચક્ર તા. ૧૩–૪–૩૪ પા. ૩૨૧

૧ ગૃહસ્થ ધર્મ (દેશ વિરતિરૂપ) તે તો ખાળે
ડુચા ને દરવાજા ખુલ્લા જેવો છે.

૨ શ્રી સીધચક વર્ષ–૫ અંક ૩ તા. ૨૮–૩–૧૯૩૬
પા. ૭૩ ગૃહસ્થને તો ભોજનમાત્ર પણ છકાય-
જીવની હીંસાથી જ થાય છે.

૩ પા. ૪૯ ગ્રહસ્થીને સુત્ર ભણુવા નિષેધ

પંચાગી પા. ૫૪

વલીય વિગય પડિભાખ્યને, વાંચના શ્રી ઠાણાંગે
નિષેધ
નવીય મનોરથ શ્રુત ભણુવા, તણો શ્રાવકને
સુપ્રસિધ્ધ ॥સ૦ ॥૧૩॥

સંવેગી

વાંચના દેતાંરે ગીહીને સાધુને, પાયચ્છિત ચઉમાસ
કહ્યું નિશીથેરે તો શુ એવડી, કરવી હોંસ
નિરાંશ ાાસ૦ ાા૧૪ાા

૧૯ ગાડરીયા પ્રવાહ

જૈન દયા પા. ૪૬

જૈન પ્રવચન તા. ૯-૬-૧૯૩૫ પાનુ. ૨૩

ગાડરીયા પ્રવાહને છોડે, ઘણા મુર્ખ લોકો જે રીતે ગાડરીયા પ્રવાહની જેમ ચાલે તેમ ન ચાલે પરંતુ જે કામ કરે તે વિચારીને કરે.

૨૦ ગુરૂ

જૈન સાધુ ચોપડી પા. ક સુગુરૂ સુધર્મ

૧ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ સં. ૧૯૮૯ પોશ સુદ ૧૦ રવીવાર તા. ૧-૧-૩૯ પાનુ. ૨૮૮ પરમાત્માની આજ્ઞા મુજબ મધુકરી વ્રતીથી જીવી સ્વપર શ્રેયની પ્રવૃતીમાં રકત રહેનારાનીગ્રંથોને સદગુરૂ તરીકે સ્વીકારવા જોઈએ

સુગુરૂ

૨ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ જૈન સાધુ ચોપડી પા. ૫ મું સદગુરૂ શં. ૧૯૯૪ ફાગણ સુદ ૫ રવી અંક ૨૯મો તા. ૬-૩-૧૯૩૮ પાનુ. ૩૦૯ શ્રી વીતરાગ પરમાત્માએ દર્શાવેલા માર્ગે ચાલવામાં સહાય કરનાર સદગુરૂઓ છે. સદગુરૂ તેજ

પઢમં

કહેવાય કે જે સદદેવની આજ્ઞાને સમર્પિત હોય સદદેવની આજ્ઞા મુજબ પાંચ મહાવૃતે.ને ધારણ કરીને નિગ્રંથપણે વીચરનારા હોય અને શકતી સામગ્રી મુજબ એક માત્ર મોક્ષ માર્ગનો જ જગતમાં પ્રચાર કરનારા હોય હીંસા આદી પાપોને સેવનારા અને પૈસા ટકા વીગેરે પરીગ્રહ રાખનારાને સદગુરૂ કહેવાય જ નહી દેખાવમાં ત્યાગી પણ જે અર્થ કામની વાશનાને વધારનારા હોય તેવાઓને પણ સદગુરૂ ન કહેવાય.

૨૧ ચોર

જૈન સાધુ પાનું ૭

૧૨ અર્થ અને કામનો ઉપદેશ આપનાર સાધુ મુકતી માર્ગનો ચોર છે.

૨૨ ચુકયા

ભગવાનની ભુલ

રાગસહિત ભગવાન

જૈન સાધુ પા. ૮૬

૧ શ્રી. ભગવતી સુત્રની ટીકામાં નવાંગી ટીકાકાર શ્રી. અભયદેવ સૂરી ફરમાવે છે કે શ્રી. મહાવીર ભગવાનને છદ્મસ્થ અવસ્થામાં રાગ સહીત હોવાથી અને ભવિષ્યના દોષ અજાણુ-હોવાથી ગોશાલાને શીતલ તેજોલબ્ધિ ફોડીને બચાવ્યો.

મંભક્ષ

જૈન સાધુ પા. ૮૮

૨ બતાવનાર શ્રીમદ સાગરાનંદ સુરીજી મહારાજ મહાવીર ભગવાને ભલે અભિગ્રહ કર્યો પણ તે અભિગ્રહ **શાસ્ત્ર પ્રમાણે દોષ યુકત છે**

ચુકયા

જૈન દયા પાનુ ૪૩

૩ જૈન પ્રવચન તા. ૧૮–૮–૧૯૨૯ તા. ૧૧ ભગવાન મહાવીરનો આત્મા વિષય કષાયને આધીન થઈ સત્યથી ચુકયા ? તો શાસ્ત્રે પોકારીને કહ્યુ હા. ચુકયા

જૈન દયા પા. ૪૩

૪ જૈન પ્રવચન તા. ૧૫–૧૨–૧૯૨૯ પા. ૨૯૦ પણ છદ્મસ્થ છે ત્યાં સુધી ભુલનો સંભવ તો ખરો એ બધાય શ્રી જીનેશ્વર દેવ પોતે સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી દેશના ન દે.

મોહ

૫ શ્રી સીધચક્ર વર્ષ ૩ અંક ૫ તા. ૨૦–૧૨–૧૯૯૪

પાનુ ૧૨૦

સમાધાન કાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ.

ભગવાન મહાવીર મહારાજ, ભાવિભાવ કહેવાથી કંઇ મોહોદય ન હતો એમ તો કહેવાય જ નહી નાશ ન થઈ શકે એવો પણ મોહનો ઉદય ભગવાન મહાવીરને તે વખતે હતો એમ શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે.

૯૧૬

૬ જૈન સાધુ પા. ૩૫ દીક્ષાનું સુંદર સ્વરૂપ પા. ૧૪૧-૧૪૨

શંકા સમાધાન કરનાર આચાર્ય આગમોધ્ધારક શ્રીમદ સાગરાનંદ સુરીજી મહારાજ માતપીતા જીવે ત્યાં સુધી દીક્ષા લેવી નહી એવો અભીગ્રહ કેમ કર્યો ? શંકાસમાધાન પ્રથમ તો તે અભીગ્રહ ધર્મરૂપ નથી પણ મોહના ઉદય રૂપ છે તે વાત અષ્ટકજીની ટીકામાં સ્પસ્ટપણે જણાવેલી છે.

૭ પુજ્ય શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી સંકલીત દીક્ષાનું સુંદર સ્વરૂપ

પરંતુ તે મોહથી આ આત્માનું કલ્યાણ થયું નથી.

૨૩ છદમસ્ત ભુલને પાત્ર

૮ જૈન પ્રવચન વર્ષ ૨ અંક ૮ પા. ૮૦ તા. ૧૩-૭-૧૯૩૦ પંચાગી પા. ૯૦

છદમસ્ત માત્ર ભુલને પાત્ર છે.

૨૪ સ્નેહરાગ

૯ શ્રી સીધ્ધચક્ર તા. ૧૭-૧૨-૧૯૩૩ પાનું. ૧૩૯ ૧ ભગવાન મહાવીર મહારાજા ઉપર શ્રી ગૌત્તમ સ્વામીજીને જીનેશ્વરપણાનો અપુર્વ પ્રશસ્ત રાગ હતો પણ સાથે સ્નેહરાગ પણ હતો. એ ગ્રંથમાં મોક્ષમાર્ગવાલાને વજ્રની સાંકલ જેવો રાગ ગણાવતા શ્રી ગૌત્તમ સ્વામીજીના રાગને સ્નેહરાગ ગણાવ્યો છે.

૨૫ જડ પ્રેમી

મંગલ:

જૈન દયા પા. ૪૭

૧ જૈન પ્રવચન તા. ૧૭–૭–૧૯૩૨ પાનુ ૬૩

આજની દીવાળી એવી ઉજવો કે આવતી દીવાળીએ જીવન આવું ને આવું જડપ્રેમી ન રહે.

૨ જૈન પ્રવચન તા. ૯–૧૦–૧૯૩૨ પાનું ૨૧૫ અમીઝરણા ૯૨૪ જડ વસ્તુ પ્રત્યે જેટલો આત્માને રાગ થાય છે તેટલુંજ આત્માને દુઃખ થાય છે જડ પદાર્થ ઉપરથી રાગ છુટી જાય તો આત્માને દુઃખ થવાનું કારણ નથી.

૨૬ જન્મ

૧ જૈન સાધુ પા. ગ જન્મ ન થાય જૈન પ્રવચનકાર શ્રીમદ્ વિજયરામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ ૧૦મુ અંક ૧૯મો શં. ૧૯૯૫ પોશ સુદ ૧૦ રવી તા. ૧–૧–૧૯૩૯ પાનુ ૨૨૮ કોઇના પણ જન્મમાં નીમીત્ત ન થવું દુન્યવી ભોગોથી પાછા હઠવું.

૨ પૌદગલીક પદાર્થોની લાલશા છોડવી પૌદગલીક પદાર્થોનો યથાશકય ત્યાગ કરીને માધુકરી વૃતીએ જીવવું એ મુખ્ય કામનાની સાધક મુખ્ય પ્રવૃતીના યોગે ક્રમશઃ એ દશા પ્રાપ્ત થાય છે તે કદિ પણ જન્મ ન થાય

૨૭ જીવ સરખા જ છે

જૈન દયા પા. ૧

શ્રી સીધચક્ર તા. ૧૧–૭–૩૪ પાનુ ૪૪૧

પંચિંદ્રય

જૈનધર્મ તો સાફ રીતે કહે છે કે વનસ્પતિમાંનો કે પાણીમાંનો, અગ્નીનો કે વાયુનો, મનુષ્યનો કે પશુનો દરેક જીવ જીવની દૃષ્ટિએ સરખા જ છે અને દરેકને સુખદુઃખની લાગણીઓ થાય છે.

૨૮ જયણા

જૈન દયા પા ૪૭

જૈન પ્રવચન તા. ૮–૯–૩૫ પાનુ. ૧૭૪

બાદશાહ અકબર ને શ્રી વીજયહીરસુરી કહે ગાલીચા ઉપર ન અવાય કારણ કે નીચે જીવ જંતુ હોય તેની જયણા થઈ શકે નહી આથી બાદશાહે જાતે ગલીચો ઊંચો કર્યો તો કીડીઓ જોઈ

૨૯ જીવની ઉત્પતી

શ્રી સીધચક્ર વર્ષ ૨જુ અંક ૨૪ શં. ૧૯૯૦

ભાદરવા વદ ૦) તા. ૮–૧૦–૩૪ સોમવાર પા. ૫૬૪ સમાધાનકાર શ્રીમદ આગમોધ્ધારક શ્રી સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ.

સુત્રકાર અને પંચાગીકાર વીગેરેના વ્યાખ્યાન પ્રમાણે આહારપાણીમાં રાત્રે જીવોત્પતિ થાય છે એમ જણાતું નથી.

૩૦ તદન ખોટી વાત

જૈન દયા પા. ૪૯

જૈન પ્રવચન તા. ૨૮–૨–૧૯૩૭ પાનુ ૪૪૦ વર્ષ ૮ અંક ૩૩ મો.

સંવરશે।

સાગરજી મહારાજે જણાવ્યું તે વીતરાગ દશાવાળો લખ્ખી ફેરવે એમ પ્રવચનકારે જણાવ્યું છે.

પ્રવચનકાર શ્રી વિજયરામચંદ્રસુરી તદન ખોટી વાત છે.

૩૧ તજવા યોગ્ય

૧ જૈન સાધુ પાનુ ખ જૈન પ્રવચન કાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ સં. ૧૯૯૫ પોશ સુદ ૧૦ રવીવાર તા. ૧–૧૦–૧૯૩૯ પાનુ. ૨૨૮ વર્ષ ૧૦ અંક ૧૯મો પૌદગલીક પદાર્થમાં રાચવું એના ભોગવટામાં સુખ માનવું. એની લાલસામાં ભમ્યા કરવું. આત્મદયાને ભુલી જઇ પરપદાર્થોમાં આશક્ત બનવું વીગેરે ઉંધી પ્રવૃતીઓ છે માટે તજવા જેવી છે.

૨ જૈન સાધુ પાનુ. ૮૯ જૈન પ્રવચન તા. ૨૧–૭–૧૯૨૯ પા. ૧૧ લક્ષ્મીને ખોટી, પાપકારી, **તજવા યોગ્ય છે** એમ માનવું પડશે જ.

૩૨ ત્યાગ

૧ શ્રી સીધચક્ર વર્ષ ૯ અંક ૩–૪ તા. ૨૯–૧૧–૪૦ પાનુ. ૫૩

એ શ્રાવકપણામાં બને તો જોઇતું રાખી બાકીનો **ત્યાગ** કરવો.

જૈન સાધુ પા. ગ

૨ વીરશાશન જુનુ વર્ષ ૨૦ નવું વર્ષ ૧૭ અંક

તહુનત્રવિહ

૧૪ સંવત ૧૯૯૫ પોશ વદ ૧૨ રવીવાર તા. ૬–૧–૧૯૩૯ પાનુ. ૨૨૫–૨૨૬ ગામ નીપાણી (દક્ષીણ) ફરમાવનાર શ્રીમદ્ આચાર્ય વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ ૧૧ સાચુ સુખ પ્રાપ્ત થએલ વસ્તુના **ત્યાગમાં** છે.

ત્યાગ

જૈન દયા પા ૩૨

૩ જૈન પ્રવચન તા. ૮–૬–૧૯૩૦ પાનુ ૨૬ હીંસા જુઠ, ચોરી અને મૈથુન એ ચારે પાપને લાવનાર પરીગ્રહ છે એ ચારે પાપને વધારનાર પોષનાર પરીગ્રહ છે એના **ત્યાગમાંજ ધર્મ છે.**

ત્યાગ

જૈન દયા પા. ૩૨

૪ જૈન પ્રવચન તા. ૨૩–૨–૧૯૩૦ તીર્થંકરોએ પોતે ભોગવેલા ભોગને **પાપ** તથા **ત્યાજ્ય** તરીકે જાહેર કર્યા છે આનંદ કામદેવે પરીગ્રહ પરીમાણ વ્રતમાં પાચસે હળ ખેડાય તેટલી જમીનની છુટ રાખી માટે શ્રાવકને એટલી છુટ હોવીજ જોઇએ એમ? ધર્મ કહે છે **નહીજ** તીર્થંકર દેવોએ છખંડની સાહ્યબી ભોગવી માટે એ ભોગવવાની છુટ છે એમ? **નહીજ**

ત્યાગ

જૈન દયા પા ૩૩

૫ જૈન પ્રવચન તા. ૧૬–૩–૩૦ પાનુ ૪૪૯

અશેચર

સંયમ અને (સંસારનો) ત્યાગ એ જૈન શાશનનુ મુળ છે.

૩૩ તીર્થ

જન દયા પા. ૩૮

જૈન પ્રવચન તા. ૧૭-૪-૧૯૩૮ પાનુ. ૪૧૭

જેના યોગે સંસાર સાગર તરાય એનું જ નામ તીર્થ

જૈન સાધુ પા. ૭૨

૩૪ શ્રી તીર્થંકરદેવની દેશના

(શ્રીવિજયદાન સુરીશ્વરજી કથીત વિવિધ પ્રશ્નોત્તર પ્રકાશક શેઠ. નગીનભાઈ મંછુભાઈ જૈન સાહીત્ય પ્રચાર ગ્રન્થ ૩ પ્રશ્ન ૧૪૪ પાનુ ૧૬૪)

પહેલાના એક પહોર સુધી શ્રી તીર્થંકર મહારાજ દેશના દે છે બીજા પહોરમાં શ્રી ગણધર મહારાજ દેશના દે છે ચોથા પહોરમાં શ્રી તીર્થંકર મહારાજ દેશના દે છે.

૩૫ દયા

૧ શ્રીમદ યશોવીજયજી રચિત ઉપદેશક શ્રીમાન મોહનલાલજીના પ્રશિષ્ય પં. કનકમુનિજી ગણીના સદુપદેશથી છપાવનાર ઝવેરી ભગુભાઈ હીરાચંદ મલજી પા. ૯

જેહ રાખે પર પ્રાણને, દયા તાસ વ્યવહારે

ગુણિધરે

નિજ દયા વિણુ કહો પર દયા, હોવે કવણ પ્રકારે ॥સુ૦॥ ॥૪૭॥

જૈન સાધુ પા. ૩૬

૨ શ્રી મહાવીર તત્વપ્રકાશ પા. ૪૩ લખનાર શ્રીમદ્ વિજયકેશરસુરીજી મહારાજ બીજાને હાથે જીવવાના, મરવાના કે પીડાવવાના કે સુખી દુઃખી કરવાના વીચારો કે બુધ્ધિ થવી તે જીવને કેવળ **મોહથી** ઉત્પન્ન થતી કલ્પનાઓજ છે.

૩ જૈન સાધુ પા. ૩૧ શ્રી આદીનાથ ચરીત્ર સર્ગ ૧લો પા. ૧૩મું જીવ વધનો ત્યાગ તેનું નામ અભયદાન કહેવાય છે.

૪ સીધચક્ર તા. ૨૩–૭–૧૯૩૮ પા. ૩૦૯ **અસંયતો છકાયની** હીંસા કરનાર હોવાથી તપેલા લોઢાના ગોળા જેવા ગણાય છે કારણ કે ડગલે ને પગલે છકાયનો વીરાધક બની જાય છે. લખનાર શ્રીમદ્ સાગરાનંદસુરીજી મહારાજ.

જૈન સાધુ પા. ૨૯

૫ શ્રીમદ્ ઉમાસ્વાતી મહારાજ શ્રી તત્વાર્થ સુત્રમાં ફરમાવે છે કે લોકીક કલ્યાણનીજ આકાંક્ષા છે તે દાન બાહ્યથી **દયાદાન**નો ભાષ કરાવનાર હોવા છતાં **દયાદાન** પણ નથી સખાવતથી ધર્મની વૃધ્ધી થતી નથી કીન્તુ અટકે છે આ વસ્તુ સમજવા જેવી છે. વીરશાસન

ચઉવીહ કસાય મુક્કો

સં. ૧૯૯૪ આશો શુદ ૧૩ શુકર.

જૈન દયા ચોપડી પાનું ૯

૬ જૈન પ્રવચન તા. ૨૭–૯–૧૯૩૬ પાનુ ૧૯૪ શ્રી નેમનાથ ભગવાન જાણુતા હુતા કે આજે જ માથા ઉપર અંગારાની સગડી સળગવાની છે પણ સાથે એ પણ જાણુતા હુતા કે એના જ પરીણામે કેવલ જ્ઞાન પામી મુકતીએ જવાના છે એમની દયા તે હુતી જ્યારે દુનીયાની જુદી છે લખનાર શ્રી વિજય રામચંદ્ર સુરીશ્વરજી

જૈન દયા પા. ૧૦

૭ જૈન પ્રવચન તા. ૧–૧–૩૯ પા. ૨૨ આત્માનુ હીત હુણાય એવા માર્ગે કોઈને જોડવો એ દયા નથી.

જૈન દયા પા. ૧૦

૮ જૈન પ્રવચનકાર શ્રીમદ શ્રી વિજય રામચંદ્ર સુરીજી મહારાજ તા. ૧૭–૧૧–૨૯ પાનુ. ૨૪૬ આત્માના દયાળુ બનો, તરત બીજાની વાસ્તવીક દયા આવશે.

જૈન દયા ચોપડી પાનુ. ૧૧

૯ જૈન પ્રવચનકાર શ્રીમદ શ્રી વિજય રામચંદ્ર સુરીજી મહારાજ અંક પમો. તા. ૧૦–૭–૧૯૩૨ રવી પાનુ ૫૦. કોઈ સંબંધી, સ્નેહી, પોતાના પરીચયમાં

***અઅઢારસ ગુણેહી સંજુત્તો**

આવનાર, પોતાની નજરે પડનાર, **પાપથી** કેમ બચે એ ભાવના તે **પર દયા**.

જૈન પ્રવચન તા. ૧૩–૩–૧૯૩૮

૧૦ જૈન સાધુ પા. ખ **સાચી દયા** જૈન પ્રવચન-કાર શ્રીમદ આચાર્ય વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ ૧૦ અંક ૧૯મો પોશ સુદ ૧૦ રવી.

તા. ૧–૧–૧૯૩૯ પાનુ ૨૨૭

૧૦ અ **આત્મ દયા** સાચુ સુખ આત્મામાં જ છે કારણ કે તે આત્મા નાશવંત નથી **સાચી દયા** એ આત્માના મુળ સ્વભાવને પ્રગટ કરવા માટેનું અનુપમ છે.

જૈન સાધુ પા. ખ.

૧૧ જૈન પ્રવચન પા. ૫૨૫ **પરદયા** કરતા **આત્મ-દયા** ઉચ **આત્મદયા** જેના અંતરમાં પ્રગટે છે તે વાસ્તવીક **પરદયા**થી વીમુખ રહી શકતોજ નથી.

૧૨ જૈન પ્રવચન તા. ૧–૧–૧૯૩૯ પા. ૨૨૩ **સાચોદયાળુ**ં પણ તે કહેવાય કે જેનામાં **આત્મદયા** હોય **આત્મદયા**ની જે પ્રવૃત્તિ થાય તે **અનુકુળ** પ્રવૃત્તિ કહેવાય અને **આત્મઘાતક** પ્રવૃત્તિને **ઉંધી પ્રવૃતી** કહેવાય.

૧૩ જૈન સાધુ પા. ઘ ૪. **ધર્મહીન** આત્માને **ધર્મ** પમાડવો એ **સાચીદયા** છે.

પંચ મહાવ્રત જુત્તો

૧૪ ૫. શ્રી જીનેશ્વર સમાન દયાળુ આ જગતમાં બીજો કોઈ નથી.

૧૫ જૈન સાધુ પાનુ ઘ ૬, **આત્મકલ્યાણ** વીના **લોકકલ્યાણ** નથી.

૧૬ ૭, **આત્મકલ્યાણ**ની ભાવનાએ સર્વે **સદ-ગુણોનુ મુળ** છે.

૧૭ જૈન સાધુ પા. ૩૪ જૈન પ્રવચન વર્ષ ૯ મું. અંક ૨૮ **સાચો દયાળુ** તે છે કે જે આત્માને પ્રત્યે **દયાળુ** છે પોતાના **આત્મની દયા** જેનામાં પ્રગટી નથી તેનામાં બીજાઓ પ્રત્યે **સાચો દયા ભાવ** પ્રગટવાનો જ નથી.

જૈન પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ ૧૦ અંક ૯ શં. ૧૯૯૪ આશો સુદ ૨ તા. ૨૫–૯–૧૯૩૮.

૧૮ જૈન સાધુ ચોપડી પા. ૩૪ ત્રેશઠ શ્લાકા પુરૂષ ચરીત્ર મુલ લેખક શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતી પ્રકાશક શ્રી જ્ઞાન પ્રસારક સભા ભાવનગર પૃ૦ ૧૮

શ્રી સંભવનાથ પ્રભુ કહે છે કે કોઈપણ આપણને અથવા બીજાને **મૃત્યુથી બચાવવા** ને **સમર્થ** નથી.

૧૯ શ્રી સીધચક્ર રામાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીજી મહારાજ પાનું ૫૩૨ વર્ષ ૩ અંક ૨૩મો શં.

પંચવીહારાવાર પાલણુ સમર્થ્થો

૧૯૯૦ શ્રાવણુ વદ ૦) તા. ૮–૯–૧૯૩૪ શનીવાર જૈન શાશન **છ જીવની કાયની દયા** પાળે છે.

૨૦ શ્રી સીધચક્ર સુધાસાગર વર્ષ ૨ અંક ૧૭ પા. ૪૦૫ ૧૦૬૧ તા. ૧૨–૬–૩૪ દયાના પરિણામ વગરનો જીવ બલ્કે ચૌદ રાજલોકના જીવોના ઘાતની અનુમોદના કરનાર છે.

જૈન દયા પા. ૧૦

૨૧ જૈન પ્રવચન તા. ૧૫–૧૨–૧૯૨૯ રવીવાર પા. ૨૯૫ કરૂણા બે જાતની ૧ દ્રવ્ય કરૂણા ને ૨ ભાવ કરૂણા દુઃખીના દુઃખ દુર કરવાની ભાવના તે દ્રવ્ય કરૂણા અને ધર્મ હીન પ્રત્યે ઊન્માર્ગે ચાલનાર પ્રત્યે કષાયના માર્ગે પાપના માર્ગે ચાલનાર પ્રત્યે દયા તે **ભાવ કરૂણા** ૨૧ અ જૈન પ્રવચન વર્ષ ૪થું અંક ૫મો તા. ૧૦–૭–૧૯૩૨ રવી પાનુ ૫૦ કોઈ સંબંધી, સ્નેહી, પોતાનો પરીચયમાં આવનાર, પોતાની નજરે પડનાર પાપથી કેમ બચે એ ભાવના તે **પરદયા.** ૨૨ જૈન પ્રવચન તા. ૨૦–૧૧–૩૪ પાનુ ૨૮૩ સઘળા જીવો સંસારથી મુક્ત થઈ જાવ એ ભાવનામાં કરૂણા ભારોભાર ભરેલી છે ૨૩ જૈન પ્રવચન ૧૩–૧–૩૫ પાનુ ૩૮૩.

એકની દયા કરશો ને બીજાથી નહી કરો સાચી દયા વૃત્તિમાં પક્ષપાત ન હોય.

પંચસમિઓ ત્રીગુત્તો

૭

૨૪ જૈન યંગ મેન્સ સોસાયટી સાહીત્ય અંક પા. ૬૦ પણ જેઓ શાશનના વીરોધી હોય શાસ્ત્ર દેવ, ગુરૂ કે ધર્મની સેવા કરવામાં ધગશ ન ધરાવતા હોય તેવાઓને કોઇ પણ કાર્યમાં સહાનુભુતી દાખવવી નહી અને **એક કોડી પણ આપવી કે અપાવવાં નહી.**

દયા પા. ૬૦

દયા એટલે સંયમજ જણાવેલ છે.

૩૬

જૈન સાધુ પા. ધ

૧ સવીજીવ કરૂ શાશન રસીએ શ્રી જૈન શાશનની **ભાવ દયા** છે.

૨ જૈન સાધુ ચોપડી પા. ૩૩ નંદનમણીયાર ત્યાંજ થાપ ખાધી કે જે વસ્તુ **દ્રવ્ય દયાની** હતી તેને **ભાવ દયા** કરતા વીશીષ્ટ માની આનુ નામ મીથાત્વનો ઉદય.

જૈન દયા પા. ૧૧

જૈન પ્રવચન તા. ૧૩-૩-૩૯ પા. ૨૯૪

૩ શ્રી તીર્થંકરોએ તારકોના આત્માઓમાં એવી ઉત્કૃષ્ટ કોટીની **ભાવ દયા** પ્રગટે છે કે જેવી ઉત્કૃષ્ટ કોટીની **ભાવ દયા** બીજા કોઈ પણ આત્મામાં કદી પણ પ્રગટી શકતી નથી.

એ છત્રીશ ગુણે ગુરૂમજઝ

જૈન દયા પા. ૧૧

૪ જૈન પ્રવચન તા. ૨૬-૩-૩૯ પાનુ ૨૯૮

એ પુરૂષોત્તમો આ વીશ્વના પશુપ્રાય પ્રાણીના રક્ષક **હોવાથી મહાગોવાળ** છે "મત્સ્ય-ગલાગલ" ન્યાયે પરસ્પર અનેક પ્રકારે હણાઇ રહેલા આત્માઓ માટે આ પુરૂષોત્તમ શુધ્ધ દયા ધર્મના પરમ પ્રચારક હોવાથી **મહામહાણ** છે, દુસ્તર સંસાર સાગરમાં ડુબી રહેલા પ્રાણીઓને સંયમરૂપ જહાજદ્વારા તારનારા હોવાથી એ મહાતારકોને **મહાનીર્યામક** કહેવા અને અજ્ઞાનાદીના યોગે સંસારરૂપ ભયંકર અટવીમાં અનાદીથી અટવાઈ રહેલા અજ્ઞાન આત્માઓને જ્ઞાનચક્ષુનુ અર્પણ કરવા દ્વારા **મહાસાર્થવાહ** કહેવા.

ભાવ દયા

જૈન દયા પા. ૧૨

૫. શ્રી સીધ્ધચક્ર તા. ૧૩-૨-૩૪ પા. ૨૨૧ સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ રીબાતા પ્રાણીઓના દુઃખના કારણ ભુત કર્યાનો નાશ ન થાય ત્યાં સુધી તે રીબાતા પ્રાણીઓના દુઃખનો નાશ **તેઓ પોતે** કે **બીજો કોઇ** કરી શકે નહી.

૬. શ્રી સીધચક્ર વર્ષ-૨ અંક. ૯મો તા. ૩૦-૧-૧૯૩૬ પાનુ ૨૧૦

પ્રશ્ન. ૬૪૧ ભાવ દયાની વાસ્તવીક વાખ્યાશી? **સમાધાનકારક શ્રીમદ સાગરાનંદસુરીજી** મહારાજ **શીતાદી**

નમો અરીહંતાણં

દુઃખોને આવીર્ભાવ કરનાર કર્મની જડને ભસ્મીભુત કરવા પુર્વક રત્નત્રયી મેલવવાનું મન થાય તે મેલવવા માટે પ્રયત્નાદિકરાય તે વસ્તુત **ભાવ દયા** છે.

૭ શ્રી સીધચક્ર વર્ષ–૨ અંક–૨ તા. ૧૯-૧૦-૧૯૩૩ પાનુ ૪૧ સમાધાનકાર શ્રીમદ સાગરાનંદસુરીજી મહારાજ **દ્રવ્ય દયા**ને ભોગે પણ **ભાવ દયા** ને સાચવવાની જ એ વાતને ભુલશો નહી.

ભાવ દયા

જૈન દયા પા. ૧૦

૮ જૈન પ્રવચન તા. ૧૩–૩–૧૯૩૮

ભુખ્યાની દયા આવે તે દ્રવ્ય દયા ને પાપીની દય તે **ભાવ દયા** છે.

૩૭ દ્રવ્ય દયા

જૈન દયા પા. ૧૦

સીધચક્ર સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીજી મહારાજ તા. ૩૦–૬–૧૯૩૫ પાનુ–૪૩૧

૧,૧૧૨૪, અન્ય જીવ સંબંધી કર્મથી આવી પડેલા દુઃખો દેખીને તે દુઃખો ટાળવાનુ મન થાય તે ટાળવા પ્રયત્નો થાય અને તે દુઃખો સર્વથી દુર કરાય તે **દ્રવ્ય દયા** લોકીક સેવા જૈન સાધુ પા. ૨૯ મુ.

૨ શ્રી સીધચક્ર વર્ષ ૨ અંક ૯મો તા. ૩૦–૧–

નમો સિદ્ધાણં

૧૯૩૪ પા. ૨૧૦ પ્રશ્ન–૬૪૦ દ્રવ્ય દયાની વાસ્તવીક વ્યાખ્યાશી ? સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ કર્મથી આવી પડેલા દુખો દેખીને તે દુઃખો ટાળવાનુ મન થાય, ટાળવા પ્રયત્ન થાય અને તે દુઃખો સર્વથા દૂર કરવાને તન, મન, ધન સર્મપણ કરવા કટીબધ થવું તે દ્રવ્ય દયા.

૩૮ દયા ધર્મનો સર્વનાશ

'દયાધર્મનો સર્વનાશ થયો છે' એમ માનવાવાળા ગ્રહસ્થોને નીચે મુજબના સવાલોનો જવાબ આપવા વિનંતિ છે.

(૧) જૈન દેરાસર અપાસરાના નાણાંઓના હિસાબ બરાબર ન રહે ને નાણાં કોઇ એક જ ઘરમાં ભરાઈ રહે તો તે દયાધર્મનો નાશ કે ઉદય ?

(૨) કુતરાના દૂધના ફંડના નાણાં વપરાયા વિના પડી જ રહે તે નાશ કે ઉદય ?

(૩) ખડતલગચ્છના શીતલવાડી અપાસરા ફંડના નાણાં તથા ખોડા ઢોરના સેંકડોહજારોલાખો અમુક ઘર હસ્તક પડી રહ્યા છે તે નાશ કે ઉદય ?

(૪) મુંબઈના ધરમના કાંટાનાં મકાનભાડાના આવકના રૂપિયા દયાકામમાં ન ખરચાતાં અંગત ખાનગી ઘરમેળે ભેરવાઈ રહ્યા હોય તે ઉદય કહેવાય કે નાશ ?

બાકી તો અસલી માણસ અસલ મુજબ લખે ને

નમો આયરીયાણં

નકલી નકલિયુ લખે તે સિવાય બીજું શું થઇ શકે?

૩૯ દયાધર્મનો સર્વનાશ

ઉપલા મથાળાથી સુરતથી કેટલાક જૈનબંધુઓએ તેરાપંથની વિરોધી પત્રિકાઓ વહેંચી હતી. મારો સવાલ એક જ ને સાવ સાદોસીધો છે. જ્યાં સુધી સદરહું (તેરાપંથેતર) જૈનબંધુઓ (દયાધર્મના ઉધ્ધારાર્થે) હજુ જીવતાજાગતા બેઠા છે ત્યાં સુધી દયાધર્મનો સર્વનાશ—એકદમ સર્વનાશ—કેવી રીતે થઈ ગયો? ને તે જો થઇ ગયો, તો પછી તેમની હયાતીની સાર્થકતા શી? ઈતિ.

લિ૦ કે. ખ. ગ.

ફકરાના સાર છપાવ્યા છે છપાયાનો વરસો થયા કોઈ ફેર બતાવી શકયું નથીછતાં કોઈ **પણ ફેર** બતાવશે તો બીજી આવૃતીમાં સુધારવામાં આવશે પ્રેસને લખવું.

૪૦ દાન

જૈન દયા પાનુ ૩૫

૧ જૈન પ્રવચન વર્ષ ૪ અંક ૩ શ્રીમાન શ્રી વિજયરામચંદ્રસુરીજી મહારાજ: લોકો છોકરાને દુધ પાય તેને **દાન** ગણે છે પણ જાણુતા નથી કે એ **મોહ** છે એ કારણે એમા ધર્મ મનાવવો એ ખોટું છે.

જૈન સાધુ પા. ૩૦મું

૨ સીધચક્ર વર્ષ ૨ અંક ૧૨ શ્રીમદ સાગરાનંદસુરીજી **મહારાજ**: "સ્ત્રી, પુત્ર," અનાજ, પૈસા આદી સંસારી કાર્યમાં

નમો ઓવઝાયાણું

મદદ કરનારો શનેપાતવાળાને દુધ શાકર દેનારની માફક **શત્રુરૂપ જ છે.**

. જૈન દયા પા. ૨જુ

૩ જૈન પ્રવચન તા. ૩૧–૧૨–૧૯૩૩ પાનુ ૩૭૦ **શીલવત**થી રહીત **કુપાત્રો**ને જે **દાન** દે છે તે **લોહીથી** ખરડાએલા લુગડાને **લોહીથી** ધોવાનુ કાર્ય કરે છે.

જૈન સાધુ પા. ૩૨

૪ સીધચક્ર તા. ૧૦–૪–૧૯૩૩ શ્રીમદ સાગરાનંદ-સુરીજીમહારાજ નવ તત્વનું જ્ઞાન દાન કહેવાય તે સીવાય સોલીસીટર, બેરીસ્ટર વીગેરે વેહુવારી **અજ્ઞાન દાન** છે કારણુ કે સંસારમાં ડુબાડવાનુ **પરમ કારણ** છે.

દાન

જૈન દયા પા. ૫

૫ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ તા. ૧૯–૩–૩૯ પા. ૨૯૨ મોક્ષનુ **દાન** એજ મોટામાં મોટો ને સાચામાં સાચો પરોપકાર છે. વીપરીત **દાન** એ વસ્તુત **પરોપકાર જ** નથી.

જૈન દયા પા. ૧૯

૬ જૈન પ્રવચન સં. ૧૯૯૦ પોશ સુદ ૮ તા. ૨૪–૧૨–૩૩ પાનુ ૩૫૭ કાર શ્રીમદ વિજયરામચંદ્રસુરીજી મહારાજ મન, વચન, કાયા આ ત્રણેના યોગોથી હીંસા

નમો લોએ સવ્વસાહુણં

ન કરવી તેનું નામ **અભયદાન** છે. આ અભયદાન શ્રેષ્ટ છે.

જૈન દયા પા. ૨ જુ

૭ જૈન પ્રવચન તા. ૧૦-૬-૧૯૩૪ પા. ૩૦મુ બેઘડી સામાયકમાં બેસનાર પ્રાણી માત્ર એ **અભય** આપે છે.

જૈન સાધુ પા. ૩૧

૮ રચનાર શ્રીમદ શ્રી હેમચંદ્રાચાર્ય ત્રેશઠ શ્લાકા પુરૂષચરીત્ર શ્રી આદીનાથચરીત્ર સર્ગ ૧લો પાનુ ૧૨મુ પ્રકાશક શ્રી ધર્મ પ્રચારક સભા ભાવનગર મન, વચન, કાયાએ કરીને જીવનો વધ કરવો નહી કરાવવો નહી અને કરનારને અનુમોદન કરવી નહી તેનુ નામ **અભયદાન** કહેવાય છે.

દાન

જૈન સાધુ પા. ૩૧મુ

૯ પા ૧૩મુ જીવ વધનો ત્યાગ કરવો તેનું નામ **અભયદાન** કહેવાય છે.

જૈન સાધુ પા ૩૧મુ

૧૦ ચૌદરાજ લોકમાં સર્વકાળ માટે **અભયદાન** દેનારી તો દીક્ષા જ છે.

૧૧ લેખક શ્રી સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ પણ જેઓ શાશનના વીરોધી હોય શાસ્ત્ર, દેવ, ગુરૂ, કે ધર્મની સેવા કરવામાં ધગશ ન ધરાવતા હોય તેવાઓને કોઇ પણ

અસોપંચ
કાર્યમાં સહાનુભુતિ દાખવવી નહી અને એક કોડી પણ આપવી કે અપાવવી નહિ.

જૈન દાન

૧૨ ધી યંગમેનના જૈન સોસાયટી સાહિત્ય અંક શ્રા. સુદ ૧૫ લેખક પુજય આગમોધ્ધારક શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ તેવો અનીતી અને અધર્મ પોષનાર કેળવણીને કોઈ પણ ધર્મી મનુષ્ય મદદ ન કરે એ સ્વભાવીક જ છે.

૧૩. જૈન પ્રવચન શં. ૧૯૮૯ આશો વદ ૫ પા. ૨૪૩ ભુતોને અભય આપનારો છે તેજ સાચો દાતા છે.

૪૦ A દારિદ્ર

જૈન દયા પા. ૨૧

જૈન પ્રવચન તા. ૫–૮–૧૯૩૪ પાનુ ૧૦૨ શ્રી તીથકર દેવ પણ જગતનું દારિદ્ર ફેડી શક્યા નથી.

૪૦ B દીક્ષાવાળો ઉચ્ચો છે

જૈન દયા પા. ૪૪ ૧૯૮૬ વરખે જેઠ સુદ ૪

જૈન પ્રવચન તા. ૧–૬–૧૯૩૦ પાનું ૧૬ વર્ષ ૨જુ અંક ૨જો જે લક્ષ્મીના યોગે સોનાના મંદીરો બનાવે તેના કરતા એક દીવસના સયંમને ધરનાર પણ ઊંચા છે એ બેની વચમાં સર્ષવ ને મેરૂં જેટલું અંતર છે.

નમોક્કારો

૪૦ C ડુબી ગયા ડુબે છે અને ડુબશે

જૈન દયા ૫

જૈન પ્રવચન તા. ૨૫-૮-૧૯૨૯ પાનુ ૧૦

જ્યારે એજ દ્વાદશાંગીને પામીને પુર્વે અનંતા આત્મા ડુબી ગયા વર્તમાનમાં સંખ્યાબંધ ડુબે છે અને ભવીષ્યમાં અનંતા ડુબશે.

જૈન પ્રવચન વર્ષ ૧૦ અંક ૯ તા. ૨૫-૯-૧૯૩૮ પાનુ ૧૦૧

જૈન સાધુ પા. ૩૪

૪૦ D મોટા દુશ્મનો

દુનીયાના જીવો ને દુનીયાની સામગ્રી લેવાની સલાહ આપે છે તેઓ દુનીયાના જીવોના મોટા દુશ્મનો છે.

જૈન દયા પા. ૩૫

૪૧ દુઃખ

જૈન પ્રવચન તા. ૯—૧૯૩૫ પાનુ ૨૩. સંસારથી વૈરાગ્ય, સંસારને દુઃખરૂપ, દુઃખફળ. દુઃખા નિબંધી વીડંબના રૂપ જાણીને સંસારથી પ્રીતી ન કરે મહાત્મા કહે છે કે સંસાર દુઃખ રૂપ છે સુખનુ નામ નીશાન નથી ફળ પણ દુઃખ પરંપરાએ દુઃખ.

સવ્વપાવ

દોષ   જૈન સાધુ પા. ૯૬

૪૨ ખુલ્લા મોઢે બોલવાથી સામાયકમાં દોષ.

શ્રી. પ્રશ્નોત્તર રત્ન ચિન્તામણીમાં પૃષ્ટ ૨૫૨ પ્રશ્ન ૧૭૭માં ભરૂચવાલા શા. અનુપચંદ મલુકચંદને છાપ્યું છે કે **ખુલ્લા મોઢે બોલવાથી** સામયકમાં દોષ લાગે છે.

જૈન સાધુ પા. ૧૧૩ થી ૧૧૬

૪૩ જૈન ધર્મ ઓળખાણ

દેશ માળવા ગામ બરનગરમાં બનાવનાર શ્રી ૧૦૮ શ્રી તુલશીરામજી સ્વામી હાલ શ્રી ૧૦૦૮ શ્રી તુલશી સુરીજી મહારાજ જન્મ ૧૯૭૧ દીક્ષા ૧૯૮૨ સુરી પદ શં. ૧૯૯૩ આશરે મુનીરાજ, ૧૫૧ મહાસનીજી ૩૬૭ પુલથાણા ૫૧૮ ને "પંચેન્દી સમવરણો તહનવવીય બંભચર્ય ગુત્તીધરો, ચહવીહ કસાય મુકો એ અઠારસ્સ ગુણેહી સંજુતો, પંચ મહાવય જુતો, પંચવીહાયાર પાલણ સંમતો, પંચસમીઓતીએગુતો છત્રીશ ગુણો ગુરૂમઝ" મુજબ પોતે આચાર પાળી બધાને પળાવે છે ને આશરે થાણુા ૫૧૮ અખંડ આણુા પાલતા વીચરે છે. તે દર્શન કરવાથી અથવા દર્શન કર્યા હોય તેને પૂછી ખાત્રી કરવી.

લોક બહેકાન હેત, વાત યુ બનાય કહે
તેરાપંથી દાન દયા, મુળશે ઉખડ દી

પણાસણ

ગોવનકો વાડો તામે, આગ કો લગાઈ નીચ
તાકો કોઊ ખોળે, તામે મનાઈ પોકાર દી
ભુખે અરૂ પ્યાસે દીન દોહગકુ દેવે દાન
તાકો મત દેવો એસી અંતરાય ડાર દી
તુલશી ભણંત તાકો તેરા પંથ મતહુકી
વાકબી ન પુરી ચુહી કુડી ગપ માર દી ૧

એસી એસી વ્યર્થ વાત તાણમત પક્ષપાત
કરતે હમેશ જાકી બુધ્ધી જો બીગડગૈ
તાકી સુણવાત નહી સાચ જુઠ જાચકરે
લોકનમાં એક લેહતાણ પડગૈ
એક ભેદ બોલે ભ્યાં, દુજીપણ બોલે ભ્યાં
ત્રીજી ઓર ચોથી સબ ભાજ ભાજ ભડગૈ
તુલશી ભણંત સમજાવે અબ કાંકો કાંકો
સારેહી જહાન આતો કુવે ભાંગ પડગૈ ॥ ૨ ॥

ભીક્ષા લેન હેત જો ગૃહસ્થ ઘરજાત ભીક્ષુ
આગે કોઇ રાંક ભીક્ષા માંગત દીખાત હે
તાહી ઊલંઘ નહી ઘરમે પ્રવેશ કરે
મધ્ય જાત તાકો ચીત અંતર દુઃખાત હે
એતી અંતરાય ભી ન કરે મુનીરાજ તાપે
તો મના કરના તો એક મોટીશી વાત હે
તુલશી ભણંત અંત તંતકો વીચારે એસે
સોહી ઇણકાળ પ્રભુ તેરાપંથ પાત હે ॥ ૩ ॥

મંગલાણુંચ

વાડો કોઊ ખોલે તાકો કરત મનાઈ કોઈ
વો સાધુ ના કસાઈ સેભી નીચ કહુલાતહે
સ્વેચ્છા નીજ ગેહુહી લુટાવે સબ લોકનકુ
તેરાપંથી કોઊ તહાં આડો નહી આતહે
પાત્રવો કુપાત્ર એક માત્રનો ન કરે
તામે ખેત્ર અરૂ ઊખર સો અંતર બતાતહે
તુલશી ભણુંત અંત તંત કો વીચારે એસે
સોહી ઈણુકાળ પ્રભુ તેરાપંથ પાતહે ॥ ૪

શ્લોકનું આશરે બનાવેલું ગુજરાતી

લોકને બહેકાવવા માટે, વાત કંઇ બનાવી એમ
તેરાપંથી દાન દયા, મુળથી ઉખાડે એમ
ગાયોનો વાડો જે હોય, તેમાં આગ લગાવે કોઇ
તેને જઇ ખોલે કોઈ, તેમાં મનાઇ પોકાર દીઈ
ભુખાં તરસ્યા દુઃખી દીન, તેને દાન આપે જો કોઇ
તો તેને નહિ આપો કોઈ, એવી અંતરાય નાંખ દીઇ
તુલશી ભણુંત તેરાપંથની, તેને પુરી સમજ નહી
જેથી આવી ખોટી ખોટી, લોકોમાં ગપો માર દીઇ

આવી ખોટી વાતો સુણી, પક્ષપાત મત તાણો કોઈ
કરે છે આવી ખોટી વાતો, જેની બુધ્ધી બગડ ગઈ
આવી ખોટી વાતો સાંભળી, ડાહ્યાઓ વિચારી જુઓ
સાચ જુઠનો નીર્ણય કરો ખોટી ખેંચા તાણુમાં નહિ પડો

સવ્વેસી

લોકોમાં કહેવત છે એમ, ગાડર એક બોલે ભેં જેમ
ભડકી બીજા કરે એમ, સમજુઓ નહી કરે તેમ
તુળશી કહે છે એમ, સમજાવે હવે કોને કોને
આ તો આખા લોકમાં, કુવે ભાંગ પડી ગઇ ૨

ભીક્ષા લેવા ગ્રહસ્થ ઘરે, જાતે સાધુ જાય છે
જો ભીખારી કોઈ ત્યાં, માંગતો દેખાય છે
તેને થાય અંતરાય તેથી, તે ઘરમાં પ્રવેશે નાહી
જો સાધુ જાય તે ઘરમાંહી, દીલ ભીખારીનું દુઃખાયે તાંહી
આવી અંતરાય જે થાય, તે સમજુ મુનીને કલ્પે નાંહી
તો આપવામાં કરે કેમ મનાઈ, સમજુઓ વિચારો તાંહી
તુલશી કહુત આ, તત્ત્વને વિચારે જે
હે પ્રભુ આ કાળમાં, તેરાપંથી થાય છે તે ૩

વાડો જઈ ખોલે કોઇ, તેને સાધુ જો કરે મનાઇ
તે સાધુ સાધુ નહિ, પણ કસાઈથી નીચ કહેવાય સહી
સ્વેચ્છાથી પોતાનું ઘર, જગત માંહી લુટાવે કોઈ
તો તેરાપંથી તેમાં, આડો નહિ આવે કોઈ
પાત્ર અને કુપાત્ર બેઉ, એક સરીખા ગણે નહિ
ફક્ત ક્ષેત્ર અક્ષેત્રનો, અંતર બતાવે શહી
તુળશી ભણંત એમ, આ તત્ત્વને વિચારે તે
હે પ્રભુ આ કાળમાં, તેરાપંથ (તમારાંપંથ) પામે છે ૪

સંવરણો

૪૪ ધર્મ

જૈન સાધુ ચોપડી પા. ૧૩

૧ જૈન પ્રવચનકાર શ્રીમદ રામચંદ્રસુરીજી મહારાજ વર્ષ–૯ અંક ૨૭ શાં. ૧૯૯૪ મહાવદ ૬ તા. ૨૦–૨–૩૮ પાનુ. ૨૮૬ ઉત્તમમાં **ઉત્તમ ધર્મ** તો **સાધુ ધર્મ જ** છે જેમાં પાપનો ત્યાગ છે.

જૈન સાધુ પા. ૧૩

૨ જૈન પ્રવચન કાર શ્રીમદ વિજય રામચંદ્રસુરીજી મહારાજ શાં. ૧૯૯૫ કારતક વદ ૬ રવીવારતા. ૧૩-૧૧-૧૯૩૮ પાનુ. ૧૮૪–૧૮૬ **ધર્મ** એ આત્માનો ગુણ છે બીજુ બધુ એ સીવાયનુ આત્માનો વીકાર છે આત્મા સીવાયની બધી વસ્તુ પર છે પર વસ્તુ ને પોતાની માનવી તે **અધર્મ** છે.

જૈન સાધુ પા. ૧૪

૩ શ્રી સોમપ્રભાચાર્યકૃત સીદુર પ્રકરણ પા. ૬૬ શ્લો. ૨૭ હીસાથી ધર્મ ઇચ્છે અગ્નીથી કમળ વધારવા ઇચ્છે સુર્યાસ્ત થતાં પ્રભાત ઇચ્છે સાપના મોઢામાંથી અમૃત ઇચ્છે કલેશથી કીર્તી ઇચ્છે અજીર્ણથી રોગ નાશ ઇચ્છે ઝેર ખાવાથી જીવવું ઇચ્છે તેના જેવું હીંસાથી ધર્મ ઇચ્છે છે.

જૈન સાધુ પા. ૧૪

૪ વ્રત એ ધર્મ જૈન પ્રવચન કાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરી વર્ષ–૯મુ અંક ૨૯મો શાં. ૧૯૯૪ ફાગણ સુદ

તરૂનવિદ

પરવી તા. ૬-૩-૧૯૩૮ પા. ૩૧૩ આપણે ત્યાં પાંચ મહાવ્રત ધારી સાધુઓને સર્વે વ્રતી અને પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રત એ બાર વ્રતો કે એમાંના ઓછા વ્રતોવાલા ગૃહસ્થને **દેશવ્રતી** કહેવામાં આવે છે સાધુ **સર્વથી વ્રતીવાળા** અને વ્રતધારી શ્રાવક **દેશવ્રતીવાળા** આથી **વ્રતી એજ ધર્મ** ગૃહસ્થપણામાં રહીને ધર્મ કરનાર જેટલો ધર્મ થાય તેટલો તો લાભ થાય પણ બાકીની **અવ્રતના** યોગે **ગેરલાભ** થાય અવ્રત એ શ્રાવકને આશ્રવનુ કારણ છે અને વ્રત એ સંવર અને પરીણામે તમોમયતા આદીને યોગે નિર્જરાનુ પણ કારણ છે એટલે જીવનમાં જેટલા વધારે વ્રત હશે તેટલું વધારે કલ્યાણ થવાનુ.

જૈન સાધુ પા. ૧૫

૫ જૈન પ્રવચન કાર આચાર્ય શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ-૯મુ અંક-૨૭મો પા. ૨૮૩ સં. ૧૯૯૪ મહા વદ ૬ તા. ૨૦-૨-૩૮

સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ

સૌથી સારો ઉપાય તો એ છે કે સંસારનો ત્યાગ દીક્ષા ગ્રહણ કરવી અને અનંત જ્ઞાની શ્રીવીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ નીગ્રંથપણાના પાલનમાં પોતાની શકતીનો સદવય કરવો જે આત્માઓ આ રીતીએ સંસાર ત્યાગ કરીને સાધુ ધર્મનુ પાલન કરવાને અસમર્થ હોય તે આત્માઓ પણ **હીંસા** વીગેરે પાપોનો **દેશથી**

અંભેચર

ત્યાગ કરી શકે છે ગૃહસ્થો માટે **કાંઈ જુદો ધર્મ** નથી **ધર્મ તો જે છે તે જ છે** પરંતુ ગૃહસ્થોથી સર્વથા ધર્મ નથી બની શકતો માટે દેશથી ધર્મ જે પ્રકારે થઇ શકે તે પ્રકારે ને દર્શાવી ઉપકારી જ્ઞાનીઓ એ ગૃહસ્થ ધર્મ તરીકે વર્ણવ્યો છે.

જૈન સાધુ પા. ૧૫

૬. જૈન પ્રવચનકાર આશ્ચાર્ય શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ–૯ અંક–૨૭ સં. ૧૯૯૪ મહા વદ ૬ તા. ૨૦–૨–૩૮ પાનુ. ૨૮૦

૧ અનંત જ્ઞાનીની આજ્ઞા એજ **ધર્મ** છે અને બીજા કુ**ધર્મો** છે પાંચે ઇંદ્રીઓના વિષયોની વાસનાનો સર્વથા અભાવ ક્રોધ, માન, માયા, લોભથી બીલકુલ રહીત પણ તેમજ રાગદવેષનો એક પણ અંશ નહી.

૨ હીંસા, અસત્ય, ચોરી, મૈથુન, અને પરીગ્રહનો ત્યાગ મન, વચન, કાયાથી કરે નહી, કરાવે નહી અને હીંસાદી પાપોની કોઈ પણ પ્રવૃતીને સારી માને નહી.

પૈસાથી ધર્મ ન થાય

જૈન સાધુ પા. ૧૬

૭ પુ. મુનીરાજ શ્રી વિજય રામવીજયજી મહારાજ હાલ શ્રીમદ આચાર્ય વિજય રામચંદ્ર સુરીજી મહારાજના દેશના સાગરમાંથી રાજનગરમાં રહી ઉધ્ધત કરેલા વચન

યુક્તિધરો

રત્નો વીરશાશન તા. ૨૯ જુન ૧૯૨૮ પા. ૬૧૯ ધર્મ જેવી એકાંત કલ્યાણકર વસ્તુનો **લક્ષ્મી** અને **સત્તાના** બળે જ સાંધી શકાતી હોત તો છખંડ પૃથ્વીના સ્વામી **ચક્રવૃતીઓ** અને અન્ય **રાજા મહારાજાઓ** રાજરીધ્ધીનો **પરીત્યાગ** કરી **સંયમ** સામરાજ્યના સેવક ન બન્યા હોત.

૮ જૈન સાધુ પા. ૧૬ પૈસાથી પાપથી છુટી શકાતુ નથી જંબુદ્વીપમાં જેટલા પર્વતો છે તે બધા સોનાના થઈ જાય અને તે સાતે ક્ષેત્રોમાં આપી દેવાય તે છતાં પણ એક **દીવસનું પાપ છુટતું** નથી એવી જ રીતે જંબુદ્વીપમાં જેટલી રેતી છે તે બધી રત્નરૂપ થઈ જાય અને સાતે ક્ષેત્રમાં દેવાય તો પણ એક દીવસના **પાપથી** છુટી શકાતું નથી.

જૈન દયા પા. ૬

૯ જૈન પ્રવચનકાર શ્રીમદ વીજયરામચંદ્રસુરીજી મહારાજ વર્ષ ૪ અંક ૬ સંવત ૧૯૮૮ અશાડ સુદ ૧૫ તા. ૧૭–૭–૧૯૩૨ પા. ૭૦ **ધર્મ** તેજ છે કે જે ક્રીયાઓ દુનીયાની આધી, વ્યાધી, ઉપાધીનો નાશ કરવા સમર્થ થાય.

જૈન દયા પા. ૬

૧૦ જૈન પ્રવચન તા. ૩૧–૭–૧૯૩૨ સં. ૧૯૮૮ અશાડ વદ ૧૩ વર્ષ ૪થું અંક ૮મો પોતપોતાના કર્મનાં યોગે પ્રાણીઓ આ સંસારરૂપ ભયંકર અટવીમાં અઠડાયા

કરે છે એમાંથી બચાવવા માટે અનંત ઉપકારી શ્રી જૈનેશ્વર દેવોએ ફરમાવેલા **ધર્મ સીવાય** કોઈ પણ સમર્થ નથી.

જૈન દયા પા. ૬

૧૧ જૈન પ્રવચન તા. ૨૩–૬–૩૫ પાનુ ૪૧ નીતી ખાતર **પૈસાનો ત્યાગ** એ ધર્મ ઇચ્છીતનો **ત્યાગ** એ ધર્મ.

જૈન દયા પા. ૭

૧૨ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીજી મહારાજ તા. ૩૦–૬–૧૯૩૫ પાનુ. ૫૬ ખાવાનો **ત્યાગ** કરવો એ **ધર્મ** રસોઈ ખાવી એ **ધર્મ** નહી.

જૈન દયા પા. ૭

૧૩ જૈન પ્રવચન તા. ૧૧–૧–૩૧ પાનુ. ૩૮૧ તપ ને **ધર્મ** કહ્યો **ખાવુ** એને **ધર્મ** ન કહ્યો.

જૈન દયા પા. ૭

૧૪ જૈન પ્રવચન તા. ૧૪–૭–૧૯૨૯ પાનુ ૧લું લક્ષ્મી મેળવવી. વીષય ભોગ કરવો અને ખાવું પીવું એ કંઈ **ધર્મ** નથી.

જૈન દયા પા. ૭

૧૫. જૈન પ્રવચન તા. ૨૧–૭–૧૯૨૯ પા. ૫ અનાદી કાળથી વળગેલા પૌદગલીક સંયોગોને મુકીએ એ એ **ધર્મ** પુરૂ મુકીએ તો **પુરો ધર્મ** અને અધુરૂ મુકીએ તે **અધુરો ધર્મ**, **મુકાય તે ધર્મ**.

ઇઅઅઠારસ ગુણેહી સંજુત્તો

૧૬ સીધચક્ર તા. ૧૪–૧૧–૧૯૩૬ પા. ૪૦ સંવર નિર્જરાએ જ ધર્મ.

જૈન દયા પા. ૧

જૈન પ્રવચન વર્ષ ૪થું અંક ૭મો

૧૭. મોક્ષ માર્ગના સ્થાપક તે **દેવ** મોક્ષ માર્ગન બતાવનાર તે **ગુરૂ** અને જેનાથી એ માર્ગની સાધના થાય તે ધર્મ તે તમારા ઘરની ચિંતા કરે તે **ગુરૂ નહિ ગોર**

૧૮. જૈન સાધુ પા. ખ **સુધર્મ** એ પરમાત્માની આજ્ઞાઓ તેજ **સુધર્મ** તરીકે સ્વીકારવો જોઇએ.

૧૯. જૈન સાધુ ચોપડી પા. ૨૩ **ધર્મ નથી** જૈન પ્રવચન વર્ષ ૧લુ વ્યાખ્યાન ૧૨ તા. ૧૪–૭–૧૯૨૬ અશાડ સુદ ૮ રવીવાર લક્ષ્મી પેદા કરવી વીષય ભોગ કરવો અને **ખાવું પીવું** એ કંઇ **ધર્મ** નથી.

૨૦ શ્રી સીધચક્ર તા. ૨૯–૪–૧૯૩૪ પાનું ૩૬૮ તીર્થંકરો અધર્મને ધર્મ બનાવી દેતા નથી.

૨૧ શ્રી સીદ્ધચક્ર તા. ૧–૬–૧૯૩૫ પા. ૩૬૬ વષ ૩ અંક ૧૬ **ધર્મ એ આત્માની માલીકીની** વસ્તુ છે. સંસારની બીજી ચીજો પૈસો, ટકો, ઘર, ખેતર, સ્રી પતી, પુત્ર એ સઘળું ઘણુ ઘણુ તો શરીરની માલીકીની ચીજ છે.

૨૨ લેખક પુજ્ય આગમોધ્ધાર શ્રીમદ સાગરાનંદ

પંચવીહાચાર પાલણ સમર્થો
સુરીશ્વરજી મહારાજ ધી યંગમેન્સ જૈન સોસાયટી સાહીત્ય અંક પા. ૫૯ '

સર્વજ્ઞ ભગવાને જે ધર્મ પ્રરૂપેલો છે તે સવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને માટે અબાધિત જ છે.

૨૩ વીરશાશન જુનુ વર્ષ ૨૦ નવું વર્ષ ૧૭ અંક ૧૪ સં. ૧૯૯૫ પોશ વદ ૧૨ રવીવાર તા. ૬–૧–૧૯૩૯ પાનુ ૨૨૫–૨૨૬ ગામ નીપાણી (દક્ષીણ).

જૈન સાધુ પા. ગ

૧ માનવજીવન એ ધર્મની અમુલ્ય મોસમ છે.

જૈન સા. પા. ઘ

૨ **સાચો ધર્મ** શ્રી જીનાજ્ઞાના પાલનમાં છે.

જૈન સાધુ પા. ૨૩

ધર્મ નથી.

(જૈન પ્રવચન વર્ષ ૧ અંક ૫ વ્યાખ્યાન ૧૨ રવીવાર તા. ૧૪–૭–૨૬ અસાડ સુદી ૮ વ્યાખ્યાનકાર મુનિશ્વર શ્રી રામવીજયજી મહારાજ હાલ શ્રીમદ્ રામચંદ્ર સુરીજી મહારાજ)

લક્ષ્મી પેદા કરવી, વિષય ભોગ કરવો અને ખાવું પીવું એ કોઈ **ધર્મ નથી.**

૪૫ (ગૃહસ્થ) ધર્મ

જૈનદયા પા. ૨૨

શ્રી સીદ્ધચક્ર તા. ૧૩–૪–૩૪ પા. ૩૨૧

એ છત્રીશ ગુણે ગુરૂમજઝ

૧ ગૃહસ્થ ધર્મ (દેશ વિરતિરૂપ) તે તો ખાળે કુચા ને દરવાજા ખુલ્લા જેવા છે.

૨ શ્રી સીદ્ધચક્ર વર્ષ ૫ અંક ૩ તા. ૨૮–૩–૧૯૩૬ પા. ૭૩ ગૃહસ્થને તો ભોજન માત્ર પણ **છકાય જીવની હીંસાથીજ** થાય છે.

૪૬ ધર્મ સંબંધી માન્યતા

જૈન દયા પા. ૫

સીધચક્ર સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ તા. ૧–૧–૧૯૩૮ પાનુ ટાઇટલ ૩જુ વર્ષ ૬ અંક ૬–૭

તત્વ દૃષ્ટિએ લૌકિક અને લોકોત્તરયમોની વચ્ચે આકાશ અને પાતાળ જેટલું આંતરૂં છે.

લોકીક અને લોકોત્તર દૃષ્ટિની **દેવગુરૂ ધર્મ** સંબંધીની માન્યતામાં આકાશ અને પાતાળ જેટલું આંતરૂં છે.

૪૭ ધ્યાન

જૈનદયા પા. ૩૯

જૈન પ્રવચન તા. ૨૮–૧૭–૧૯૨૯ પાનું ૩ આપત્તી અને સંપત્તી એ બંન્ને આદ્રરોદ્રનું કારણ છે.

૪૮ નમસ્કાર

જૈનદયા પા. ૪૫

જૈન પ્રવચન તા. ૬–૧૦–૧૯૨૯ પાનુ ૧૭૧ જે

નમો આયરીયણં

નમસ્કાર યોગ્ય હોય તેમને જ હાથ જોડાય:

એનો જેટલો ઉંધો ઉપયોગ એટલો સ્વ પરનો નાશ

૪૯ નાસ્તીક

જૈનદયા પા. ૨

જૈન પ્ર. પાનુ ૪૫૧ આરંભાદીક દુન્યવી ક્રીયાઓ
પ્રધાનપદ આપે છે તે **નાસ્તીક**

૫૦ નીર્જરા

૧ સીધચક્ર પા. ૩૨૩ વર્ષ ૨ અંક ૧
તા. ૧૩-૪-૧૯૩૪.

નિગોદમાંથી અહીં સુધી **અકામ** નિર્જરાથી આવ્યે
છે પણ વાત જમેની છે ઉધારની નથી.

૫૧ નીષેધ

જૈન પ્રવચન તા. ૧૧-૮-૨૯ રવીવાર પા. ૬ વર્ષ
અંક ૯ શ્રા. સુદ ૭.

જૈન દયા પા. ૪૭ ૪

ગૃહસ્થની ભાષા બોલવાનો પણ શાસ્ત્રકારે મુનીને
નીષેધ કર્યો છે.

૫૧ અ નિક્ષેપા પા. ૨૮

પંચાગી પ

શુદ્ધ ભાવ જેહનો છે તેહના, ચાર નિપેક્ષા સાચા
જેહમાં ભાવ અશુદ્ધ છે તેહના, એક કાચે સવિ
કાચા રે ॥જિ॥ તુ૦ ॥૧૨॥

નમો ઓવઝાયાણું

૫૨ નીસીહી ત્યાગ

૧ શ્રી જીનપ્રતીમા પુજન સ્વરૂપ પાનુ ૧૩ લેખક વ્યાખ્યાન વાચસ્પતી અનુયોગાચાર્ય શ્રીમદ વિજયમોહન-સુરીશ્વર પટધર શીષ્ય પંન્યાસપ્રવર શ્રી પ્રીતીવીજયજી ગણીવર.

લીટી ૧૫

૩ ચૈત્યવંદન (ભાવ પુજા) કરવા સમયે દ્રવ્ય પુજાના **ત્યાગ** કરવા રૂપ ત્રીજી નીસીહી કહેવી.

નીસીહી ત્યાગ

પાંત્રીશ બોલ.

૨ મુનિશ્રી ગુણમુનિમહારાજ છપાવી પ્રસીધ્ધ કરનાર નવલચંદ ખીમચંદ ઝવેરી પાનુ ૧૧૮ લીટી ૧૫

પ્રભુ પુજા કરવા સંબંધી કાર્ય **ત્યાગ** કરવા રૂપ ત્રીજી નીસીહી કરી ચૈત્ય વંદન કરવું.

જૈન દયા પા. ૭૦

૩ સમાધાનકાર શ્રીમદ આચાર્ય આગમોધ્ધારક શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ

નીષેધ (ત્યાગ)

સીધચક્ર મે ૧૯૩૯ પાનું ૩૪૯

ભગવાનની **દ્રવ્ય પુજાનો** કે જીનગ્રહનો વ્યાપાર કરવો નહી એટલા પુરતો જ **નીસીહિ** શબ્દથી કરાયલો **નીષેધ** છે.

નમો લોએ સવ્વસાહુણં

૫ નીસીહી

નીસીહી એટલે ત્યાગ

૪. પાંત્રીશ બોલ છપાવી પ્રસીદ્ધ કરનાર શા. વેણીચંદ સુરચંદ મહેસાણા પા. ૧૫૪

બાદ પ્રભુ પુજા સંબંધી કાર્ય ત્યાગ કરવારૂપ ત્રીજી **નીસીહિ** કહી ચૈત્ય વંદન કરવું.

નીસીહી

૫ માસ્તર ઉમેદચંદ રાયચંદ પાંજરાપોળ અમદાવાદ

ખંભાત નીવાસી દેવશ્રીરાઈ પ્રતીકમાણી

સુત્રાર્થ પાનુ ૧૪૬

ત્રીજી દ્રવ્ય પુજા **છોડવા રૂપ** ચૈત્યવંદન કરતા પહેલા કહેવી.

નીષીધ

જૈન દયા પા. ૧૬

૬ શ્રી જીનેશ્વર દેવની આજ્ઞા એજ ધર્મ છે એ આજ્ઞાથી વીહીત નહી કરાયલી વસ્તુનુ સેવન એ પાપ છે અને નીષીધ કરાએલી વસ્તુંનુ સેવન મહા પાપ છે.

૫૩ પાંચ મહાવ્રત

જૈન દયા પા. ૭

જૈન પ્રવચન તા. ૨૦-૩-૧૯૩૨ રવીવાર પાનું ૪૮૭

૧ કોઈ પણ પ્રાણી નાનો કે મોટો હાલતો ચાલતો કે સ્થીર એટલે કે પૃથ્વી કાય વીગેરે છએ કાયમાં

અસોપંચ

અર્થાત જેમાં જેમાં શ્રી જીનેશ્વર દેવોએ જીવો ફરમાવ્યા છે તેવા કોઇ પણ જીવની મન વચન અને કાયાથી હીંસા નહી કરવાની, નહી કરાવવાની, અને કરનારની અનુમોદના નહી કરવાની પ્રતીજ્ઞા તે પ્રથમ મહાવ્રત છે.

૨ ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્યથી ત્રીવીધે ત્રીવીધે અસત્ય નહિ સેવવા રૂપ બીજુ મહાવ્રત છે.

૩ કોઈની નાનામાં નાની પણ વસ્તુ માલીકની આજ્ઞા વિના મન, વચન, કાયાથી ન લેવાની, નહી લેવરાવવાની, અને લેતાને સારા નહી માનવાની પ્રતીજ્ઞા તેનું નામ ત્રીજુ મહાવ્રત છે.

૪ અબ્રહ્મના સેવનનો ત્રીવીધે ત્રીવીધે ત્યાગ એનું નામ ચોથુ મહાવ્રત છે.

૫ નવે પ્રકારના પરીગૃહનો ત્રીવીધે ત્રીવીધે ત્યાગ તે પાંચમું મહાવ્રત.

૬ જાવજીવ સુધી રાત્રીના અશન પાણ, ખાદીમ, અને સ્વાદીમ રૂપ કલ્પી શકે તેવી ચીજ પણ ત્રીવીધે પોતે ન ખાવાની અન્યને ન ખવરાવવાની ને ખાતાને અનુમોદના ન આપવાની પ્રતીજ્ઞા રૂપ છઠું વ્રત છે.

મહાવ્રત

એક ભાગે પાંચ મહાવ્રત ભાગે જૈન પ્રવચન વર્ષ ૩ જો અંક. ૪૪ રવીવાર તા. ૧૪–૪–૧૯૩૨ પાનું. ૫૨૨

નમુક્કારો

સબ્બપાપ પણાસણો

એક મહાવ્રતનો ભાંગનાર પાંચે મહાવ્રતનો ભાગનાર થાય મહાવ્રતનો ભાંગવાથી સાધુ આ લોકમાં નિધબને અને પરલોકમાં નરકાદીકનો અધીકારી થાય શ્રી દશ વૈકાલીક નામના આગમ સુત્રમાં પા. ૧૩૨માં ગૃહસ્થોની વૈયાવચ્ચ કરવી તે સાધુઓ માટે અનાચાર છે તેજ સુત્રના પા. ૩૭૫–૭૬માં ગાથા ૭ અને ૮મીમાં અને ૬૬૨–૬૬૩ પાને ૧૩મી ગાથાએ બધાની ટીકા, દીપીકા, અવચુરી વીગેરેમાં આ વાત છે.

પા. ૫૨૧ પંચાગી એટલે મુળ આગમ ૨, નીયુકતી ૩, ભાષ્ય ૪, ટીકા, દીપીકા અવચુરી ૫, ચુર્ણી એ પંચાગી કહેવાય છે.

પંચાગી એક મતભેદ ૮૪ ગચ્છ ચોર્યાશી પજુશણ શંવત્સરી. ૪.સં ૧૯૯૫

૫૪ પત્થરો

જૈન દયા પા. ૪૪

જૈન પ્રવચન તા. ૨૧–૭–૧૯૨૯ દુનિયાના પત્થરોથી જો ધર્મ થતા હોત તો તીર્થંકરદેવ કે જેની સેવામાં અસંખ્ય ઇંદ્રો હતા તેઓ રાજપાટ મુકી, સંયમ સ્વીકારી, ઘોર ઉપસર્ગ પરીષહ સહન કરી કેવળજ્ઞાન ઉપાર્જવાની શું કામ માથા ફોડ કરત.

૫૫ પરીવર્તન

જૈન જ્યોતી વધારો ૨૭ પા. ૨૭૮ તા. ૨૭–૩–૩૪

મંગલાચુંચ

સંવત્સરી

જૈન સાધુ પા. ૯૪-૯૫ મંગળવાર શ્રી દેવવીજયજી=પરીવર્તન ઘણા થઈ ગયા છે અઠાઈ આઠમને બદલે સાતમથી શરૂ થાય છે.

પપ અ પંચાગી

જૈનદયા પા. ૭૨ નીર્યુંકતીમાં પાછળથી ઉમેરેલા છે.
૧ મુંબઇ સમાચાર તા. ૧૩-૮-૧૯૩૬ રવીવાર પાનુ ૫૪

શ્રીમદ્દ વીજય રામચંદ્રસુરીના શીષ્ય મુનીરાજ શ્રી કનક વીજયજી મહારાજના વાખ્યાન, **નીર્યુંકતીમાં** પાછળથી લખનારાઓએ ઉમેરેલા છે.

પેસાબ

૨ શ્રી શ્રાદ્ધ વીધી પ્રકરણનું ભાષાંતર પા. ૧૦૪ તપાગછીય શ્રીમદ્દ રત્નશેખરસુરી મહારાજ રચીત ભાષાંતર કર્તા ચીમનલાલ શાકરચંદ મારફતીયા પહેલી આવૃતી.

અણાહાર=બીજી ચીજ જોડે **પેસાબ** ગણ્યો ને તેનો આશય શ્રીનીશીથ ચૂર્ણીમાં છે પેસાબમાં કહેવાતા જૈને અસંખ્ય જીવ બતાવ્યા છે પા. ૧૦૬માં લીટી ૭માં સુચિ એટલે મળોત્સર્ગ (લઘુનીતી વડી નીતી) કરવા.

પંચાગી

જૈન સાધુ પા. ૨૫

૩ શ્રી આચારંગ શ્રી. અ. ૧. ઊ. ૧૦ ટીકામાં સચીત મીઠું ખાવાનું કહ્યું છે રોગ ઉપશમાવા (દવા અર્થે) સાધુને

પહમં હવાઇ મંગલં

પંચિંદ્રિય

કારણે માંશનો બાહ્ય પરીભોગ કરવો કહ્યો.

નીશીથચુર્ણિમાં દ્વીતીયપદે અર્થમાં અનેક મોટા અણાચાર કુશીલાદીક પણ સેવવાના સાધુને કહ્યા છે એમ ટીકામાં ચુર્ણિમા અર્થમાં અનેક વાત વિરૂદ્ધ કહી છે તે કેમ મનાય વીશેષ હવે પછી.

લી૦ **એક જાણકાર**

પંચાગી

૪ ભાષ્ય=શ્રી **પ્રતીકમણસુત્ર** છપાવનાર

શ્રાવક ભીમશીહ માણેક પાનું ૪૭૯. સં. ૧૯૬૨ મહા વદ ૧૩ સને ૧૯૦૬.

હવે અણાહાર વસ્તુ કહે છે અને પુર્વે કહેલા ચારે આહાર માંહેલા કોઈ પણ આહારમાં ન આવે પરંતુ **ચઉ વિહાર ઉપવાસે** તથા **રાત્રીને ચઉ વિહારે વાપરી કલ્પે** તે અણાહાર વસ્તુ જાણવી તેના નામ કહે છે અનાહારનો વિષે કલ્પે તે વસ્તુ કહે છે લઘુ નીતિ જાણવી. **સર્વ જાતિનાં અનિષ્ટ મુત્ર** પંચકુલ ખારો, ફટકડી, ચિભેડ, ઈત્યાદિક વસ્તુ સર્વ અનિષ્ટ સ્વાદવાન છે અને ઈચ્છા વિના જે ચીજ મુખમાં પ્રક્ષેપ કરીયે તે સર્વ અણાહાર જાણવી એ **ઉપવાસમાં પણ લેવી સૂજે અને આયંબિલ મધ્યે પાણહાર પચખાન કર્યા પછી સૂજે ૫** જૈન પ્રવચન તા. ૩૦-૬-૧૯૩૫ પાનું ૫૬ **પ્રવચનકાર** આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્ર સુરીશ્વરજી

સંવરણો

નાહ

મહારાજ લખે છે કે: ખાવાનો ત્યાગ કરવો એ ધર્મ રસોઈ ખાવી એ **ધર્મ નથી.**

તા. ૧૨-૫-૩૯ના છાપામાં એમ. કે જૈને પૂછેલું છે, તે અઢાર પ્રશ્નનો જવાબ હજુ સુધી મળ્યો નથી. તે જાહેર જનતાને સારી પેઠે માલુમ છે.

૫૭ **પ્રભુ પુંજા**

જૈન સાધુ પા, ૯૭

૧ પ્રવચનકાર આચાર્ય શ્રી. રામચંદ્રસુરીજી વર્ષ ૯ અંક ૨૭ શં ૧૯૯૪ મહા વદ ૬ તા ૨૦-૨-૩૮ પાનું ૨૮૩

પ્રભુની આજ્ઞા મુજબ વર્તવાની તત્પરતા એજ સાચી **પ્રભુ પુજા** છે.

૫૭ A

પુજા

શ્રી સીધચક્ર વર્ષ ૨ અંક ૧૭ તા ૧૨-૬-૩૪ પાનુ ૪૦૪

પ્રશ્ન=પોષહમાં શ્રાવકથી વાસક્ષેપથી જ્ઞાન પુજા થાય કે નહી

સમાધાન=દ્રવસ્તવ હોવાથી **ઉચીત નથી** એમ સેન પ્રશ્નમાં પોષધવાલા માટે દીધેલા ઉત્તરથી જણાય છે.

૫૮ પાપ જૈનદયા પા. ૧૫

૧ જૈન પ્રવચન તા. ૧૯-૩-૩૯ પાનુ. ૨૯૩ કાગડાને

નવવિહ

અંશેચર

ઉડાવવો એ પણ પાપ છે.

૨ જૈન પ્રવચન અંક ૨૫–૨૬ વર્ષ ૧૦મુ પાનુ ૩૧૪ શ્રાવક કુળમાં જન્મ્યા પછી મોક્ષમાર્ગ આરાધવાની અરૂચી ખરે જ ભયંકર **પાપોદય** છે.

૩ જૈન કુળ પામીને પણ જીવનને અર્થ કામની ઉપાશનામાં વેડફી નાંખવું એના જેવી એક પણ ભયંકર અજ્ઞાનતા નથી.

૪. જૈન પ્રવચન તા. ૧–૧૨–૧૯૨૯ પા. ૨૭૦ કીમતી માનવ જીવન અવસ્થાને અનુરૂપ ચેષ્ટાઓમાં જ વેડફી નાંખવુ એ ખરેજ વીવેકી આત્માઓ માટે લજ્જાસ્પદ છે.

૫ જૈન પ્રવચન શાસ્ત્ર કહે છે કે એકવાર પાપ કર્યું તો પરંપરા ચાલી એક **પાપ** સો **પાપ**ને કરાવે જ.

૬ જૈન પ્રવચન જૈનદયા પા. ૧૬ તા. ૨૬–૩–૩૯ રવીવાર વર્ષ ૧૦ અંક ૨૫મો પા. ૩૦૨ શ્રી આચાર્ય ભગવાન પોતાના સ્થાનને માનાદીકના કારણે નહી શોભાવી શકનારાઓ આવા કીમતી સ્થાનને પોતાની પામરતાના યોગે કલંકીત કરવાનું **પાપ** વહોરે છે.

૭. જૈન પ્રવચન પા. ૩૦૪ શ્રી આચાર્ય ભગવંતો અને શ્રી "ઉપાધ્યાય ભગવંતો" તેમજ શ્રી સાધુ ભગવંતો

ગુપ્તિધરો

ચઉવિહ

પણ ત્રીવીધે ત્રીવીધે સઘળા **પાપ** વ્યાપારો શ્રી સદાને માટે વીરામ પામેલા હોય છે.

૮. શ્રી જીનેશ્વર દેવની આજ્ઞા એજ **ધર્મ** છે એ આજ્ઞા વીહીત "નહી કરાયલી વસ્તુનુ સેવન એ પાપ છે અને **નિષીધ્ધ કરાએલી** વસ્તુનુ **સેવન મહાપાપ** છે.

૯. જૈન પ્રવચન તા. ૨૭-૧૦-૧૯૨૯ પા. ૨૦૭ એ તો "**પાપ ને પુણ્ય**"માને એના તો નીસ્તારની બારી રહેતી નથી

૧૦ જૈન પ્રવચન તા. ૧-૯-૧૯૨૯ પા. ૨ જૈન આગમમાં તો "બધુ આવે છે" સારીયે દુનિયાના **પાપ** ની નોધ આમાં છે

૧૧ જૈન પ્રવચન તા. ૨-૭-૧૯૩૩ પાનુ ૮૧ જૈન દયા પા. ૧૭ એક જણ ચપ્પુ મુકીને મરી જાય એ જો તજ્યુ ન હોય તો તેનાથી થતી કાર્ય વાહીનું **પાપ** મરનારને લાગે છે.

૧૨ "જીંદગી સુધી" રેલમાં ન બેસવું એવા નીયમ વાળા ને **પાપ** ન લાગે બાકી જેને છુટી છે એ તો આરંભમાં બેઠો છે.

જૈન દયાને ૫૧૭

૧૩ ગરમ પાણી પીવાનો નીયમા કરનાર બધા પાણીની અવ્રત નહી લાગે

કસ્સાયમુક્કો

સંવરણો

૧૪ જૈન પ્રવચન તા ૧૮-૮-૧૯૩૩ પા ૧૬૭

"શ્રાવક શ્રાવીકા" તે દુનીયાની ક્રીયાને તો **પાપ** માનીનેજ કરે છે.

૧૫ જૈન પ્રવચન તા. ૨૮-૩-૧૯૩૭ પા ૪૮૨

"માતા, પિતા," કે વડીલ અથવા કોઇના **માટે** પણ **પાપ** કરવામાં આવે તો પણ કર્મ રાજા છોડશે નહી અને તેના યોગે આ ભયંકર સંસારમાં પોતાનેજ રૂલવુ પડશેજ

૧૬ જૈન પ્રવચન તા ૨૦-૧૦-૧૯૩૯ પા ૨૦૪

"હીંસાથી બચાવવા" માટે હીંસકને મારવાની ભાવના એ ઘોર પાપ છે ઘોર હીંસા છે

૧૭ જૈન પ્રવચન તા. ૧૦-૧૨-૧૯૩૩ પાનુ ૩૩૫

"આજે **સાધુ**"ના વેશમાં રહેવા છતાં પણ **જ્ઞાનને નામે ચોખ્ખો પાપ**નોજ પ્રચાર કરી રહ્યા છે.

જૈન દયા પા. ૧૮

૧૮ શ્રી સીધચક્ર તા. ૧૭-૧૧-૧૯૩૩ પાનુ ૮૫

ત્રીવીધ ત્રીવીધ વોસરાવ્યા વીના કોઈ પણ આત્મા **કર્મના** કારણથી બચી શકતો નથી.

૧૯ "જૈન પ્રવચન" તા. ૨૮-૩-૩૭ પા. ૪૮૨-૪૮૩

જેના માટે પાપ કરો છો તે પાપના નતીજાથી વીપાકથી બચાવવા નહી આવે અને કદાચ કોઈ આવે તો પણ **બચાવી શકે** તેમ નથી. ૧૯ અ પાનુ ૪૮૪ વોશરાવ્યા

પંચઅઠારસ ગુણેહી સંજુત્તો

ચીના મુકી જનારને અને વાપરે, વપરાવે તથા અનુમોદે એ ત્રણેને **પાપ** અમે સારૂ કહીએ તો અમને પણ **પાપ.** અઢારે પાપ લાગે.

જૈન દયા પા. ૨૧

૨૦ શ્રી સીધચક્ર તા. ૬-૧૨-૧૯૩૪ પાનુ ૭૭ સર્વ જગતના જીવોના અઢારે પાપ સ્થાનકની અનુમોદનાના ભાગીદાર છે. અનુમોદનાથી આવતા પાપ કર્મનુ રોકાણુ **ગૃહસ્થને** હોતુજ નથી પણ તે **અનુમોદના પાપનુ** રોકાણુ તો **સર્વ વ્રતીઆળો** સાધુઓનોજ હોય છે.

જૈન દયા પાનુ ૨૨

૨૧ શ્રી સીધચક્ર મે ૧૯૩૯ અંક ૧૫-૧૬ પા. ૩૭૩ સમ્યકત્વવાલા જીવોને **આરંભિકી** અને **પરિગ્રહીકી** ક્રીયા ન માનનાર સમકીતી તો શું? પણ વ્યવહારથી પણ **જૈની** નહી કહી શકાય.

૨૨. ઇ. જેને સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય ને **આરંભ** અને **પરિગ્રહ** છોડવા લાયકજ માને અને **છોડવામાંજ** આત્માનુ કલ્યાણ છે એમ માને.

૨૩ એ, આરંભ, પરિગ્રહાદી કયાં પ્રવર્તવુ, રાચવુ લોકોને પ્રેરવા અને સાધુપણાને અનુચિત કાર્યો કરવા કરાવવા અને પોતાના આત્માને જ્ઞાતા અને દ્રષ્ટા કહીને બચાવવો એવું સ્વપ્ને પણ સમકીતી જીવને હોય જ નહી.

પંચમહાવયજુત્તો

પંચ વીહાચાર પાલણુ સમથ્થો

જૈન સાધુ પા. ૨૮

૨૪ જૈન પ્રવચનકાર શ્રી આચાર્ય શ્રીમદ વિજય રામચંદ્ર સુરીજી મહારાજ વર્ષ ૯મુ અંક ૨૭ સં. ૧૯૯૪ મહાવદ ૬ તા. ૨૦–૨–૩૮ પા. ૨૮૩

પાપની મોટામાં મોટી જડ **મીથ્યાત્વ** છે.

૨૫ જૈન પ્રવચન વર્ષ ૧૦મુ અંક ૭મો શં. ૧૯૯૪ ભાદરવા વદ ૯ તા. ૧૮–૯–૧૯૩૮ પાનુ. ૮૫

દુન્યવી સુખની ઈચ્છા એજ **પાપની જડ** છે.

૨૬ જૈન પ્રવચન તા. ૪–૮–૧૯૨૯ પા. ૯ ભગવાન મહાવીર દેવે **અસી, મસી, કસીને પાપ સ્થાનક** કહ્યું છે.

૨૭ શ્રી સીધચક્ર વર્ષ ૨ અંક ૨૦મો પાનુ. ૪૬૯ સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ શાસ્ત્રકારો મન વચન કાયાથી જેમ પાપ કરવું, કરાવવું અને કરતાને અનુમોદવાનો નિષેધ કરેજ છે.

૨૮ શ્રી સીધચક્ર સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ વર્ષ–૩ અંક ૧૬ તા. ૧–૬–૧૯૩૫ પાનુ–૩૭૦ સાધુએ અસંયતિનુ પોષણ પણ કરવું નહી જો સાધુ અસંયતિનું પોષણ કરે છે અથવા અસંયતિને આપે છે તો તેને પાપ લાગે છે. ૨૯ શ્રી સીધચક્ર પા–૩૬૬ તા. ૧–૬–૧૯૩૫.

પંચસમીઆ ત્રીગુત્તો

એ છત્રીશ ગુણે ગુરૂમજઝ

સર્વ સાવધના ત્યાગીને સર્વ સાવધના રોગીને પોષવાનો શાશને કરેલો નીષેધ.

૩૦ શ્રી સીધચક્ર તા. ૧૭-૧૧-૩૩ પા. ૮૫ વર્ષ ૨ અંક ૪ સુધા સાગર.

૮૩૯ ત્રીવીધે ત્રીવીધે વોસરાવ્યા વીના કોઇ પણ આત્મા કર્મના કારણોથી બચી શકતો નથી.

૩૧, જૈન પ્રવચન વર્ષ—૨જુ અંક—૨૪ તા. ૨૯—૩—૧૯૩૯ પંચાગી પા, ૬૭ મુની છકાયના રક્ષક છે અને એજ માટે મુનીએ પાટે બેસવાનુ છે છમાંથી એકેને મારવાની સલાહ સાધુથી આપી શકાય એમ નથી.

૩૨ ધી યંગમેન્સ જૈન સોસાયટી સાહીત્ય અંક શ્રી પુર્ણીમા વી. ૨૪૫૫ પા. ૧૫ લખનાર પુજ્ય શ્રીમદ્ વિજયલબ્ધીસુરીશ્વરજીનો સંદેશ.

સ્વજન, પ્રીતી, મીથ્યા મોહનો નશો છે.
કંચન, કામની કર્મના દ્વાર છે.

૩૩ જૈન પ્રવચન વર્ષ ૨ પા. ૨૪૪ અંક ૨૧ તા. ૧૨-૧૦-૧૯૩૦ પંચાગી પા. ૬૬ નવપદમાં શ્રાવક શ્રાવીકા લીધા નથી કારણુ કે શ્રાવક શ્રાવીકા સાવધમાં રહેલા છે. શાસ્રકારે ગૃહસ્થને છકાયના હીંસક હોવાથી તપાવેલા લોઢાના ગોળાની ઉપમા આપી છે.

-નમો અરીહંતાણું

૩૪ જૈન પ્રવચન વર્ષ રજુ પા. ૨૬ અંક ૩જો તા. ૮-૬-૧૯૩૦ પંચાગી તા. ૬૬ હીંસા, જુઠ, ચોરી, મૈથુન એ ચારે પાપ લાવનાર પરિગ્રહ છે.

જૈન દયા પા. ૨૧

૩૫ જૈન પ્રવચન હીંસા પા. ૨૬૨મુ તા. ૨૪-૧૧-૧૯૨૯ શ્રી મહાવીર દેવે શ્રેણીક મહારાજને કાળસૌરીક કસાઇ માટે કહ્યું કે એને હીંસા કરતા રોકવાની તાકાત નથી.

૩૬ જૈન સાધુ પા. ૮૮ શ્રીમદ રામચંદ્ર સુરીશ્વરજી મહારાજે ગામ વાપીમાં ફરમાવ્યું કે અસયંતી અપચ્ચખાણી, અવ્રતી ને સુઝતો, અસુઝતો પ્રાસુક, અપ્રાસુક દેવે તેને એકાંત પાપ શાખસુત્ર ભગવતી શતક-૮ ઉદેશો ૬.

૩૭ જૈન દયા પા. ૧૫ પૌદગલીક સંયોગો મેળવવાની ભાવના કેવળ પાપનુ જ કારણ છે.

૫૯ પ્રાયશ્ચિત

જૈન ધી યંગમેન્સ સોસાયટી સાહીત્ય અંક પા. ૧૧૩ લેખક પુજ્ય શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ

ધર્મ શાસ્ત્ર સિવાયનું શિક્ષણ દેવું. દેવડાવવુ કે દેતા ને સારા જાણવા તેમાં સાધુને પ્રાયશ્ચિત લાગે છે.

૬૦ પાણી

જૈન સાધુ પા. ૯૫

૧ શ્રી માણેકમુની (હાલ શ્રી માણેકસુરીજી)=રાત્રીના

નમો આયરીયણં

પાણી રાખવાની મનાઈ છે તેને બદલે બધા કેમ રાખીયે છૈયે ?

૨ પાણી પાવા પા. ૯૧ જૈન દયા કારણકે જ્યા પરીપકવ ઊષ્ણજળ ન મળત્તાં પ્રાણ ચાલ્યા જાય એવી સ્થીતીમાં પણ મુનિ કાચુ પાણી પીતા નથી, તે ખાડો ખોદી પાણી કાઢી ને બીજાને પીવરાવવા ત્યારે જ તૈયાર થાય કે તે કાર્ય કર્યા પહેલા સાધુત્વને નિલાજલી આપે

૬૧ પારકા

જૈન દયા પા. ૭૧

મુંબઈ સમાચાર તા૰ ૧૦ ઓગસ્ટ ૧૯૩૯ પા. ૧૪

ભાષણ કરનાર મુનીરાજ શ્રી કનક વીજયજી

શરીર લક્ષ્મી, કુટુંબ.

શરીર, લક્ષ્મી, કુટુબ તણે પારકા છે તમારી માન્યતા શરીર મારૂં છે, લક્ષ્મી મારી છે, કુટુબ મારૂં છે પરંતુ એ માન્યતા તદ્દન ખોટી છે શરીર પર છે લક્ષ્મી પર છે કુટુંબ પર છે જ્યાં વસ્તુની કીમત નથી ત્યાં સાચો માર્ગ જડતો નથી.

૬૨ પારણુ

જૈન પ્રવચન તા. ૧૧-૧-૧૯૩૧ પાનુ. ૩૮૭

તપને ધર્મ કહ્યો પણ ખાવુ એને ધર્મ ન કહ્યો માસ ખમણુને પારણે બીજુ માસ ખમણ કરવું હોય

નમોલોએસવ્વસાહુણં

તો તેવા આત્માને વચ્ચે **પારણા**માં વાપરવા જોઇએ તો બીજું માશ ખમણુ થાય એમ શાસ્ત્રકાર જાણે છે પણ એ પારણાને તપો ધર્મ ન કહ્યો.

૬૨ અપારણું નીર્જરાને રોકે છે

જૈન સાધુ પા. ૯૭

૨ ઉપાવાશના પારણા થાય છે ત્યારે અપુર્વ આનંદ આવે છે પરંતુ એ આનંદ માનનારાઓને એ વાતનો ખ્યાલ છે કે પારણાએ **ચાલુનીર્જરા રોકી દીધી છે.**

૬૩ શ્રી પાશ્વચંદજી

જૈન સાધુ પા. ૧૭

શ્રી પાર્શ્વચંદ શ્રી સીધચક્ર પાનુ ૩૫૨ સં. ૧૯૯૩ વૈશાખ સુદ ૧૫ તા. ૨૫ મે સને ૧૯૩૭ વર્ષ ૫મું અંક ૧૫ મો લખનાર અગમોદ્ધારક શ્રી સાગરાનંદ સુરીજી.

પાશચંદ્રે લોંકાના સમુદાયને પણ પોતાના પાશામાં લેવા જણાવ્યું કે શ્રીજીનેશ્વર મહારાજની **પ્રતીમાને માનવાનું** કે તેની **પુજા કરવાનું** જણાવેલું જ નથી અને શ્રી જીનેશ્વર મહારાજની પ્રતીમાની પુજા **કરવામાં પાપ** થાય છે.

ભગવાન જીનેશ્વર મહારાજે તો જેમાં કર્મબંધ અંશે પણ ન હોય એવો એ **સંવર નીર્જરામય ધર્મ** જણાવેલો છે.

એસોપંથ

નમોકકારો

એગાથા

શ્રી પાર્શ્વચંદ્ર સુરી કૃત

દુલભ નરભવ પામવો જીવને દુલભ શ્રાવક કુળ અવતારો
ગુણવંત ગુરૂનો સંગ છે. દોહીલો તે પામીને નહી હારોરે
પ્રાણી જીવદયા વ્રત પાલો ॥ ૧ ॥ આંકડી

આશ્રવ પ્રતીપક્ષ સંવર જુઓ તેહની રહસ્ય વીચારો
આરંભ આશ્રવ સંયમ સંવર એમ જાણી જીવ નહી મારોરે
પ્રાણી ૨

જીવ સહુએ જીવવું વંછે, મરવું ન વંછે કોઇ
આપણે દુઃખ છે તેમ છે બીજાને, હૈયે વીચારી જોઇરે
પ્રાણી ૩

અંગ ઉપાંગ શસ્ત્રધારા અણીથી, નખ ચખ છેદે ભેદે કોઈ
જેહવી વેદના મનુષ્યને હોવે, તેહવી એકન્દીયને હોઇરે
પ્રાણી ૪

ઘરડા પુરૂષને બળવંત તરૂણો, મારે મુઠી પ્રહારો
જે દુઃખ વેદે તેહવો એકેન્દીયને, લીધા હાથ મઝારોરે
પ્રાણી ૫

સમકીત વીના હાથી ભવ સસલાની, દયા ચોખે ચીત્ત પાલી
પ્રતી સંસાર કીધો તે ઠામે, મેઘકુવર થયો દુઃખ ટાળીરે
પ્રાણી ૬

સઝ્વપાત્ર

અભયદાન દાનાં માંહે મોટો, વળી દાન સુપાત્રે દાખ્યો
આગમ સાંભળને જૈન મત જુઓ, મુળ દયા ધર્મ ભાખ્યોરે
પ્રાણી ૭

લોહ શીલા જો તરે મહોદધી, કદાચ પશ્ચીમ ઊગે ભાણુ
સહજે અગ્ની પણ શીતળ થાયે, તોહી હીંસામે ધર્મ મત
જાણુરે પ્રાણી. ૮

સુરજ આથમીયા દીવસ વીમાસૈ, સાપ મુખ અમૃત જોવે
ઝેર ખાધા વળી જીવવું વંછે, તેમ હીસામાં ધર્મ ન હોવેરે
પ્રાણી. ૯

અગ્ની સીચીને કમળ વધારે, કપડા ધોવાને કાદવ આણે
તેમ કુગુરૂ પ્રસંગે મુર્ખ માનવ, જીવ હણે ધર્મ જાણેરે
પ્રાણી. ૧૦

આગમ વેદ પુરાણુ કુરાનમે, કહ્યો દયા ધર્મ સારો
વળી જીનજીના વચન સાચા જાણો તો, છ કાય જીવોને
નહી મારોરે પ્રાણી. ૧૧

અથે અનર્થે ધર્મ જાણીને, જીવ હણે મંદ બુદ્ધી
પણ ધર્મ માટે છકાય હણે તેની, શ્રદ્ધા ઘણી છે
ઊંધીરે, પ્રાણી. ૧૨

સોયને નાકે દોરડું પોરવે, તે કેમ અંદર પેસે
હીંસા માંહી ધર્મ પરૂપે, તે સાલો સાલ ન બેસેરે,
પ્રાણી. ૧૩

પણાસણે।

પીતા વીના પુત્ર ઉપજ્યો, મા વીના બેટો જાય્રે
તેમ હીંસામાં ધર્મપ્રરૂપે, તે મને અચરજ આયોરે
પ્રાણી. ૧૪

પાર્શ્વચંદ્ર સુરી ભણે એવી પરે આજ્ઞા સહીત કરૂણાપાલે
તે નર દુર્ગતીના દુઃખ ટાળે, જ્ઞાન કળા અજવાલેરે
પ્રાણી. ૧૫

શ્રી પાર્શ્વચંદ્ર સુરી કૃત

ચૈત્ય મંદીરમાં ઝાડજ ઊગ્યો, અનંત જીવાંનો વાસો
લોઢાની કુહાડી લેઈ આપણુ છેદે, કાંઈ કરો દુર્ગતી વાશોરે
મુનીવર હીંશા ધર્મ કાંઇ ભાખો ॥ ૧ ।

સાચુ કહે તો તે નહી માને, જુઠુ કહે તે કીજે
અસત્ય ભાષીને હીનાચારી, તે ગુરૂ આઘા મુકી દેજેરે
મુ૦ ૨

ચારીત્ર પાળી મુગતે પહોત્યા, તે માર્ગ નાહી થાપે
મુઢમતી હોય જીવ વીરાધો, નહિ કરો એવો પાપોરે
મુ. ૩

ધર્મ ઊથાપી ને હીંસા થાપો, છ કાયાના પ્રાણ લુંટાવો
ધર્મ તણો છાંટો નહી માંહી, નકામો જન્મ ગુમાવોરે
મુની. ૪.

વનમાં શીકારી શીકાર કરે તો, લોકોમાં થાય પુકારો
ભગવંત આગળ હીંસા માંડી, લાખો ક્રોડો જીવના સંહારો,
મની ૫

મંગલાણુંચ

શીકારીને ચામ ચાહી જે ને માંશ ખાઈ જે, પેટને કારણુ મારે
જે જીવ મારીને મનમાં પછતાવે, એનો જવાબ પુછ્યા
ન આવેરે મુની. ૬

તમે ચામડાને ન અડકો માંસ ન ખાવો, કાંઈ તમે
જીવ હણાવો, તમે ભગવંત માથે દુષણુ દો છો, ન્યાયે
તમે દુર્ગતી જાવોરે મુની. ૭

ખાજા લાડુ શેવ મીઠાઈ, ભર ભર થાળા લાવો, પ્રભુ
ત્યાગી તમે ભોગ લગાવો, કાંઇ તમે દુર્ગતી જાવોરે
મુની. ૮

કોઈ શ્રાવક રાત્રે ન ખાવે, તમે દેવને સું ચઢાવો
માર્ગ છોડી કુમાર્ગે ચાલ્યા, એ કરણીથી દુઃખ પામોરે
મુની. ૯

ભગવંત વચનની પ્રતીતી નહી, તેથી હીંસા કરાવો
દેવલોકથી તો દૂર જાણુજો, જરૂર નીગોદમાં જાવોરે
મુની. ૧૦

દેવને કારણે છ કાય હણાવો, ગુરૂને કારણુ મરાવો
ધર્મને કારણુ હસ હસ ખાવો, તમે કોના નામે
છોડાવોરે મુની. ૧૧

પ્રીત જુની તમારાથી પહેલી હતી, તેથી તમને ચીતરાવું
મે મારો મન નિર્મળ કીધો, જીનમાર્ગ ગુણુ ગાવુરે
મુની. ૧૨

સજ્વેલો

ભાવ કરીને ભગવંત પુજો, દ્રવ્યે દુર કરાવો. સુખે સમાધે મોક્ષ પધારો, બહુલા સુખ જેમ પામોરે
મુની. ૧૩

સાધુ તો છ કાયના રક્ષક, તમે કહી કહી કેમ હણાવો
અર્જ મારી સાચી માનો તો, ફરી ચોર્યાસીના ફેરામાં
નહી આવોરે મુની. ૧૪

પાર્શ્વચંદ્ર સુરી કહે ચારીત્ર લેઈ, આરંભથી મન ટાળો
વીર વચન તમે સાચાપરૂપો, ત્રણ કરણ સુધો સયંમ
પાળોરે મુની. ૧૫

૬૪ પાપોપદેશક

જૈન દયા પા. ૪૪

જૈન પ્રવચન તા. ૨–૮–૩૬ પાનુ ૧૨૧ આ લોકના કે પરલોકના પૌદગલિક ઈરાદાથી ધર્મ કરવો એ પણ સારૂ છે એમ કહેનારા ધર્મોપદેશક નથી પણ પાપોપદેશક છે.

૬૫ પૌદગલીક

જૈન દયા પા. ૪૧

૧ જૈન પ્રવચન પા. ૨૯૦ આ લોક કે પરલોક સંબંધી **પૌદગલીક** અભીલાષા એ ભયંકર વસ્તુ છે.

પાનુ. ૨૯૧

૨ **પૌદગલીક** સંયોગો પ્રાપ્ત કરવા માટે પણ ધર્મ કરી શકાય છે એવો ઉપદેશ આપવો, એ તો દુખના દ્વેશી તથા સુખના અર્થી જગતને સાચા સુખના સાધક

સન્માર્ગથી વંચીત બનાવી દુઃખનાજ માર્ગે દોરવાનો દુષ્ટમાં દુષ્ટ પ્રયાસ છે.

૩ પાનુ ૨૯૩ પૌદગલીક સંયોગોની પ્રાપ્તી માટે પણ ધર્મ કરો, એવો ઉપદેશ આપી શકાય છે, એમ કહેનારા કેટલા બધા અજ્ઞાન છે અને વસ્તુતઃ ઉપકારી નહિ પણ અપકારી છે તે આપો આપ સમજાય છે.

૬૬ નવ પ્રકારે પુણ્ય

જૈન સાધુ પા. ૯૫

પાત્રીસ બોલ પુન્યપાદ મુની મહારાજ શ્રી ગુણમુનીજી મહારાજ.

છપાવી પ્રસીધ્ધ કરનાર શેઠ નવલચંદ ખીમચંદ ઝવેરી.

૧ સાધુ મુનીરાજ વગેરેને ભોજન આપવાથી પુણ્ય બધાય તે અન્ન પુણ્ય.

૨ તેમને પાણી આપવાથી પાણપુણ્ય.

૩ તેમને રહેવાને સ્થાન આપવાથી લેણપુણ્ય

૪ તેમને સુવાને પાટ વગેરે આપવાથી સેણ પુણ્ય

૫ તેમને વસ્ત્ર આપવાથી વસ્ત્ર પુણ્ય

૬ તેમનું મનમાં ભલુ ચીંતવવાથી મન પુણ્ય,

૭ તેમની વચન વડે સ્તુતી કરવાથી વચન પુણ્ય.

૮ તેમની કાયાથી સેવા ભક્તી કરવાથી કાય પુણ્ય

૯ તેમને હાથ જોડી નમસ્કાર કરવાથી નમસ્કાર પુણ્ય.

જીવાદીમંગળ

જૈન સાધુ પા. ૯૫

શ્રી સીંધુર પ્રકરણ શ્રી સોમ પ્રભાચાર્ય કૃત. પાનુ ૬૬ શ્લોક ૨૬

કદાચ પથ્થર જળમાં તરે, સુર્ય કદાચ પશ્ચીમમાં ઊગે, કદાચ અગ્ન શીતળ થાય, પૃથ્વી કદાચ ઉપર થાય તો પણ જીવોના નાશરૂપ હીંસા દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદીકને લીધે કાંઈ પણ પુણ્ય ઊત્પન્ન કરતી નથી.

૬૭ ફેર નથી

લેખક પુજ્ય આગમોદ્ધારક શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ ધી યંગમેન્સ જૈન સોસાયટી સાહિત્ય અંક પા. ૫૯

શાસ્ત્રકારો, આશ્રવ, સંવર. નીર્જરા, બંધ અને મોક્ષ જેવા વીષયમાં કાળચક્રના ફેરને લીધે ફેર પડવાની ના પાડે છે.

૬૮ બીકાનેર રાજપત્ર પહેલો દેશનીકાલ જીલ્દ ૩૬ નં. ૪૪ શનીવાર તા. ૩જી નવેમબર ૧૯૨૩

૬૯ બાળ, પંડીત બાળ, અને બાળ મરણ

જૈન દયા પા. ૩૯

જૈન પ્રવચન વર્ષ ૧લું અંક ૩૩મો શંવત ૧૯૮૬

મહા સુદ ૪ રવીવાર તા. ૨–૨–૩૯ પાનુ ૧

પાપથી વીરામ પામ્યા હોય તેના સંગથી સર્વથા સુની ખસ્યા તે પંડીત મરણ દેશ વીરતી શ્રાવક અંશે

એસોપચ

ખસ્યા માટે એમનું મરણુ તે અંશે **પંડીત મરણુ** તથા બાકીના અંશે **બાળ મરણુ** અને બીજા બધા સંસારના સંઘમાં બેઠા છે માટે એમનું **બાળ મરણુ**

ભીક્ષા ૭૦

જૈન સાધુ પા. ૯૪

શ્રી જૈન પ્રવચન વર્ષ ૮ અંક ૪૨ પાનુ ૫૪૬ તા. ૯–૫–૩૭

સુખ્ય ખાનપાનવાળા ઉત્તમકુળના **ઇતરોના ઘરથી** પણુ સાધુઓ **ભીક્ષા** લઈ શકે છે.

ભાવાચાર્ય ૭૧

જૈન દયા પા. ૪૨

જૈન પ્રવચન ૨૬–૩–૩૯ વર્ષ ૧૦ અંક ૨૫ ૩૧૩ પાનું

નામાચાર્ય અને દ્રવ્યાચાર્યની શ્રી જીનેશ્વર દેવના શાશનમાં પુટી કોડી જેટલી પણુ કીમત નથી શ્રી વીતરાગ પરમાત્માના શાશનમાં એવા પણુ આચાર્યો થયા છે, થાય છે અને થશે કે જેઓનુ નામ માત્ર દેવાથી પણુ આત્મા **પાયશ્ચિતને** ભાગીદાર થાય છે એવા નામાચાર્યોને દ્રવ્યાચાર્યાથી બચવાની ખાતર મોક્ષના કામી એવા પ્રત્યેક આત્માએ **ભાવાચાર્યોના** સ્વ-રૂપને સમજી લેવાની અતીશય આવશ્યકતા છે. ૭૧ અ પાનુ. ૩૦૧ જેઓને લોક રંજન કરવા ખાતર બીજા ઉપદેશો દેવાનું મન થાય છે તેઓ ઇચ્છે છે કે ન ઇચ્છે તે

નમોક્કારો

છતાંય નામાચાર્યની કે દ્રવ્યાચાર્યની કોટીમાં પોતાનું નામ નોધાવે છે.

ભુલને પાત્ર ૭૧ બ

પંચાગી ૬૫ જૈન પ્રવચન વર્ષ ૨ અંક ૮ પા. ૮૦

તા. ૧૩-૭-૧૯૩૦ છદ્દમસ્ત માત્ર ભુલને પાત્ર છે.

જૈન દયા પા. ૬

૭૨ મંગળ

૮ અહીંસા સંયમ તપ રૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ **મંગળ** છે

જૈન સાધુ પા. ૩૭

૭૩ મૃત્યુથી **બચાવી શકતું નથી** ૭૩અ જૈન પ્રવચન શંવત ૧૯૯૪ આશો શદ ૧૫ રવી તા. ૯-૧૦-૧૯૩૮ વર્ષ ૧૦મુ અંક ૧૦મો પાનુ-૧૧૯ પ્રવચનકાર આચાર્ય દેવ શ્રીમદ વીજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ.

જગતની કોઈ પણ વસ્તુ, મોટામાં મોટા હકીમ કે સેંકડો વીરોની શેના, એમાનુ કોઈજ **મૃત્યુથી બચાવી શકતું** નથી.

જૈન સાધુ પા. ૯૭

૭૪ માબાપનો બદલો

૧ જૈન પ્રવચન વર્ષ ૯મુ અંક ૪૪ મો શંવત ૧૯૯૪ અસાડ વદ ૬ રવેઊ તા. ૩-૭-૧૯૩૮ પ્રવચનકાર શ્રીમદ વીજયરામચંદ્ર સુરીશ્વરજી મહારાજા પાનુ ૫૨૬.

સંત્યપાલ

શાસ્ત્રો પુત્ર પર તો એ ફરજ મુકી છે કે પોતે સન્માર્ગે જઈ માબાપને પણ એ માર્ગમાં વાળે તેજ માબાપના ઉપકારનો બદલો વળે.

જૈન સાધુ પા. ૯૮

૨ શ્રી સીધચક્ર તા. ૨૯—૧૦—૩૨ પાનુ ૪૩ પ્રથમ વર્ષ અંક બીજો આશો વદ ૦) સં. ૧૯૮૮ પ્રશ્ન ૭૮

માબાપના ઉપકારના બદલો વળી શકે કે નહી.

સમાધાન=પોતાના દેહની ત્વચાના ઉપાનહ જોડા શીવડાવીને સમર્પણ કરે છતાં પણ માબાપનો ઉપકાર વળી શકતો નથી પણ જીનેશ્વર ભગવાન કથીત જે **ધર્મને** અંશે પમાડવાથી પ્રત્યુપકાર શાહેજે વળી શકે છે.

જૈનસાધુ પા. ૨૯

માબાપનો બદલો દીક્ષાનુ સુંદર સ્વરૂપ રચનાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ. પા. ૧૪૬—૧૪૭

૩ ગ્રહુસ્થ ધર્મમાં રહેલા જીવો જો કે માતપીતાની સેવા માટે બંધાયલા છે તો પણ તેમની સેવા એ **લોકોત્તર ધર્મ** તો નથી તેથી જ ઊવ્વાઈ આદી આગમોમાં માત્ર માતપીતાની સેવા કરનારને પરલોકના **આરાધકપણાનો** નીયમ દેખાડતા નથી આથી માત્ર આ **લોકમાં** જેઓએ ઉપકાર કરેલો છે જેઓની સેવા કેવળ **લૌકીક** જ ગણવામાં આવેલી છે.

પણાસરા

૭૫ મીથાત્વ

ચોપડી જૈન સાધુ પા. ૬

૧. મીથ્યાત્વ દશ પ્રકારના છે તે જેવા હોય તેવા સરદહે તો સમકીત

મનુષ્ય જન્મ સીવાય અને મીથ્યાત્વીને મોક્ષ મળે નહી

૧ જીવ ને અજીવ સરદહે તો મીથ્યાત્વ
૨ અજીવને જીવ „ „
૩ ધર્મ અધર્મ „ „
૪ અધર્મને ધર્મ „ „
૫ સાધુ ને અસાધુ „ „
૬ અસાધુ ને સાધુ „ „
૭ મોક્ષ માર્ગ ને કુમાર્ગ „
૮ કુમાર્ગ ને મોક્ષ માર્ગ „
૯ મોક્ષ ગયા તેને નથી ગયા સરદેતો મીથાત્વ
૧૦ અમોક્ષ ગયા તેને મોક્ષ ગયા „

જૈન દયા પા. ૧૮

૨. જૈન સુત્રમાંના એક પદમાંનો એક અક્ષર પણ ન રૂચતો હોય તો (કેવળ જ્ઞાનીને સોપવું જોઈયે) બાકીનુ સઘળુ રૂચતું હોવા છતાંય તે મીથ્યાત્વ ૨ અ જૈન પ્રવચન તા. ૨૬-૩-૩૯ પાનુ ૩૦૮

સર્વ વ્રતીની "આટલી મહત્તાને" નહી સમજનારો જો ધર્મ દેશક બને તો ને લોક લહેરીમાં પડી ધર્મ

મંગલાણુંચ

દેશના ના નામે **અધર્મ** દેશક બની અવ્રતી આદી અનેક પાપોની અનુમોદના આદી **પાપોથી** લેપાયા વીના રહી શકતો નથી લોકને ગમે તેવું બોલવામાં **ધર્મ** છે એવું માનનારો શ્રી વીતરાગ શાશનનો **ધર્મ** દેશક નથી પણ કટ્ટર **ઉન્માર્ગ દેશક** છે.

૩ ગૃહસ્થપણામાં પણ કેવલ જ્ઞાન થઈ શકે છે એ વાત આગળ કરી **સર્વવ્રતી ધર્મ**ની કીમત ઘટાડવાને જેઓ પ્રયત્ન કરે છે તેઓ શ્રી જૈન પ્રણીત માર્ગના **ઉપદેશકો નથી** પણ **ઉચ્છેદકો છે.**

જૈન દયા પા. ૧૯

૪ જૈન પ્રવચન કાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ તા. ૨૯—૯—૧૯૨૯ પા. ૧૬૩

સો પાપમાં નવાણુ **પાપ** ને પાપ માને એક પાપ ને પુણ્ય માને ત્યાં સુધી સમકત્વ હોતુ નથી.

૫ જૈન પ્રવચન તા. ૬—૧૦—૧૯૨૯ પાનુ ૧૭૩ જો એ ગૃહસ્થ **આશ્રવની કરણી** ને **સંવરની કરણી** માને, **ધર્મ માને**, કરવુ જોઈએ એમ માને તો **દેશ વ્રતી** જાય ને **સમ્યકત્વ** પણ ચાલુ જાય.

૬ જૈન પ્રવચન તા. ૧૫—૧૨—૧૯૨૯ પાનુ ૨૯૩ સારામાં ખોટાની બુદ્ધીને ખોટામાં સારાની બુદ્ધી એ **મીથ્યાત્વ** મોટો **મલ**, **દોષ** છે.

સંવેગી

ચોપડી જૈન દયા પા. ૧૯

૭ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ તા. ૧૭-૭-૧૯૩૨ પા. ૬૯

કલીકાળ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર સુરીજી કહે છે કે સુત્રના એક પણ અક્ષરને જે ન સદ્દહે તે **સમદષ્ટિ** મટી **મિથ્યાદ્રષ્ટિ** બને છે.

જૈન સાધુ પા. ઘ

૮ ૧૦ ધર્મના વીષયમાં **અસર્વજ્ઞોના વચનને** અનુસરવુ એ **ઘોર મિથ્યાત્વ** છે.

૭૬ મેલો

જૈન દયા પા. ૪૯

જૈને પ્રવચન તા. ૨૪-૪-૧૯૩૮ પાનુ ૪૩૦

સાધુ કપડાથી મેલો હોય, બાહ્ય દેખાવમાં મેલો હોય પણ એની આંખો, એના કાન, એનું નાક, એની જીભ એ વીગેરેમાં મેલાપણું ન જોઈએ.

૭૬ એ મોહ

સીધચક્ર તા. ૨૯-૧૦-૧૯૩૨ પાનુ-૪૭ સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વર મહારાજ વર્ષ-૧લુ અંક ૮મો તા. ૨૫ ૧-૩૩ શં ૧૯૮૯ પોશ વદ ૧ બુધવાર પાનુ ૧૮૩-૧૮૪.

૧ જૈન સાધુ ચોપડી પાનુ-૩૨ દેવી આવે છે. ભેદ નીતીથી કાલાવાલા રૂદન વીગેરેથી કરગરે છે જીન રક્ષીત

પહમં

દઠ રહે છે જીનપલીતનુ મૃત્યુ થાય છે જીન રક્ષીત સહી સલામત ઇષ્ટ સ્થળે પહોંચે છે.

૨ જૈન સાધુ ચોપડી પા. ૩૪-૩૫

શ્રી મહાવીર દેવનો અભીગ્રહ દીક્ષાનુ સુંદર સ્વરૂપ ચોપડી પાનુ-૧૪૧-૧૪૨ તૈયાર કરનાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ માતપીતા જીવે ત્યાં સુધી દીક્ષા લેવી નહિ એવો અભીગ્રહ કેમ કર્યો શંકા સમાધાન પ્રથમ તો તે અભીગ્રહ **ધર્મ રૂપ** નથી પણ **મોહના ઉદય** રૂપ છે તે વાત અષ્ટકજીની ટીકામાં સ્પસ્ટપણે જણાવવામાં આવેલી છે.

૩ પાનુ-૧૪૯ પરંતુ તે **મોહથી** આત્માનુ કલ્યાણ થયુ નથી.

જૈન સાધુ પા. ૩૫મુ

૪ જન પ્રવચન વર્ષ-૧૦મુ અંક-૧૨ તા. ૧૩-૧૦-૧૯૩૮ શં. ૧૯૯૪ આશો વદ ૦) રવીવાર પાનુ ૧૫૭ **મોહઘેલા** બનેલાઓ પોતે માનેલા પ્રીયની પ્રભાવના કરવા માટે પોતાની જાતને અનેક **પાપોની** ભાગીદાર બનાવતા કે જનતાને **ઘોરપાપની** ખાઈમાં ધકેલતાં જરા પણ આંચકો ન ખાય એ સહેજ છે.

७७ મોક્ષનો ઉપાય

જૈન દયા પા. ૪૦

જૈન પ્રવચન તા. ૧૯-૩-૩૯ પાનું. ૨૯૩

૧ અખીલ વેદી એટલે સર્વજ્ઞ એવા શ્રી અરીહન્તે

મંગલં

પરમાત્માએ પ્રરૂપેલો ધર્મ એજ એક **મોક્ષનો** ઉપાય છે.

જૈન પ્રવચન તા. ૨૬–૩–૩૯ પાનુ. ૧

૨ જીવ અને કર્મનો યોગ એજ સંસાર છે અને જીવ અને કર્મનો સર્વથા વીયોગ એ જ મોક્ષ છે.

દ્વાદ્ધશાંગીએ એ જડના યોગને નીવારવા માટે બતાવેલા ઉપાયોનો જીવનમાં અમલ થવો એજ જૈન શાશનનું સમ્યક ચરિત્ર છે એ દર્શન એ જ્ઞાન અને એ ચારીત્ર રૂપ રત્નાત્રયીનો જ્યારે સમુચીત યોગ થાય છે ત્યારે આત્મા પોતાની **મુકતી** સાધવા સમર્થ બની શકે છે.

૩ પાનું ૩૦૦ તપના ફળ તરીકે એક **મોક્ષ** ગણાય છે આશંસાપુર્વકનો તપનાયોગે ઋધ્ધિ સીધ્ધી કે દેવગતી આદીથી મલકાવું એ અજ્ઞાનનું ફળ છે મહાદુઃખ આપનાર છે પોતાનું પારકાનું અહીત કરનારા છે.

મોક્ષ

જૈન દયા પા. ૪૮

૪ જૈન પ્રવચન તા. ૨૨–૯–૧૯૨૯ રવીવાર પાનુ ૧૫૦, ૧૫૧

એવો ઉદ્દેશ આચાર્ય દેવે આપ્યો

આચાર્ય શ્રીમદ વિજય દાનસુરીશ્વરજી

"મુકતી" નામના નગરના શ્રી જીનેશ્વર દેવે કહેલા બે માર્ગ છે તેમાંનો એક માર્ગ સરલ મહાવ્રત નામનો

હુવઇ

છે અને બીજો એક માર્ગ અણુવ્રત રૂપ વિષમ છે સંસારથી જલદી છુટી મોક્ષે જવુ હોય તો મહાવ્રતનો માર્ગ પકડો, સંસારમાં વધુ વખત રહેવુ હોય ધીમે ધીમે મોડેથી મુકતી જવુ હોય તે બીજો માર્ગ લે.

૫ જૈન પ્રવચન તા. ૨૫–૯–૧૦૩૨ રવીવાર પાનુ ૧૯૧

શ્રાવકપણામાં મોક્ષ છે એમ શાસ્ત્રે કહ્યુંજ નથી જે આત્માને એ વેષમાં મોક્ષ કહ્યો છે તે આત્માભાવથી સર્વ વિરતીને પામીને મોક્ષે જાય છે.

વ્રત ૭૮

જૈન દયા પા. ૩૨

૧ જૈન પ્રવચન તા. ૨૬–૩–૩૯ વર્ષ ૧૦મું અંક ૨૫મો પાનુ ૩૦૮

સર્વ વિરતી નામનુ ચારીત્ર યતીઓને હોય છે.

દેશ વિરતી નામનું ચારીત્ર ગૃહસ્થોને હોય છે.

શ્રી વીતરાગના શાશનનો ધર્મ દેશક જ્યારે અસમર્થ જુએ છે ત્યારે સદાય સર્વ માટે તેના અંતરમાં વશી રહેલા **ભાવ દયા** તેને **દેશ** વિરંતી આદી ધર્મની લહાણુ કરવા પ્રેરે છે. ૨ પાનુ. ૩૦૯ ગૃહસ્થ ગમે તેટલો ધર્મી હોય છતાં પણ તેને જ્ઞાની પુરૂષોએ તપાવેલા લોઢાના ગોળાની જ ઉપમા આવી છે કારણ કે ડગલે ને પગલે ષટકાયના જીવોનો **વીરાધક** બની જાય છે.

૩ સીધચક્ર મે ૧૯૩૯ પાનુ ૩૭૩ સમાધાન ૧૦

મંગલં

અ, સમકત્વ તેનુ જ નામ છે કે વીરતાવાળાને જ ગુરૂ માનવા અને વીર્રતિને જ ધર્મ માનવો આ જૈન સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય તે, અવીરતી ને કર્મબંધનનું કારણ માને.

જૈન દયા પા. ૪૯

૭૯ વંદન

સીધચક્ર તા. ૨૯—૪—૩૪ પાનુ ૩૩૯

૧ શ્રેણીક મહારાજને ભવિષ્યની ચોવીશીના પહેલા પદ્મનાભ નામના તીર્થંકરપણે થવાના સકળસંઘે જાણ્યા છતાં કોઇપણ સુજ્ઞ પુરૂષે શ્રેણીક મહારાજને દ્રવ્ય તીર્થં-કરપણે વંદન કર્યું હોય તેમ શાસ્ત્રોમાં જણાવ્યું નથી વળી ભગવાન નેમનાથજી મહારાજે કૃષ્ણ મહારાજને આવતી ચોવીશીમાં તીર્થંકર થવાના છે એમ જણાવ્યા છતાં પર્ષદામાંથી કોઇ પણ વીવેકી કે સમદૃષ્ટિએ તેઓને વંદન કર્યું નથી.

જૈન સાધુ પાનુ ધ

૧૩ શ્રી જીનાજ્ઞા પ્રતીપાલક નીગ્રંથ સાધુઓને કરેલું વંદન નીચગોત્ર કર્મ ખપાવનારૂં છે.

વંદીતુ ૭૯ અ

પ્રતિક્રમણ સુત્ર પા. ૬૦ રચનાર ખંભાત નીવાસી માસ્તર ઉમેદચંદ રવચંદ.

છ કાય સમારંભે પયચે પયાવણે જે દોસા અત

પંચીદીય

કાય પરકા ઉભયકા ચેવનિદે—પ્રથ્વી કાયાદીક છકાય જીવોનો આરંભમાં પોતે રાંધતા બીજા પાસે રંધાવતા વળી રાંધતાને અનુમોદતાં જે દોષ પોતાને અર્થે અથવા પરને અર્થે તે બેઉને અર્થે કરવામાં જે દોષ લાગ્યો હોય તે નીચ્ચે હું નીદુ છું.

સીહીએ સુઅ દુહીએ સુઅ જામે અસંજએસુ અનુકંપા રાગેણુ વ દોષણુવ ત નિંદે તંચગરીહામી.

સમકજ્ઞાન દર્શન અને ચારીત્ર જેમનુ રૂડી રીતે છે એવાસુવીહીત ઉપર તથા રોગે કરી દુખીયા ઉપર જે પોતાની ઈચ્છાએ વીચરનારા નહી પણ ગુરૂની આજ્ઞાને વિષે વીચરનારા સુ સાધુ ઉપર ગુણવંતની બુદ્ધિએ નહી પણ આ મારો સગો છે એવા રાગથી તથા આ બીચારાને આપણે નહી આપીએ તો કોણ આપશે એવી નીષ્ઠા રૂપે દ્વેષ ભાવથી મેં જે અશનાદીક દાન દયા કરી દયા ભક્તી કીધી હોય તેને હું નિંદુ છું તથા ગુરૂની સાખે વધારે નીદુ છું.

બીજો અર્થ

વસ્ત્ર પાત્રાદીકે કરી સુખીયા એવા તથા રોગે કરી દુખીયા એવા અસંયતી એટલે વેશધારી પાસથ્યા એવાઓને આ તો મારા સગા છે. અથવા મારા ગામના છે વગેરે રાગે કરી અથવા જૈન શાસનના દ્વેષીક. નીર્લજ છે ઈત્યાદી દ્વેષ ઉપજયો તો પણ ઘેર આવ્યા માટે દાન આપ્યું ઈત્યાદી ભાવે કરી જે મે દયા કીધી હોય તેને હુ નીદુ છુ.

પઢમં હુવાઈ

જૈન દયા પાનુ ૩૩

૮૦ વારશો

સીધચક્ર મે ૧૯૩૯ પાનુ. ૩૬૮

ધર્મનો વારશો ન આપનાર પિતા પિતાપણાને ના નાલાયક છે.

૮૧ વોહાર

જૈન પ્રવચન વર્ષ ૮ અંક અંક ૪૨ પાનુ ૫૪૬ તા. ૯–૫–૩૭

જૈન સાધુ પાનુ. ૯૪

ધનાસાર્થવાહની સાથે આચાર્ય મહારાજ આદીએ વીકટ પ્રદેશ વીટાવ્યો છે.

વીદ્યા ૮૨

જૈન દયા પા. ૩૮

૧ જૈન પ્રવચન વર્ષ ૪ અંક ૬ સંવત ૧૯૮૮ અશાડ સુદ ૫ તા. ૭–૭–૧૯૩૨ પાનું ૭૦ અમીઝરણો ૭૯૭ પેટ માટે વીદ્યા ભણુનારાએ જગતમાં ઉપકારી થાય એ માનવું એ એક જાતીની ભયંકરમાં ભયંકર મુર્ખાઈ છે.

૨ ૭૨૮ પેટની વીદ્યા એ સમ્યગ જ્ઞાન નથી અને જેટલો પ્રચાર એટલો આત્મ ગુણુનો નાશ છે.

૮૩ વેષધારી

જૈન દયા પા. ૪૫

જૈન પ્રવચન તા. ૧૧-૧૨-૧૯૩૨ પાનુ ૩૧૦

૧૦૫૩ જે સાધુઓ પોતાની જ પ્રભાવનામાં પડી જાય છે અને ગૃહસ્થો ઘર બાર સાચવામાં પડી જાય છે તે સાધુ માત્ર **વેષધારી** છે અને ગૃહસ્થો કેવળ નામના શ્રાવકો છે.

૮૪ વૈયાવચ્ચ

૧ શ્રી સીધચક્ર તા. ૬-૬-૧૯૩૫ પાનુ. ૩૮૧ સાધુએ સર્વ સાવધનો ત્યાગ કરેલો હોવાથી તે ગૃહસ્થની વૈયાવચ્ચ કરી શકતો નથી.

અસંયતીની વયાવચ્ચ

૨ સીધચક્ર તા. ૨૩-૯-૧૯૩૮ પા. ૫૩૮ જૈન દયા પા. ૨૨ સાધુને ગૃહસ્થનું વૈયાવચ્ચ ત્રીવીધ ત્રીવીધ વીરતીવાળાઓએ સર્વથા વર્જવાનું છે એ વાત દશવૈકાલીકના "ગિહિણો વડીયા વડય" એ સુત્રને જાણનારાઓથી અજાણ્યુ નથી અને સામાન્ય રીતે અસંયતો છ જીવની કાયના હિંસા કરનાર હોવાથી તપેલા લોઢાના ગોળા જેવા ગણાય છે.

૮૫ હાડકાના માળા

૧ જૈન પ્રવચન વર્ષ-૨ અંક-૩૫ પા. ૪૧૧ તા. ૨૫-૧-૧૯૩૧ રવીવાર પંચાગી પા. ૬૭

ધર્મ રૂપ ચૈતન્ય હીન બનવું તે હાડકાના માળાપણું નમોકકારો

અદંભ

૮૬ હીંસા

જૈન દયા પા. ૧૦

૧ જૈન દયા પા. ૨૦ જૈન પ્રવચન તા. ૧૯-૮-૧૯૩૪ પાનુ ૧૨૬ વીવેકી આત્માઓ માટે નાનામાં નાના જંતુની પણ હીંસા યોગ્ય નથી.

૨ જૈન દયા પા. ૨૧ શ્રી મહાવીર "દેવે શ્રેણીક મહારાજને કાળ સૌરીક કસાઈ માટે કહ્યું કે એને હીંસા કરતા રોકવાની તાકાત નથી.

૮૭ લક્ષ્મી

જૈન દયા પા. ૩૬

જૈન પ્રવચન વર્ષ-૧૦ અંક ૨૫ પાનુ ૩૦૮ તા. ૨૬-૩-૧૯૩૯

૧ શ્રી વીતરાગ દેવના ઉપદેશથી એ સર્વ વિરતી રૂપ ચારીત્રના મહીમાને સમજી શકેલા ષટખંડ વિજેતા અને ભોકતા એવા ચક્રવર્તિઓએ પણ ષટખંડની અખંડ રાજ્ય લક્ષ્મીને એક ક્ષણવારમાં એક તૃણની માફક તજીને જીવનમાં ચારીત્ર ધર્મનો સ્વીકાર કર્યો છે.

જૈન પ્રવચન પા. ૫૨૭ અંક ૪૪ વર્ષ ૩ તા. ૧૦-૪-૧૦૩૨

૨ સાધુ પૈસા આપવા અપાવવા વીગેરેના ઉપદેશ આપે તો તે પોતાના સાધુ ધર્મથી પતીત થઈ, વ્રતાના

નવનિ

હવાઇમંગળ

ભંજક બની અને પોતાની ઊંચામાં ઊંચી નીતીનો ત્યાગ કરી ભયંકર નુકશાનનો અધીકારી થાય છે એટલે કે આ લોકમાં નીદ્ય બને છે અને પરલોકમાં નર્કાદીનો અધીકારી થાય છે.

૩ ધન

જૈન પ્રવચન તા. ૯-૬-૩૫ પાનુ. ૨૩ ધનથી વૈરાગ્ય, **ધન સર્વ અનર્થ** અને કલેશનુ કારણ એ માટે ધનમાં લુબ્ધ ન થવુ.

પંચાગી ગા. ૬૬ (**પૈસા**) **લક્ષ્મી** ૮૭ અ

જૈન પ્રવચન વર્ષ ૨જું પા. ૨૬ અંક ૩જો તા. ૮-૬-૩૦

હીંસા, જુઠ, ચોરી, મૈથુન એ ચારે પાપ લાવનાર **પરીગ્રહ** છે.

પંચાગી પા. ૬૬ **હીંસા ૩**

જૈન પ્રવચન વર્ષ ૨ પા. ૨૪૪ અંક ૨૧ મો

તા. ૧૨-૧૦-૧૯૩૦

નવ પદમાં શ્રાવક શ્રાવીકા લીધા નથી. શાસ્ત્રકારે ગૃહસ્થને છ કાયના **હીંસક** હોવાથી તપાવેલા લોઢાના ગોળાની ઉપમા આપી છે.

પંચાગી પા. ૬૭ **હીસા ૪**

જૈન પ્રવચન વર્ષ ૨ જુ અંક ૨૪

તા. ૨૯-૩-૧૯૩૦

બેસો પંચ

મુની છ કાયના રક્ષક છે એજ માટે મુનીએ પાટે બેસવાનું છે છમાંથી એકેને મારવાની સલાહ સાધુથી આપી શકાય એમ નથી.

૮૮ શત્રુ મીત્ર

જૈન પ્રવચન ૨૬-૩-૧૯૩૯ વર્ષ ૧૦ અંક ૨૫ પા. ૩૧૩

જૈન દયા પા. ૪૩

જ્ઞાતા મહાપુરૂષો ફરમાવે છે કે આત્મા જ આત્માનો **મીત્ર** છે અને આત્મા જ આત્માનો શત્રુ છે અજ્ઞાન અને મીથ્યા દ્રષ્ટી આત્મા પોતાના આત્માનો શત્રુ બને છે જ્યારે જ્ઞાની અને સમ્યગદ્રષ્ટી મહાત્મા પોતે જ પોતાના આત્માનો મીત્ર બને છે.

૮૯ સંઘ

જૈન દયા પા. ૪

૧ જૈન પ્રવચન વર્ષ ૪ અંક ૨૬ પાનું ૩૧૨ ૧૦૯૦, વીતરાગના સંઘનો અર્થનો એકજ છે કે મુકતીનો અર્થી

સીદ્ધચક્ર તા. ૩-૪-૧૯૩૫ પાનુ ૨૮૭

૨ જ્ઞાન દર્શન અને ચારીત્રયના ગુણથી શોભતા એવા સાધુઓનો બધો સમુદાય તે **સંઘ** કહેવાય.

૯૦ સંવર

જૈન સાધુ પા. ૯૬

નરભોવઓળખાણું

મંગલાણુંચ

સંવર નીર્જરાથી છુટા થવામાં બળાપો સીદ્ધચક્ર વર્ષ ૧૮૩ અંક ૨૩મો સં. ૧૯૮૯ ભાદરવા સુદ ૧૫ સોમવાર તા. ૪–૯–૩૩ આગમોદ્ધારક શ્રીમદ આચાર્ય દેવ સાગરાનંદ સુરીશ્વરજીની અમોઘ દેશના પાનું ૫૨૯.

સંવર બંધ થાય અર્થાત સંવરથી છુટા થાય તો આનંદ આવવો ન જોઇએ પણ હજી તેમાં (સંવરમાં) જે આનંદ આવવો જોઇએ તે આનંદ આત્માને આવતો નથી તેથી **બળાપાની** જગ્યાએ આનંદ અને આનંદની જગ્યાએ બળાપો ગોઠવાઈ ગયો છે સામાયક એ જ મારે તો હંમેશ માટે કરવાનું હતુ એમ સામયક કરવામાં જ મારે ફાયદો હતો.

૯૧ સંજમ જાત્રા

૧ દેવસી રાઈ પ્રતીક્રમણ સુત્રાણી છપાવનાર શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ

સુખ સંજમ જાત્રા નીર્વહો છોજી.

૨ જૈન પ્રવચન વર્ષ–૮ મું અંક ૪૨ પાનુ ૫૪૬ તા. ૯–૫–૩૭ જૈન સાધુ પા. ૯૩ સાધુઓ માટે **સંયમ જાત્રા** ઉત્તમોત્રમયાત્રા છે.

૯૨ સંસાર

૧ વીર શાશન જુનુ વર્ષ ૨૦ નવું–૧૭ તા. ૬–૧–૧૯૩૯ પાનુ. ૨૨૫–૨૨૬ શંવત ૧૯૯૫ પોશ વદ ૧૨ રવીવાર ગામ નીપાણી (દક્ષીણ) અંક. ૧૪ જૈન સાધુ

૫૬મં હુવાઇ મંગલ

સં૦ પા૦

પ્ર. ઘ ફરમાવનાર આચાર્ય શ્રીમદ વિજય રામચંદ સુરીશ્વરજી મહારાજ ૩ આ **સંસાર** એ દુઃખનો દાવા નળ છે

૨ જૈન દયા પા. ૩૬ જૈન પ્રવચન તા. ૩૦-૫-૧૯૩૭ પાનું ૫૭૦ અનંત જ્ઞાનીઓ સંસાર ને એળીયાના ટુકડા જેવો જણાવે છે **સંસાર** એટલે દુઃખનો પાર નહી અને વાસ્તવીક સુખનું નામ નહી.

૩. જૈન પ્રવચન તા. ૨૭–૩–૧૯૩૮ પાનુ ૩૬૫ જૈન દયા ૩૭ સઘળી જાતીના વીષમતાઓનું **સંગ્રહસ્થાન** એનુ નામ જ સંસાર છે.

૪ જૈન પ્રવચન તા. ૧૯–૩–૧૯૩૯ વીવેકીને સંસારનુ સુખ ઇષ્ટ ભાસે જ નહી,

૫ તે એકાન્તીક જે સુખમાં દુખનો એક અંશ પણ ન હોય અને આત્યન્તિક (જે સુખ કોઇ પણ કાળે વીનાશને પામનારૂં ન હોય) સુખ સંસારમાં છે જ નહી તેવું સુખ તો માત્ર મોક્ષમાં જ છે.

૬ જૈન પ્રવચન વર્ષ ૫ અંક ૪ તા. ૧૧–૬–૧૯૩૩

જૈન દયા પા. ૩૭

સુરપણાના સુખો અને મનુષ્યપણાના સુખો એ આત્માને દુઃખ ભાસે છે.

પંચસમીઓ ત્રીગુપ્તી

પચ્ચખાણો

જૈન દયા પા. ૩૭

(જૈન પ્રવચન તા. ૧૧-૬-૧૯૩૩ પાનું ૪૬
૭ સંસાર એ અસાર છે આત્મા સાથે પરનો યોગ એ સંસાર)

૮ જગતના બ્રાહ્મપદાર્થમાં સુખ આપવાની તાકાત નથી.

૯ જૈન પ્રવચન તા. ૨૫-૬-૧૯૩૩ પાનુ ૭૧

આત્મા અને જડનો સંયોગ એજ **સંસાર** અને જડથી આત્માનો વીયોગ તેનું નામ મુક્તી છે તથા જડ અને ચેતનના યથાસ્થિત સ્વરૂપનો વીવેક તેનું નામ સમ્યગદર્શન

૯૩ સાધુ

૧ જૈન સાધુ પા. ૬ જૈન પ્રવચનકાર શ્રીમદ વિજયરામચંદ્ર સુરીશ્વરજી મહારાજ વર્ષ ૧૦મું અંક ૧૨-૧૩ પા. ૧૫૭ તા. ૨૩-૧૦-૧૯૩૮ સં. ૧૯૯૪ આશો વદ ૦) રવીવાર હીંસા, અસત્ય, ચોરી, મૈથુન અબ્રહ્મચર્ય અને પરીગ્રહ એ પાંચે **પાપ** છે એ પાંચેનો જીવનમાંથી સર્વથા **ત્યાગ કરે અન્યને એ પાંચેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે અને જેઓ તે પાંચેનો ત્યાગ કરે તેઓને જ સારા માને તેનામાંજ સાચુ સાધુપણું સંભવે છે.**

કસ્સાયમુક્ક્રી

પણાસણો.

જૈન દયા પા. ૨

સાધુ

૨ જૈન પ્રવચન વર્ષ ૧લુ અંક ૩૩મો સં. ૧૯૮૬ મહા સુદ ૪ રવી તા. ૨–૨–૩૦ પાનુ ૩૮૧ આત્મહીતની સાધના કરે તે સાધુ દુનીયાના સઘળા સંયોગ તજી કેવળ મોક્ષની સાધનામાં રહે, એનેજ નમસ્કાર કર્યા છે સામાન્યને ત્યાં સ્થાન નથી.

જૈન દયા પા. ૨

૩ જૈન પ્રવચન વર્ષ ૪થુ અંક ૫મો પાનુ ૫૮ તા. ૧૦–૭–૩૨ ગુરૂ તેજ છે કે જે એ આધિ, વ્યાધિ, ઉપાધી રૂપ સંસારનો ત્યાગ કરી બીજાને તેનો ત્યાગ કરવા સમજાવે છે.

જૈન દયા પા. ૩

૪ જૈન પ્રવચન તા. ૧૫–૪–૧૯૩૪ પાનુ ૫૧૧ અમીઝરણા ભોગમાં રહેલા અને ભોગને સારો માનનારો **ધર્મી** નથી તેમ ભોગને સારો કહેનારો **ધર્મગુરૂ** નથી.

૫ જૈન પ્રવચન તા. ૨૩–૧૨–૩૪ પાનુ ૩૪૯ **સાધુથી** ફંડ ઊઘરાવાયજ નહીં

જૈન પ્રવચન ૨૬–૩–૩૯ પાનુ ૩૦૩ ૩૦૪.

પંચમહાવયજુત્તો

પંચીદીય

જૈન પ્રવચન પા. ૩

સાધુ

૬ સાધુ ભગવન્તો સદાય મનોગુપ્તી વચન ગુપ્તી અને કાય ગુપ્તીથી ગુપ્ત રહે છે પ્રાણી માત્રના હીતૈષી ઈર્યા સમીતી આદી પાંચે સમીતીઓના પાલનમાં ખુબજ ઊધુકત હોય છે પ્રાણાતીપાત વીરમણાદી છએ વ્રતો પાલન પોતાના જીવની માફક કરવામાં સદા સજ્જ રહે છે.

જૈન દયા પા. ૩

૭ પ્રાણાતીપાતાદિ વીરમણના પરીણામ રૂપ વીશુદ્ધ ચારીત્ર ધરનારા સમીતી ગુપ્તી આદિ પાલન કરનારા સાધુ ભગવન્તો પંચમપદે પુજ્ય છે.

જૈન દયા પા ૨

સાધુ

૮ જૈન પ્રવચન તા. ૨૩-૪-૧૯૩૯ વર્ષ ૧૦ અંક ૨૮મો.

હીંસા, અસત્ય, ચોરી, મૈથુન-અબ્રહ્મચર્ય અને પરીગ્રહ આ પાંચે પાપ છે આ પાંચેનો જીવનમાંથી સર્વથા ત્યાગ કરે, અન્યને એ પાંચેનો ત્યાગ કરવાનોજ ઉપદેશ આપે અને જેઓ પાંચેનો ત્યાગ કરે તેઓનેજ સારા માને તેનામાંજ સાચું મુનીપણું ટકી શકે છે.

સંવરણ.

તહુનવાંરહ

જૈન ધર્મ

સાધુ

૯ રતાંધળાને દીનમાં સુજે દીનાંધને રાત્રે સુજે પણ જન્માંધને જરા પણ સુજે નહી. પંચાગી પા. ૧૭ વીર શાશન તા૦ ૨૬ જુલાઈ ૧૯૪૦ પા. ૬૦૭

પ્રશ્ન=કેવળ પરોપકારના કાર્યો માટે જ સાધુ ધનનો સંચય કરે તો ગુણકારી ખરો કે નહી?

ઊત્તર=સર્વ સાવદ્ય અને આરંભાદિના પચ્ચખાણ કરી પારકા માટે આરંભ કરૂ છુ એમ કહેનાર માંશની વીરતી કરી અન્ય શબ્દથી માંશ ખાનારની જેમ બેવડું પાપ કરનારો છે એક માશ ખાવાનું બીજું તેને છુપાવવાનું પરીગ્રહનો સંચય સ્વભાવથી **સાવદ્ય** છે પછી તે **સ્વ માટે હો કે પર માટે.** વિષનુ નામ મધુર પાડવાથી કે ફોડલીનું નામ શીતલા પાડવાથી તે મધુર કે શીતલ બની જતા નથી ધન સંચયાદી પરિગ્રહ સ્વભાવથી જ **સાવદ્ય અને અશુભ પરિણામ જનક છે.**

અગ્ની સન્ની હીત કાષ્ટ ને દહે છે તેમ **અગ્ની સમાન** પરીગ્રહ અશુભ પરીણામ રૂપી દાહ વડે સંયમ રૂપી કાષ્ટને બાળી નાંખે છે ગ્રહવાસાદીનો પરિત્યાગ કર્યા બાદ ફરી અન્યનિમી-તે જેઓ ધનાદિનો સંચય કરે છે તેઓ લાખો ભવોએ દુર્લભ એવા મહા મુલ્યવાન **ચારીત્ર રત્નને** વેચી પરિગ્રહ રૂપી અસાર એવા કાચ મણીને ખરીદ કરે છે.

બંભેચર

સાધુપણુ લેતાં ધન સંચય કરૂ નહી ધન સંચય કરાવું નહી ધન સંચય કરનારને અનુમોદુ નહી એમ પચખાણ સાધુને હોય છે.

જૈન દયા પા. ૭૦

૯૪ સાવદ્ય નિરવધ

શ્રીમદ માણેક મુનીજી પાછળથી શ્રીમદ માણેકસુરીજી શ્રી આચારંગ સુત્ર મુળ નીર્યુકતી અને ટીકાના ગુજરાતી ભાષાંતર પાનું ૨૬૧

૧ જેને **સાવદ્ય** નીર્વદ્ય વચનનું જાણપણું નથી તેને બોલવાનો પણ અધિકાર નથી તો તેને ઉપદેશ આપવાનો અધીકાર કયાંથી હોય ?

૨ સારાંશ=ઉપદેશ આપવા પ્રભુની આજ્ઞાનથી કારણ કે સાધુપણું પચખ્યું ત્યારે સાવદ્ય જોગનો તીવીહેણું તીવીહેણું પચખાણ કર્યાં છે તેથી **મન વચન કાયાથી** જૈન સાધુ હોય તેનાથી **શાવદ્ય જોગ** સેવાય નહી.

શાવધ નીરવધ

જૈન દયા પા. ૪

૩ જૈન પ્રવચન વર્ષ. ૧લુ અંક ૮મો તા. ૪-૮-૧૯૨૯ અશાડ વદ ૧૪ રવીવાર પાનુ. ૧૨

સાવદ્ય એટલે પાપવાળા અને નીરવધ એટલે પાપ વગરના પાપ વગરના જેટલા પરીવર્તન થાય તેટલા શીર-સાવંદ પાપ વગર જેટલા પરિવર્તનમાં જીનેશ્વરની આજ્ઞાનો અમલ જ છે અહીં પરીવર્ત્તનનો વીરોધ નથી વીરોધ

ગુત્તીધરો

ચઊવીહ કસાયમુક્કો
પાપનો છે પાપનો વીરોધ તો ધર્મી માત્રને હોવો જોઇએ

૪ જૈન પ્રવચન તા. ૨૨—૯—૨૯ પાનુ ૧૫૨

સર્વ સાવધ નહી, માત્ર બે ઘડી પર્યંતના સાવધના ત્યાગવાળો સામાયિકમાં રહેલો દેશવીરતી શ્રાવક પણ દુનીયાદારીની વાત પણ ન કરે, પૈશા મુકવાનુ, પાણીનો લોટો ભરવાનું, મહેમાન માટે ગાદી પાથરવાનું ન કહે.

શાવઘ

જૈન સાધુ પા. ૯

પ્રશ્ન ૪૭૪ સમાધાન=શ્રી સીધચક્ર પાનુ ૪૬૪ ગ્રહસ્થાશ્રમ એ સાવદ્ય હોવાથી ખોટો છે એ સીદ્ધાંત છે

૯૫ સ્યાદવાદ

જૈન દયા પા. ૪૮

જૈન પ્રવચન તા. ૨૯—૯—૨૯ રવી વર્ષ ૧ લું અંક ૧૫ પાનુ ૧૫૭ મુ બધામાં પોલ રાખે, એ સ્યાદવાદ નહી પણ કુદડીવાદ કહેવાય એક વસ્તુને જે જે સ્વરૂપ હોય તે તે સ્વરૂપે ઘટાવવી એનું નામ સ્યાદવાદ છે સ્યાદવાદના નામે ગમે તેમ ચલાવનારાઓ ખરેખર શ્રી જૈનશાસનના વેરી છે.

શાસ્ત્રોમાં કહ્યું છે તે કરતાં નથી ૯૬

જૈન સાધુ પા. ૯૪

જૈન જ્યોતી વધારો ૨ પાનુ ૪ તા. ૫—૪—૩૪ સોમવાર સંવત ૧૯૯૦ ફાગણ વદ ૩ સાધુ સંમેલન અમદાવાદ શ્રી વીજયવલ્લભસુરીજી=આપણે કેટલાંક એવા

એહ અઠ્ઠારસ ગુણેહી

સંજુતો
આચરણ કરીએ છીયે જે શાસ્ત્રમાં કહ્યા નથી અને કેટલીક
વાતો શાસ્ત્રોમાં કહેલી છે તે **પણ કરતા નથી.**

૯૭ શામાયક

જૈન દયા પા. ૩૯

૧ જૈન પ્રવચન તા. ૨૦-૩-૧૯૩૨ રવીવાર પા. ૪૮૭ હે ભગવાન પાપ વ્યાપારોનું પચ્ચકખાણ કરૂં છું એટલે કે એક પણ પાપ વ્યાપાર નહી કરવાની પ્રતીજ્ઞા કરૂં છું તે પણ જીંદગીભરને માટે અને તે પણ તીવીહેણું તીવીહેણું એટલે કે મન, વચન, કાયાથી પાપ પ્રવૃત્તી **નહી કરૂં, નહી કરાવું** અને કરનારને **અનુમોદન પણ નહી આપું.**

૨ જૈન પ્રવચન વર્ષ ૪ થું અંક ૨૦ મો પા. ૨૪૦ સમગદ્રષ્ટી શ્રાવક સામાયકમાં બેઠો હોય તે વખતે પોતાનો છોકરો છેલ્લી ઘડીએ હોય તો એ શ્રાવક એને નીર્યામણા કરાવે પણ બીજી કોઈ સાવદ્ય પ્રવૃ-તી ઓછી જ કરે.

૯૮ શ્રાવકપણાનું લીલામ

જૈન દયા પા. ૪૪

જૈન પ્રવચન તા. ૨-૩-૧૯૩૦ પાનું ૪૨૪

શ્રાવકપણું ભુલી, પોતાની સાચી સ્થિતિ ચુકાય અને મન કલ્પિત રીતે **શંશારની ક્રીયા** વધારનારા ઠરાવ કરવા અને **મોહ** કાર્યવાહી વધારવી **એ** તો **રહ્યા સહ્યા શ્રાવકપણાનું લીલામ** છે.

પંચમહાવય

ત્રુટા।

૯૯ શ્રાવક પરીગ્રહી

જૈન દયા પા. ૬

જૈન પ્રવચન વર્ષ ૧લું અંક ૯મો તા. ૧૧–૮–૧૯૨૯ રવીવાર શ્રાવણ સુદ ૭ પાનું ૭૪૩

ચોસઠ પહોરનો પોષો કરનાર ગૃહસ્થ પણ આઠ દીવસનું મીલ્કતનું ભાડું વ્યાજ ખાય કે મૂકી દે? પોષધમાં શ્રાવક ગમે એવો અપરીગ્રહી છતાં પરીગ્રહ ચાલુ આવે, આઠે દહાડાની કારવાઈ કહીને આવે, નવમે દહાડે જાય ત્યારે પુછે.

૧૦૦ શાધુ ગ્રહસ્થમાં અંતર મેરૂ શરશવ જેટલો

જૈન દયા પા. ૨૧

જૈન પ્રવચન તા. ૧૧–૮–૧૯૨૯ પાનુ ૫

શ્રાવકના વ્રતોના ભાગા ક્રોડોની સંખ્યામાં પણ સાધુ ને માટે એકજ **તાતીહેણું તીતીહેણું** એમાં ભેદ મેરૂ સરસવ જેટલો.

૧૦૧ શાધુ શાધવી ભેગા

સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ સીદ્ધચક્ર વર્ષ–૨ અંક ૨૦ મો પા. ૪૭૮ તા. ૨૬–૭–૩૪ ગુરૂવાર

૧ શેક્ષ=નવદીક્ષીતને સાધ્વી ને ઉપાશ્રયે સંતાડવાનો અધીકાર છે ૧–૪–૧૪૦ ૧–૪–૧૮૧ ને ૧–૪–૧૮૩ ની ગાથા વીચારવી

પંચ વીહાયાર પાલણ સમથ્થા

પંચ સમીઓ ત્રીગુત્તો

૨ શ્રીમદ આચાર્ય આગમોદ્ધારક સાગરાનંદ સુરીશ્વરજી મહારાજ અમદાવાદના વાખ્યાન સાંજ વર્તમાન તા. ૧૯ અકટોબર ૧૯૨૮ પા. ૫ અમે નવ દીક્ષીત મુનીને સંતાડીએ અને તેને કોઈ પાછો પકડી જાય એવું લાગે તો તેને સાધવી ના કપડા પહેરાવી ને સાધવીને ઉપાશ્રય માં સંતાડીએ તેમજ તેની સેવા સાધવી કરે તો પણ તેનો કોઇ પણ દોશ અમને લાગતો નથી.

૧૦૨ સીદ્ધી

જૈન દયા પાનું ૪૬

જૈન પ્રવચન તા. ૨૬–૧૧–૧૯૩૩ પાનુ ૩૧૪

ધર્મની સીધ્ધી થયા પછી અર્થ અને કામની સીદ્ધી નીશ્ચત છે.

૧૦૩ સુત્રાભ્યાશ

૧ શ્રી સીદ્ધચક્ર તા. ૩–૫–૧૯૩૫ પા. ૨૮૫ વર્ષ ૩ અંક ૧૨

સાધુપણા સીવાય સુત્રાભ્યાશ નહી.

૧૦૪ યોગ્ય નથી

જૈન દયા પા. ૪૯

જૈન પ્રવચન તા. ૯–૫–૧૯૩૭ પા. ૫૪૬

સાધુઓને ઊદેશીને અન્નપાનની જોગવાઈ કરવી એ યોગ્ય નથી.

એ છત્રીશ ગુણે ગુરૂમઝઝ

સમાપ્ત

જૈન ધર્મ સમજવા નીચેના વીશ પ્રશ્ન સમજવા જરૂરી છે લોકીક અને લોકોત્તર કાર્ય સમજો.

૧ શ્રીમદ આચાર્યજી કરે
૨ શ્રીમદ ઉપાધ્યાયજી કરે
૩ શ્રીમદ સાધુજી કરે
૪ શ્રીમદ આચાર્યજી ન કરે
૫ શ્રીમદ ઉપાધ્યાયજી ન કરે
૬ શ્રીમદ સાધુજી ન કરે
૭ શ્રાવક સામાયકમાં કરે
૮ શ્રાવક પોષામાં કરે
૯ શ્રાવક ઉપધાનમાં કરે
૧૦ શ્રાવક સામાયકમાં ન કરે
૧૧ શ્રાવક પોષામાં ન કરે
૧૨ શ્રાવક ઉપધાનમાં ન કરે
૧૩ લોકીક કાર્ય છે
૧૪ લોકોત્તર કાર્ય છે
૧૫ કરે તો કોણ
૧૬ ન કરે તે કોણ
૧૭ ધર્મ છે
૧૮ ધર્મ નથી
૧૯ વ્રતમાં છે
૨૦ અવ્રતમાં છે

પાંચસો મણ સચીત્ત ચણા અડદ, જુવાર, મગ તૈયાર છે એક ઓઘો જૈન સાધુ નાંખે તો પાંચશો મણ

ગૌશાલા, પાંજરાપોળમાં નાખવા તૈયાર છે દયા, દાન બંન્ને માલમ પડશે વખત દહાડો, જગ્યા નકકી કરી લખવા મહેરબાની કરશો શ્રી પ્રવચનકાર શ્રીમદ વિજય રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ છે.

શ્રી સિધ્ધચક્ર સમાધાનકાર શ્રીમદ સાગરાનંદ સુરીશ્વરજી મરારાજ છે.

પંચાંગી વાણી–નિર્યુક્તિ

(લે. ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી)

જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં ઘણાં વરસોથી પિસ્તાલીશ આગમો–સૂત્રોને માન્ય રાખેલાં છે. પ્રાચીન કાળમાં તો તો આવાં ચોરાશી આગમો હતાં. પછીથી બહોંતેર રહ્યાં. છેવટે સકલ સંઘે પિસ્તાલીશ આગમોની યાદી નક્કી કરીને તેને વીતરાગની વાણી તરીકે કબૂલ રાખ્યાં. પણ કોઈ છેતાલીશમું આગમ આજ સુધીમાં સ્વીકારવામાં આવ્યું નથી. હાલમાં 'મહાકલ્પસૂત્ર'ને આગળ ધરવામાં આવે છે પણ તેનું નામ પિસ્તાલીશ આગમોની યાદિમાં નહિ હોવાથી તે પાછળથી કોઈએ બનાવી કાઢેલું છે માટે કબૂલ રાખી શકાય તેમ નથી. પિસ્તાલીશ આગમોમાં 'મહાનિશિથ' સૂત્ર તો ઉધઈ વડે ખવાઈ ગયું હતું, પાનાં ચોટી ગયાં હતાં. એથી અસ્તવ્યસ્થ અવસ્થામાં–અપૂર્ણ સ્થિતિમાં મળી આવ્યું હતું તેમાં આઠ આચાર્યોએ મળીને નવેસરથી સુધારો વધારો કરીને નવેસરથી

'મહાનિશિથ' સૂત્ર બનાવ્યું માટે તે પણ પ્રમાણભૂત નથી. પિસ્તાલીશ આગમોમાં કેટલાંક આગમો એવાં છે કે નંદીસૂત્રની યાદીમાં એમનું નામજ નથી. તેમજ કેટલાંક સૂત્રો ઉપર પૂર્વાચાર્યોએ આજ સુધીમાં ટીકા, વગેરે કાંઈ રચેલ નથી એટલે કે જેમની પંચાંગીનો પત્તોજ નથી. એથી એવાં સૂત્રોને પણ માન્ય શી રીતે રાખી શકાય? આવી જાતનાં શંકા ભરેલાં સૂત્રોની સંખ્યા તેરની થવા જાય છે. એથી જ માનવાને કારણ મળે છે કે ધર્મસંશોધક શ્રી લોંકાશાહે બત્રીશ સૂત્રોને વીતરાગ દેવની વાણી તરીકે સ્વીકારેલ છે.

જે મૂળ સૂત્રો ઉપર ટીકા, ચૂર્ણિ ભાષ્ય, નિર્યુક્તિ, અવચૂરિ, વગેરે પંચાંગી વાણી તરીકે રચાએલ છે તે રચનારા સઘળા છદમસ્થ આચાર્યો હતા. આવા આચાર્યોમાંથી કોઈ પણ આચાર્ય ચૌદ પૂર્વધર કે દશ પૂર્વધર ન હતા. એટલે કે શ્રુતકેવલી ન હતા. એથી એમની વાણીને શ્રી વીતરાગ દેવની વાણી તરીકે કોઇ સ્વીકારી શકે નહિ. પણ જેટલી હકીકતં મૂળસૂત્રને અનુકુળ હોય કે દ્વાદશાંગી વાણીને અનુકુળ હોય તેટલી સ્વીકારવામાં તો કોઇને વાંધો જ ન હોય. પંચાંગી વાણીમાં મુખ્ય 'નિર્યુક્તિ' છે. કેટલાક પીળા કપડાવાળા જૈન મુનિઓ કહે છે કે 'નિર્યુક્તિ'ઓ તો ચૌદ પૂર્વધર ભગવાન ભદ્રબાહુ સ્વામીએ રચી છે માટે તે પ્રમાણભૂત ગણવીજ જોઈએ. આ વસ્તુ ઉપર વિચાર કરવો ઘટે છે.

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી તો વીર નિર્વાણ

પછી એકસો સિતેર વરસે સ્વર્ગે સિધાવ્યા. આ ભદ્રબાહુ સ્વામી તો શ્રુતકેવલી હતા અને શ્રી યશોભદ્રસૂરિજીનાં શિષ્ય હતા. પ્રખ્યાત મૌર્યવંશીય ચંદ્રગુપ્ત મહારાજાના ગુરૂ પણ એજ હતા. શ્વેતાંબર જૈનો કહે છે કે શ્રી ભદ્રબાહુ સ્વામી શ્વેતાંબર જૈન હતા અને દિગંબર જૈનો કહે છે કે દિગંબર જૈન હતા. એમના જીવન ઉપર ઘણા આચાર્યોએ લખ્યું છે. આમાં 'પરિશિષ્ટ પર્વ'માં જે ઉલ્લેખ છે તે ઘણો જૂનો છે. આ ગ્રંથમાં તો શ્રી ભદ્રબાહુ સ્વામીએ 'નિર્યુક્તિ'ઓ રચી છે એવું કોઈપણ સ્થળે વાંચવામાં આવતું નથી. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા પ્રખર વિદ્વાન આ વાતનો ઉલ્લેખ જ કરતાં નથી!

બીજી બાજુથી એવું કહેવામાં આવે છે કે શ્રી ભદ્રબાહુ સ્વામીને 'વરાહમિહિર' નામનો એક ભાઈ હતો કે જે જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત હતો. પ્રબંધ ચિંતામણિ ગ્રંથમાં શ્રી મેરૂતુંગાચાર્યજી એ વાતને ટેકો આપે છે. વરાહ-મિહિરના રચેલા જે ગ્રંથો મળી આવે છે તેમાંથી 'પંચસિદ્ધાં-તિકા'માં તેની રચનાનો સમય શાકે ૪૨૭નો બતાવે છે. એથી વિદ્વાનોએ નકકી કર્યું છે કે વહારમિહિરનો સમય ઈ. સ. ૫૦૫થી ૫૮૫ સુધીનો છે. શ્રી ભદ્રબાહુસ્વામીના નામથી મળી આવતા કોઈ પણ ગ્રંથ કે નિર્યુક્તિમાં શક કે સંવત દરશાવેલજ નથી. માત્ર પર્યુષણ પર્વમાં વંચાતા બારસા સૂત્ર–કલ્પસૂત્રમાં 'આજે નવસે એંશીમું વરસ વીર ભગ-વાનને નિર્વાણ પધાર્યાને ચાલે છે' એટલુંજ મળે છે. પણ પ્રબંધ ચિંતામણિમાં શ્રી મેરૂતુંગાચાર્યજી તો ભદ્રબાહુ

સ્વામીને નાના ભાઈ તરીકે વર્ણવે છે. કહે છે કે શ્રી કલ્પસૂત્ર તો શ્રી દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન છે. પણ એને માટે કોઈ પાકું પ્રમાણ મળી આવતું નથી. તેમજ કલ્પસૂત્રની પટાવલીમાં સતાવીશમી પાટે દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણનું નામ આવે છે અને એમની ખુબ પ્રશંસા આવે છે. માટે શ્રી કલ્પસૂત્રની રચના શ્રુતકેવલિ શ્રી ભદ્રબાહુસ્વામીએ કરી નથી પણ બીજા ભદ્રબાહુસ્વામીની રચના છે. એજ પ્રમાણે વરાહ મિહિરના ભાઈ શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિઓ રચી માટે નિર્યુકાર તે શ્રુત કેવલી ભદ્રબાહુસ્વામી નહિ પણ બીજા ભદ્રબાહુ વિક્રમની છઠ્ઠી, સાતમી સદીમાં હૈયાત હતા. જાતે બ્રાહ્મણ હતા. 'સમ્યકત્વ સપ્તતિકા વૃત્તિ'માં શ્રી સંઘ તિલક સૂરિજી કહે છે કે "ભદ્રબાહુ નામ માહણો હુત્થા વરાહમિહરો નામ સહોદરો" ભદ્રબાહુ નામે બ્રાહ્મણ હતા અને એમને વરાહમિહિર નામે ભાઈ હતો. એજ પ્રમાણે 'ઉવસગ્ગ હરસ્તોત્ર વૃત્તિ'માં શ્રી જિનપ્રભસૂરિજી પણ કહે છે. એથી સ્પષ્ટ માનવું પડે છે કે વીર નિર્વાણ પછી એકસો સિ-તેર વરસે સ્વર્ગે સિધાવેલા શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી જુદા અને નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામી કે જે વરાહમિહિરના ભાઈ હતા તે જુદા બીજા ભદ્રબાહુ સ્વામીએજ વિક્રમની છઠ્ઠી સાતમી સદીમાં 'નિર્યુક્તિ'ઓ વગેરે રચેલ છે.

હવે આપણે 'નિર્યુક્તિ'ઓ તરફ જોઈએ. ઓઘ નિર્યુક્તિમાં શરૂઆતમાં જ કહે છે કે "અરિહંતે વંદિત્તા,

ચઉદ્દસ પુવ્વી વદસ પુવ્વી; એક્કાર અંગ સુત્ત ધારઓ સવ્વ સાહુઅ" આમાં ચૌદ પૂર્વધર, દશ પૂર્વધર, વગેરેને નમસ્કાર કરેલા છે. તો ઉપલી હદે પહોંચેલો નીચલી હદે બિરાજતાને કેમ નમસ્કાર કરે ? ટીકાકારને પણ શંકા થઈ છે. ઉપરાંત આવશ્યક નિર્યુક્તિની ગાથા બસેં ત્રીશમાં વજ્રસ્વામીની હકીકત આવે છે પણ શ્રી વજ્રસ્વામીનો જન્મ તો વીર નિર્વાણુ પછી ચારસેં છનું વરસે થયો હતો અને પાંચસે ચોરાશીમાં સ્વર્ગવાસ થયો હતો. એજ રીતે આ 'નિર્યુક્તિ'માં નિહ્નવોની હકીકત આવે છે. બસેંછત્રીશમી ગાથામાં 'અવ્વત્તાસાઢાઓ'–અવ્યક્તવાદી આષાઢાચાર્ય થયા. પણ તે તો વીર નિર્વાણુ પછી બસેંચૌદ વરસે થયા છે. એજ ગાથામાં 'સામુચ્છે'–સામુચ્છેદિક નિહ્નવ થયાનું કહે છે પણ તે તો વીર નિર્વાણુ પછી બસેં વીશ વરસે 'અસ્સમિત્તાઓ' અશ્વમિત્રાચાર્યશ્રી થયા. 'છલુગ્ગ તેરાસિયાણુ' ષડુલ્લુકાચાર્યજી ત્રૈરાશિક નિહ્નવ થયા, પણ તે તો વીર નિર્વાણુ પછી પાંચસેં ચુમાલીશ વરસે થયા છે. બસેં ચાલીશમી ગાથામાં કહે છે કે 'છચ્ચેવ સયા નવુત્તરા હુંતિ' વીર નિર્વાણુ પછી છસેં નવ વરસે રથવીરપુર નગરમાં બોટિક–દિગંબર થયા. આ જોતાં આ 'નિર્યુક્તિ'ઓ શ્રુત-કેવલી ભદ્રબાહુ સ્વામીએ રચી નથી. કારણુ કે શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી તો વીર નિર્વાણુ પછી એકસો સિતેર વરસે સ્વર્ગે સિધાવ્યા. અને 'નિર્યુક્તિ'માં તો વીર નિર્વાણુ પછીથી છસેં નવ વરસે બનેલા બનાવની વાતો કરી છે અને એમાં ભવિષ્યકાળ વાપર્યો નથી. એટલે કે 'થશે'

એમ લખ્યું નથી પણ ભુતકાળ વાપરેલો છે એટલે કે થઈ ગયા કે થયા એમ લખ્યું છે. માટે વીર નિર્વાણ પછી છસેં નવ વરસ પછી કે તે અરસામાં બીજા ભદ્રબાહુસ્વામી કે જેમને પ્રખ્યાત જ્યોતિષી વરાહમિહિરના ભાઇ તરીકે જૈન ગ્રંથકારો બતાવે છે એમણે નિર્યુક્તિઓ વિક્રમની છઠ્ઠી કે સાતમી સદીમાં રચેલી છે. અને પર્યુષણ પર્વમાં બહુજ ભક્તિભાવપૂર્વક વંચાતુ શ્રી કલ્પસૂત્ર કે જે ભદ્રબાહુસ્વામીએ રચેલું કે ઉદ્ધારેલું કહેવાય છે તે આજ બીજા ભદ્રબાહુ સમજવા.

આથી સ્પષ્ટ સમજાય છે કે કેટલાક જૈન ભાઇઓ અને જૈન પંડિતો વરસોજુની વાતો કહેતા આવ્યા છે કે શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીએ 'નિર્યુક્તિ'ઓ રચી છે માટે તે પ્રમાણભુત છે. વીતરાગની વાણી જેટલી પવિત્ર છે. આ તેમનું કથન માનવા યોગ્ય નથી. કારણ કે પુરાવાથી સાબિત થાય છે કે શ્રી ભદ્રબાહુ સ્વામી કે જેમણે નિર્યુક્તિઓ રચી છે તે તો બીજાજ ભદ્રબાહુ સ્વામીની છે અને એ તો વિક્રમની છઠ્ઠી સાતમી સદીમાં થયા છે. તેઓ શ્રુતકેવલી ન હતા, માટે તેમની વાણીને વીર પ્રભુની વાણીની સાથે સરખાવી શકાયજ નહિ. કેટલાંક સૂત્રો ઉપરની 'નિર્યુક્તિ'ઓને ભાષ્યકારોએ ભાષ્યની ગાથાઓમાંજ અપનાવી લીધી. એથી સાબિત થાય છે કે 'નિર્યુક્તિ' પછી ભાષ્યો રચાયાં છે. ચૂર્ણિઓ રચાઈ છે અને ટીકાઓ થઈ છે. આ સઘળું શ્રુતકેવળ છદમસ્થ આચાર્યો પ્રણિત હોવાથી એની સરખામણી વીર પ્રભુની પવિત્ર વાણી સાથે

થઈ શકે જ નહિ. છદ્મસ્થ ગમે ત્યારે ભૂલ કરી બેસે તે કહી શકાય નહિ. છતાં આવા મહા પ્રતિભાશાલી છદ્મસ્થોની વાણીમાંથી જેટલું દ્વાદશાંગી વાણીના મુળ પાઠને અનુકુળ હોય તેટલું સ્વીકારવાને લેશ પણ વાંધો હોઈ શકે નહિ.

"એક ભૂલ્યો, બે ભૂલ્યા એમ ભૂલ્યો સકલ સંસારજી." ઇતિહાસ ગણુનાની શોધખોળના અભાવે પૂર્વાચાર્યો 'નિર્યુક્તિ'કારને છદ્મસ્થપણાને દોષે ચૌદ પૂર્વધર કે શ્રુત કેવલી તરીકે લખતા આવ્યા છે. દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં 'સયલસુયનાણિં' સકલ શ્રુતના જાણકાર કહેલા છે. આચારાંગ સૂત્રવૃત્તિમાંશીલાંકાચાર્યજીએ ચૌદ પૂર્વધર કહ્યા છે. પિંડ નિર્યુક્તિવૃત્તિમાં શ્રી મલયગિરિજી મહારાજ પણ ચૌદ પૂર્વધર તરીકે ઓળખાવે છે.

આવા સંયોગોમાં માત્ર ભગવાને ભાખેલા મૂળ સૂત્રોજ આરાધન કરવા યોગ્ય છે. ભવજલ તારનારૂં એજ એક પવિત્ર સાધન છે. એ સાધન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને જે કોઈ ભવ્ય પોતાના આત્માની શોધ કરશે તેનું પરંપરાએ પરમ કલ્યાણ થશે.

૧૭૨, હોર્નબી રોડ, ફોર્ટ, મુંબઇ. તા. ૩૦-૪-૪૧

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૫	૧૨	નંદનમણીયાર	નંદનમણીયારે
૨૫	૧૭	તીર્થંકર	તીર્થંકર
૨૭	૧૧	દય	દયા
૨૮	૩	દુખો	દુઃખો
૨૯	૮	સવ નાશ	સર્વ નાશ
૩૨	૧૪	તીથકર	તીર્થંકર
૩૪	૧૨	પુલથાણા	કુલથાણા
૩૮	૧૫	હીસા	હીંસા
૪૩	૧૬	વષ	વર્ષ
૪૪	૪	સવ	સર્વ
૪૮	૧૭	વસ્તુનુ	વસ્તુનું
૫૫	૨૦	નીયમા કરનાર	નીયમન કરનાર
૫૬	૮	રૂલવુ	રૂલવું
૫૭	૯	પાપનુ	પાપનું
૫૭	૨૦	સાધુનોજ	સાધુનેજ
૬૦	૧૭	દેવડાવવુ	દેવડાવવું
૬૧	૧૩	કુટુબ	કુટુંબ
૬૧	૧૪	કુટુબ	કુટુંબ
૬૭	૧	સંવેલી	સંવેસી
૬૭	૨૨	દુખ	દુઃખ
૭૪	૧૫	સમકત્વ	સમ્યકત્વ
૭૪	૧૯	ચાલુ	ચાલ્યુ
૭૫	૬	સમદૃષ્ટિ	સમ્યગદૃષ્ટિ